ભૂમિપુત્ર

माता भूमि : पुत्रो अहं पृथिव्या :

Vol. 073 Issue No. 08 Date : 01-01-2026

## આ અંકમાં


| | | |
|---|---|---|
| વિનોબા | ૦૧ | આત્માને જાણીએ (૪) |
| અનુરાધા પ્રસાદ, અનુ. રાજેન્દ્ર દવે | ૦૫ | ગાંધીજી અને અરવિંદનો રાજ્યના સંબંધમાં આધ્યાત્મિક દૃષ્ટિકોણ (૫) |
| સુનીતા નારાયણ | ૦૯ | નવસ્થાનિકોનો ઉદય : ભાગ - ૩ |
| હરેશ ધોળકિયા | ૧૧ | લોકશાહીનો ઝીણો પણ મધુર ધ્વનિ! |
| નારાયણ દેસાઈ | ૧૨ | સત્યના પ્રયોગો અથવા આત્મકથા |
| - | ૧૫ | યુવા ફેર વિચાર શિબિર |
| વિભૂતિ પટેલ | ૧૬ | ઇન્ડિયા જેન્ડર રિપોર્ટ |
| ભદ્રા-વિક્રમ સવાઈ | ૧૮ | પુસ્તક પરિચય : જ્યોત સદા જલે |
| સંજય સ્વાતિ ભાવે | ૨૦ | ૨૦૨૫ વિશ્વવિજેત્રી ખેલાડીઓનું વર્ષ |
| અશ્વિનકુમાર ન. કારીઆ | ૨૨ | ‘જે પોષતું તે મારતું’ |
| ગૌરાંગ જાની | ૨૩ | કુપોષિત અને મેદસ્વી બાળકોનું સહિયારું ભારત |
| આશા વીરેન્દ્ર | ૨૪ | એક પિતાનું નૃત્ય |


(આ પેજ મૂળ અંકનો ભાગ નથી.)

યજ્ઞ પ્રકાશન

YAGNA PRAKASHAN SAMITI

https://www.bhoomiyagna.org

Published on 1st & 16th of Every Month

ભૂદાનમૂલક ગ્રામોદ્યોગપ્રધાન અહિંસક ક્રાંતિનું પાક્ષિક મુખપત્ર

**BHOOMIPUTRA**
Gujarati Fortnightly

ભૂમિપુત્ર

Price Rs.10, Annual Sub. Rs.200.
**Vol.73 Issue No.08 1948 Date : 01-01-2026**
Place of Publication : Bhoomiputra Karyalaya, Hujaratpaga, Vadodara - 390 001.

माता भूमि : पुत्रो अहं पृथिव्या :

# આત્માને જાણીએ (૪)

❍ વિનોબા ❍

## સર્વવ્યાપક (૨)

ભગવદ્‌ગીતામાં ભગવાન આત્માના અવિનાશી સ્વરૂપનો ઉલ્લેખ કરતા કહે છે કે આત્મતત્ત્વનો કોઈ નાશ કરી શકતું નથી. એ અવિનાશી આત્મતત્ત્વે આ બધું વ્યાપ્ત કર્યું છે. अविनाशी तु तद्विद्धि येन सर्वमिदं ततम् । (गीता 2:17) બધું વ્યાપ્ત કર્યું છે, એટલે કે જે-જે વ્યાપક છે, એ બધું અવિનાશી છે. આત્મા અવિનાશી છે, કેમ કે તે સત્ય છે, તે વ્યાપક છે. બાકી બધું નષ્ટ થઈ જશે. પણ એનો જે આધાર આત્મા છે, સર્વત્ર વ્યાપ્ત છે, તે અવિનાશી છે.

આત્મા વ્યાપક છે અને આત્મા પર કોઈની સત્તા ચાલી શકતી નથી. એને કોઈ મારી શકતું નથી, એને કોઈ ચીરી શકતું નથી, બાળી શકતું નથી કે પલાળી શકાતું નથી કે ન તો એને સૂકવી શકાય છે. તે અમર છે. આત્મા વ્યાપક છે, નિર્ભય છે. તો આપણે આપણા ચિત્તમાં પડેલી અનેક પ્રકારની મામૂલી ઉપાધિઓને દૂર કરી દઈને પોતાના પરિશુદ્ધ સ્વરૂપને ઓળખીએ અને 'હું વ્યાપક આત્મા છું' આ અનુભૂતિ નિત્ય-નિરંતર આપણા ચિત્તમાં રાખીએ.

## નિત્ય

આત્મા શું છે ? જેવી રીતે આ ઘડિયાળ અથવા અન્ય કોઈ પદાર્થ આપણાથી ભિન્ન છે, એ અર્થમાં આત્મા આપણાથી કોઈ ભિન્ન વસ્તુ નથી. आत्मा नाम स्वरूपम् – સ્વરૂપને એટલે કે નિત્યભાવને આત્મા કહે છે. अत् ધાતુનો અર્થ થાય છે, સતત. આ શરીર છે તે અનિત્ય છે, તે આવરણરૂપ છે. એની અંદર જે નિરંતર ભાવ છે, તે છે આત્મા. અનેકાનેક ભાવોનો આદિ સ્વરૂપ જે એક ભાવ છે, તે આત્મા છે, તે આપણે છીએ. આ શરીર એ તો આપણું કેવળ એક ઓજાર (સાધન) છે. ચરખો બાહ્ય ઓજાર છે, હાથ પણ ઓજાર છે, પરંતુ ચરખાથી કંઈક વધુ નજીકનો છે. આપણે બાહ્ય ઓજારને ઉપકરણ કહીએ છીએ, ઇંદ્રિયોને કરણ અને બુદ્ધિને અંતઃકરણ કહી શકીએ છીએ; આ બધાંથી ભિન્ન જે આત્મા છે, તે આપણું મૂળ સ્વરૂપ છે. તે નિત્ય બિરાજમાન છે. તે જન્મ-મરણથી મુક્ત છે અને બીજું બધું બદલાવાથી પણ તે બદલાતું નથી.

નિત્યના બે પ્રકાર છે. એક કૂટસ્થ (સર્વોપરિ સ્થિત) નિત્ય અને બીજું પરિણામી નિત્ય સ્વરૂપ. આત્મા કૂટસ્થ નિત્ય છે. જે નિત્ય નિરંતર અવિકારી રૂપે વિદ્યમાન છે, એને કૂટસ્થ નિત્ય કહે છે. અને જેનો નાશ થતો નથી, પરંતુ રૂપાંતર થતું રહે છે તેને પરિણામી નિત્ય કહે છે. જેવી રીતે કહેવાય છે – મેટર ઈઝ ઇનડિસ્ટ્રક્ટિબલ – પદાર્થનો નાશ થતો નથી. એનું કેવળ રૂપાંતર થાય છે. આત્મા કૂટસ્થ નિત્ય છે, એનો નાશ થતો નથી. એને ક્યારેય કોઈ ક્ષતિ પહોંચતી નથી. ક્ષતિ (હાનિ) શરીરને પહોંચે છે. શરીર નિત્ય બદલાતું રહે છે. એક ને એક દિવસે એનો નાશ થઈ જાય છે. ગીતા કહે છે કે શરીરનો નાશ જોવા મળે છે, પરંતુ તે બીજું શરીર ધારણ કરવા માટે નષ્ટ પામે છે, આત્માનો નાશ થતો નથી. તે નિત્ય છે.

ગીતાના તેરમા અધ્યાયમાં ભગવાને આત્માને જ્ઞેય (જાણવા યોગ્ય) કહીને તેનું શાસ્ત્રીય સ્વરૂપ બતાવ્યું. પહેલાં કહ્યું કે તે બધાથી પર છે. આ વર્ણન નેગેટિવ થયું. પરંતુ આત્માના વર્ણન માટેનો આ જ તો ઉપાય છે. ઉપનિષદોએ 'નેતિ નેતિ' વર્ણન કર્યું છે. જે આપણા વિચારથી પર છે. એની સંજ્ઞા પરબ્રહ્મ છે. પછી કહ્યું છે કે તે આપણા શરીરની શક્તિઓનો મૂળ સ્રોત છે. શરીરની શક્તિઓ તો ખૂબ અલ્પ છે. ઇંદ્રિયશક્તિ, બુદ્ધિશક્તિ અને પ્રાણશક્તિ; બધી શક્તિ એમાંથી પ્રાપ્ત થયેલી છે. પરંતુ એ બધાંથી આત્મતત્ત્વ ભિન્ન છે. આત્મા શક્તિશાળી નથી, પણ શક્તિ જ છે. આપણે કોઈને બુદ્ધિવાન કે બળવાન કહીએ છીએ એટલે કે તે બુદ્ધિથી અને બળથી અલગ છે. બુદ્ધિ અને બળથી અલગ કરી દેવાથી પણ તે અલગ રહી શકે છે. પરંતુ આત્માને શક્તિથી અલગ કરી શકતા નથી.

જેવી રીતે મીઠા (નમક)ને ક્ષારતત્ત્વથી જુદું કરી શકાતું નથી. ક્ષારતત્ત્વ ગયું તો મીઠું (નમક) બચતું જ નથી. સૂર્ય પ્રકાશવાન નથી, પ્રકાશ સ્વરૂપ જ છે. એવી રીતે આત્મા એ શક્તિવાન નહીં, શક્તિ જ છે. પછી કહે છે કે આત્મા બધી ઇંદ્રિયોના વિષયોને જાણે છે, પરંતુ ઇંદ્રિયરહિત છે. તે બધા ગુણોથી અતીત છે અને બધા ગુણોને ભોગવનાર પણ છે. આત્મા સર્વવ્યાપક છે, તે આપણા દેહની બહાર પણ વ્યાપ્ત છે. અને અંતમાં આત્માનું સર્વશ્રેષ્ઠ લક્ષણ કહ્યું કે તે આપણા હૃદયમાં બિરાજમાન છે – हृदि सर्वस्व विष्ठितम् – વિભૂતિ વર્ણન કરતા ભગવાન કહે છે, अहं आत्मा गुडाकेश

YAGNA PRAKASHAN SAMITI

https://www.bhoomiyagna.org

सर्वभूताशयस्थित: તમામે તમામના હૃદયમાં હું આત્મરૂપે રહું છું. એટલા માટે કબીર કહે છે – घट घट में वह साई रमता, कटुक वचन मत बोल रे । મનમાં અનેક સારા-નરસા વિચારો આવતા-જતા હોય છે. પરંતુ હૃદય તો સદ્‌ભાવનાઓનું આશ્રયસ્થાન છે, આત્માનું અધિષ્ઠાન છે.

## सत्यकाम: सत्यसंकल्प:

सत्यकाम: सत्यसंकल्प: – અહીં આત્માના સગુણ સ્વરૂપનું જ વર્ણન છે. માણસ જેવી ઇચ્છા, વાસના, કામના કરે છે, તેવું જ થાય છે. માટે જ આત્મશક્તિ અને ચિત્તશુદ્ધિ માટે સંકલ્પ શુદ્ધ હોવો અત્યંત આવશ્યક છે. શુભ સંકલ્પને સિદ્ધ થવામાં જ આત્માને બળ મળે છે અને તે ઉન્નતિ કરે છે. સંકલ્પનું બળ મહાન હોય છે. સંકલ્પ દ્વારા જ આત્માની અનુભૂતિ થાય છે. જેમને પણ પોતાના સંકલ્પનું બળ છે, તેમના શબ્દકોષમાં હાર (પરાજય) નામનો શબ્દ જ હોતો નથી. એની હંમેશા જીત જ રહેતી હોય છે. લક્ષ્ય નિશ્ચિત કરવું એ ચૈતન્યનું લક્ષણ છે અને એની અંદર જ ઈશ્વરીય અંશ વ્યક્ત થાય છે. બાકી તો જડ તણખલાની જેમ પ્રવાહમાં એમ જ વહેતા રહેવું એ તો જડત્વનું લક્ષણ છે. એ તણખલું જ્ઞાનશૂન્ય છે, એને તરતા નથી આવડતું. એમ જે માણસને એના પોતાના જીવનની દિશા નથી હોતી, સંકલ્પ હોતો નથી, કોઈ વિચાર ન હોય તો તે ચૈતન્યશૂન્ય બને છે. કોઈ પણ સંકલ્પ આત્મશક્તિ દ્વારા પૂરો કરી શકાય છે. આત્માની તો વ્યાખ્યા છે, સંકલ્પનું અધિષ્ઠાન આત્મા છે. જેનાથી સ્ફૂર્તિ મળે, એ જ આત્મા. સંકલ્પ આત્મામાં સહજ સ્ફુરતા હોય છે. આત્મામાં તે શક્તિ પડેલી છે. ચેતનનું તે એક લક્ષણ છે. એટલા માટે જ્યાં સુધી થઈ શકે, સંકલ્પ કરવા ન જોઈએ. પણ એને થવા દેવા જોઈએ. કરવામાં આવેલા સંકલ્પો માનસિક હોય છે અને જે સહજતાથી આવે છે તે આત્મિક સંકલ્પ હોય છે, તે કલ્યાણકારક હોય છે.

આત્મા સત્યસ્વરૂપ, શિવસ્વરૂપ જ છે. તો પછી કેમ બધાને એનો આવો અનુભવ આવતો નથી ? ઉપનિષદ આનો ઉત્તર આપે છે – त इमे सत्या: कामा अनृतापिधाना: – આત્મામાં રહેલી સત્યકામતા તે અનૃત (સત્ય-અસત્ય મિશ્રિત)થી ઢંકાયેલી છે. માટે તો ઋષિ આ ઢાંકણું ખોલવા માટે પ્રાર્થના કરે છે – तत् त्वं अपावृणु આ ઢાંકણને ખોલી આપ.

★ ★

शुद्धं अपापविद्धम्: – ઈશાવાસ્ય ઉપનિષદે તો આત્માને शुद्धं अपापविद्धम् કહ્યો છે. शुद्धम् – નિર્મળ. આવો નિર્મળ આત્મા, જેની પર પાપનો પ્રહાર થતો નથી. એટલે કે તે પાપથી વેધાતો (ભેદાતો – છેદાતો) નથી. મન, ઇંદ્રિયો પર પાપથી વેધ ચાલી શકે છે. પાપનો સંબંધ જ જ્યાં પહોંચતો નથી, એવો આત્મા છે.

★ ★

त्रिगुणमुक्त: ભગવદ્‌ગીતા કહે છે કે અહીં પૃથ્વી પર અને એવી જ રીતે સ્વર્ગમાં દેવાદિ લોકોમાં ત્રણ ગુણ કામ કરે છે. જે પણ કાંઈ છે, તે આ ત્રણે ગુણોના મિશ્રણથી બદ્ધ છે. એમાંથી કોઈ મુક્ત નથી. મુક્ત જો કોઈ છે તો તે આત્મતત્ત્વ છે, જે આપણા સહુનું સ્વરૂપ છે. આત્મા આ ત્રણેય ગુણોથી પર એવો ત્રિગુણાતીત છે.

★ ★

निवृत्त: જ્યાં પરિશુદ્ધ આત્મા છે ત્યાં પ્રવૃત્તિ અને અપ્રવૃત્તિ, બંને કુંઠિત થાય છે. અપ્રવૃત્તિ જે છે, તે પ્રવૃત્તિની પ્રતિક્રિયા છે. નિવૃત્તિ ઉભયાતીત (બંનેથી પર) છે. એ જ આત્મસ્વરૂપ છે. કર્મ અને એનો અભાવ – આ બંનેને પચાવનારી વૃત્તિને નિવૃત્તિ કહે છે. વૃત્તિઓથી પર જવું અને સ્વરૂપમાં લીન થવું એ નિવૃત્તિ છે. નિવૃત્તિનો અર્થ કૃતિશૂન્યતા નહીં, પણ વૃત્તિશૂન્યતા.

આત્મસ્વરૂપને નિરાકાર કહે છે, પરંતુ મને તો તે વિશ્વાકાર જ દેખાઈ રહ્યો છે. જેમ કે ચંદન-વૃક્ષમાં ફળો લાગ્યાં છે, પીપળામાં ફૂલ ખીલ્યાં છે. હવે સંસારના દર્શનની વાત જ ન કરો. બસ કેવળ સ્વરૂપાનંદમાં રહેવું છે. જ્ઞાનસમુદ્ર પરમાત્મા સૃષ્ટિરૂપી લહેરોથી ઊમડી રહ્યો છે.

## આત્મા – અનાત્મા
## (દેહ અને આત્મા)

ભગવદ્‌ગીતાની શરૂઆતમાં ભગવાને જીવનના બે મહાન સિદ્ધાંત બતાવ્યા છે. (૧) હું આ નબળો દેહ નથી, આ દેહ તો કેવળ ઉપર ઉપરના ક્ષુદ્ર પોપડા જેવું છે. (૨) હું ક્યારેય ન મરનાર એવો અખંડ અને વ્યાપક આત્મા છું. આ બંને સિદ્ધાંતો મળીને એક સંપૂર્ણ તત્ત્વજ્ઞાન બને છે. શરીર તો પળેપળ બદલાયા કરે છે. તો શું આ પ્રત્યેક ક્ષણે બદલનારું, પ્રતિક્ષણ મરણશીલ શરીર એ જ તારું રૂપ છે ? શરીર એ તો વસ્ત્ર જેવું છે. જૂનાં વસ્ત્ર ફાટી જાય છે, એટલે નવાં વસ્ત્રો પહેરી શકાય છે. જો કોઈ એક શરીર આત્માને હંમેશ માટે ચોંટી જાય તો તે આત્માની દુર્ગતિ થાય. એનો વિકાસ જ રોકાઈ જાય. આનંદ ન રહે અને જ્ઞાનની પ્રભા મંદ પડી જાય; એટલા માટે જ દેહનો નાશ એ શોક કરવાનો વિષય નથી. હા, જો આત્માનો નાશ થતો હોત તો

### આ અંકમાં


| | | |
|---|---|---|
| વિનોબા | ૧ | આત્માને જાણીએ (૪) |
| ડૉ. અનુરાધા પ્રસાદ | ૫ | ગાંધીજી અને અરવિંદનો રાજ્યના સંબંધમાં આધ્યાત્મિક દષ્ટિકોણ(૫) |
| સુનીતા નારાયણ | ૯ | નવસ્થાનિકોનો ઉદય (૩) |
| હરેશ ધોળકિયા | ૧૧ | લોકશાહીનો ઝીણો પણ મધુર ધ્વનિ ! |
| નારાયણ દેસાઈ | ૧૨ | સત્યના પ્રયોગો અથવા આત્મકથા |
| ડૉ. વિભૂતિ પટેલ | ૧૬ | ઇન્ડિયા જેન્ડર રિપોર્ટ |
| ભદ્રા-વિક્રમ સવાઈ | ૧૮ | જ્યોત સદા જલે |
| સંજય સ્વાતિ ભાવે | ૨૦ | ૨૦૨૫ વિશ્વવિજેત્રી ખેલાડીઓનું વર્ષ |
| અશ્વિન કારીઆ | ૨૨ | 'જે પોષતું તે મારતું' |
| ગૌરાંગ જાની | ૨૩ | કુપોષિત અને મેદસ્વી બાળકોનું સહિયારું ભારત |
| આશા વીરેન્દ્ર | ૨૪ | એક પિતાનું નૃત્ય |




YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

તે ખરેખર શોક કરવા યોગ્ય વાત હોઈ શકે. પરંતુ આત્મા તો અવિનાશી છે. જાણે કે એક અખંડ વહેતું ઝરણું છે. એની પર અનેક શરીર આવે છે અને જાય છે.

હકીકતમાં તો આપણે અને આપણું આ શરીર - આ બંને વસ્તુઓ સાવ જુદી છે. પરંતુ માણસ સમજી બેઠો છે કે તે દેહ જ છે. પણ સમજવું જોઈએ કે જેવી રીતે હું આ મકાનમાં રહું છું, એવી રીતે હું આ શરીરમાં રહું છું. પણ હું શરીર નથી. જેવી રીતે હું એક મકાન બદલીને બીજા મકાનમાં રહેવા જાઉં છું, એવી રીતે મારે આ શરીર છોડવા માટે તૈયાર રહેવું જોઈએ. આ મકાન બન્યું તે પહેલાં આકાશ ક્યાં હતું ? અહીં જ હતું. મકાન બની ગયા પછી પણ તે અહીં જ છે. અને મકાન પડી જશે પછી પણ તે અહીં જ રહેવાનું છે. એવી જ રીતે આત્મા છે અને તે આકાશથી પણ વધુ વ્યાપક અને શૂન્ય છે. તે પોતાનું સ્થાન છોડતો નથી. શરીર આવે છે અને જાય છે, જેવી રીતે આકાશમાં વાદળાંઓ આવે છે અને જાય છે પણ આકાશ એમનું એમ કાયમ રહે છે.

આપણને આ વાત એકદમ સ્પષ્ટ રૂપે સમજાયેલી હોવી જોઈએ કે 'હું આ શરીર નથી.' હું જે પણ કાંઈ છું તે આ દેહથી એકદમ ભિન્ન, પૃથક્, અત્યંત સુંદર, પવિત્ર, નિર્દોષ છું. આ દૃષ્ટિએ ગીતાએ તેરમા અધ્યાયમાં દેહ અને આત્મા અર્થાત્ આત્મા-અનાત્માનું મહાન પૃથક્કરણ રજૂ કર્યું છે. પરમાર્થ માર્ગના યાત્રીઓ માટે આ આત્મા-અનાત્માનો ભેદ સમજવો તે પ્રારંભિક બોધપાઠ છે. પરમાર્થ છે તે ભવનનો પાયો છે. અને જે અનાત્મા છે તેને ક્ષેત્ર કહે છે અને જે તેને જાણે છે, તે ક્ષેત્રજ્ઞ છે. જે વસ્તુને હું જાણી શકું છું, તે મારો આત્મા નથી. 'હું' આત્મા છું અને હું જેને-જેને જાણી શકું છું, તે અનાત્મા છે. તે મારા જ્ઞાનનો વિષય છે. આપણા શરીરમાં ઘણાં ઘણાં સૂક્ષ્મ તત્ત્વો છે, બુદ્ધિ છે તે ઘણી સૂક્ષ્મ છે. પરંતુ આ સૂક્ષ્મ તત્ત્વો પણ આત્મા કરતાં અલગ છે. આપણે આત્માને આ બધાં અનાત્મા તત્ત્વોથી જુદો કરી લેવાનો છે. એવી રીતે જ્યારે શરીરથી આત્માને અલગ કરીશું ત્યારે આત્માનો અનુભવ આવશે. આ જ આત્મજ્ઞાન છે. આત્મજ્ઞાન આ પણ કેવળ કહેવાની ભાષા છે. આપણને આત્માનો અનુભવ થાય છે, જ્ઞાન થતું નથી. આપણે પોતાના શરીરના અનુભવથી આગળ વધીને આત્માનો અનુભવ લેવાનો છે, શરીરને આત્માથી અલગ કરવાનો છે. અને આ શરીર દ્વારા જ શરીરથી ભિન્ન એવા અત્મતત્ત્વની સેવા કરવાની છે. વ્યક્તિ અને સમાજ - આ બંનેનાં શરીર પણ છે અને આત્મા પણ છે. વ્યક્તિ અને સમાજનાં શરીર દ્વારા આપણે વ્યક્તિ અને સમાજના આત્માની સેવા કરવાની છે.

શરીર જે છે તે આત્માનું કાર્યક્ષેત્ર હોવાને લીધે ક્ષેત્ર કહેવાય છે. અને તેને જાણનાર આત્મા (ક્ષેત્રજ્ઞ) એ શરીરમાં કેવળ સાક્ષીરૂપે રહે છે. ''એ જ હું છું'' આવી રીતે ઓળખવું તે પ્રાથમિક આત્મજ્ઞાનનું સ્વરૂપ છે. એવી રીતે જુદાં-જુદાં ક્ષેત્રોમાં સાક્ષીરૂપથી રહેનાર આત્મા ભિન્ન-ભિન્ન ન હોઈ તે કેવળ એક પરમેશ્વરના જ જુદા-જુદા આભાસ છે - આ ઓળખવું તે જ આત્મજ્ઞાનનું અંતિમ રૂપ છે. ગીતા ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞના ભેદને જાણવાને જ્ઞાન કહે છે, એમાં આ ત્રિવિધ જ્ઞાન સમાયેલ છે. ક્ષેત્રનું જ્ઞાન, શરીરથી ભિન્ન એવા સાક્ષીરૂપ આત્માનું જ્ઞાન અને પરમાત્માનું જ્ઞાન - આ ત્રિવિધ જ્ઞાનને જ્ઞાન કહ્યું છે.

આદિકાળથી શરીર અને આત્મા અથવા પ્રકૃતિ અને પુરુષ વચ્ચે યુદ્ધ ચાલી રહ્યું છે. વેદોમાં જે વૃત્ર અને ઇંદ્રના યુદ્ધનું વર્ણન છે, તે આ જ સનાતન યુદ્ધનું વર્ણન છે. વૃત્રનો અર્થ છે, જ્ઞાનને ઢાંકનારી શક્તિ. ઇંદ્ર અર્થાત્ આત્મા. એની જે શક્તિઓ છે, તેને ઇંદ્રિયો કહે છે, જેમ કે શ્રવણશક્તિ, ગંધશક્તિ (ઘ્રાણેન્દ્રિય). ઇંદ્રિયો તો જ્ઞાનપ્રાપ્તિના દરવાજા છે. જ્ઞાનને ઢાંકી દેનાર અને જ્ઞાનનું દર્શન કરાવનાર - આ બે શક્તિઓ એટલે કે જડ, શરીરાત્મક ભૌતિક શક્તિ અને ચેતન, જ્ઞાનમય, આત્મિક શક્તિ. આ બંને શક્તિઓમાં સતત યુદ્ધ ચાલી રહ્યું છે. અને મનુષ્યનું જીવન આ બંનેના ઝઘડામાં ફસાયેલું છે. આ બંને પરસ્પરવિરોધી તત્ત્વો એક જ હૃદયમાં કામ કરે છે. માટે તો મનુષ્યનું હૃદય આ યુદ્ધનું ધર્મક્ષેત્ર-કુરુક્ષેત્ર થઈ ગયું છે. આત્માને મોક્ષ-પુરુષાર્થની અભિલાષા હોય છે, જ્યારે શરીરને કામ-પુરુષાર્થ પ્રિય છે. આ બંને એકબીજાનો નાશ કરવા માટે મોકાની રાહમાં રહે છે.

સંપૂર્ણ ત્યાગ અને સંપૂર્ણ ભોગ, આ બંને એકદમ આત્યંતિક પરસ્પરવિરોધી બે ધ્રુવ છે. એક કહે છે કે શરીર મિથ્યા છે, બીજો કહે છે કે આત્મા જુઠ્ઠો છે. બંનેને એકબીજાની પરવા નથી, બંને પૂરેપૂરા સ્વાર્થી છે; પરંતુ આત્મા અને શરીરનો મેળાપ મનુષ્યમાં થયેલો છે. એટલા માટે એક પક્ષને અનુકૂળ સ્થાયી અને નિશ્ચિત નિર્ણય આપવો અઘરું કામ છે. મનની દ્વિધાગ્રસ્ત સ્થિતિ ઊભી થાય છે. એક મન શરીરનો પક્ષ લે છે, અને બીજો પક્ષ આત્માનો બચાવ કરે છે. મનુષ્યનું જીવન છે, તે અ-શરીરી આત્મા અને આત્મહીન શરીરના સંધિસ્થાને આશ્રિત રહેલું છે, એટલા માટે માણસને એકદમ શુદ્ધ આત્મવાદ અથવા મોક્ષની ઉપાસના પચતી નથી, અને શુદ્ધ જડવાદ અથવા કામોપાસના રુચતાં નથી. માટે આ બંને મંત્રોમાં અદ્વૈત કાયમ કરવું, અથવા એ બંને વચ્ચે સામંજસ્ય ઊભું કરવું તે દક્ષતાપૂર્વક (સિફત) ખૂબીનું કામ છે.

વસ્તુતઃ આધ્યાત્મિક વિકાસ અને ભૌતિક પ્રગતિમાં કોઈ વિરોધ નથી. બંને સાથેસાથે ચાલી શકે છે. જેવી રીતે શરીર અને આત્મા બંને સાથે જ તો છે. બંને સાથે-સાથે આગળ વધે છે, ત્યારે મનુષ્યની સર્વાંગીણ ઉન્નતિ થાય છે, અને ત્યારે આપણું જીવન એ સાચા અર્થમાં જીવન કહી શકાય છે. સ્વસ્થ શરીરમાં જ સ્વસ્થ મન અને પવિત્ર આત્માનો નિવાસ શક્ય છે.

મનુષ્યનો એક ભાગ શરીર છે અને બીજો ભાગ આત્મા છે. આ બંને મળીને મનુષ્યજીવન બનેલું છે. એટલા માટે આપણે આત્માનું પણ સમાધાન કરવાનું હોય છે અને શરીરનું પણ કરવાનું હોય છે. કોઈ માણસ ભલેને ગમે તેટલો દેહાસક્ત હોય, તેને ક્યારેને-ને ક્યારેક આત્માના સમાધાન માટે કંઈક ને કંઈક કરવાની ઇચ્છા થઈ જાય છે. પછી ભલે ને તે થોડુંક દાન આપીને સમાધાન મેળવી લે, કે ગંગાની યાત્રા કરીને સમાધાન મેળવી લે. આનાથી વિપરીત, જે માણસ આત્યંતિક



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

આત્મનિષ્ઠ છે તેને પણ શરીરની કંઈક ને કંઈક વાત તો સાંભળવી જ પડે છે. જે માલિકે એના નોકર પાસે કામ કરાવવાનું છે, તે માલિક જો નોકરનું કંઈ પણ ન સાંભળે તો તે જાલિમ માલિક ગણાય છે. શરીર પાસે સારું કામ લેવા માટે અને એની પાસે ધર્મકાર્ય કરાવવા માટે, એની કેટલીક વાતો તો સાંભળવી જ પડે છે. તો, આપણે આ શરીર અને આત્માનો સમન્વય કરવાનો છે.

ધ્યાન રાખવાનું છે કે શરીર અને આત્માની જે માંગણીઓ છે તે એકબીજાની વિરુદ્ધમાં ન જાય, માટે એ બંનેનો ઉચિત સમન્વય કરીને, જીવનને સમગ્ર રૂપથી સમાધાનકારક બની જાય – આ સૌથી મોટો સમન્વય છે. ભગવદ્‌ગીતામાં દેહ અને આત્મા, આ બંને પક્ષોને ધ્યાનમાં લઈને જીવનનો સમન્વય બતાવવામાં આવ્યો છે. દેહ અને આત્માનો સમન્વય થાય, એટલા માટે ગીતા આપણને આત્મા માટે સંન્યાસ અને દેહ માટે યોગની વાત કરે છે. સંન્યાસમાં બધા પ્રકારની આસક્તિઓનો ત્યાગ થાય ત્યારે ચિત્ત સમત્વયુક્ત થાય છે. યોગમાં બધા પ્રકારનાં સાધનોનું સંતુલન થાય છે, માટે ચિત્તમાં સામ્ય આવે છે. આમ સામ્ય એક એવી વસ્તુ છે જ્યાં યોગ પણ પહોંચે છે અને સંન્યાસ પણ પહોંચે છે. યોગ અને સંન્યાસ બંનેનો જે સમન્વય થાય છે, એને મેં નામ આપ્યું છે, સામ્યયોગ.

આત્મા અને દેહમાં જે લડાઈ થાય છે, એમાં શરીર માણસને નીચેની તરફ ખેંચે છે. આપણે શરીરને આપણા હાથમાં રાખવાનું છે. શરીર તો તમોગુણમાં જશે. ઇંદ્રિયો, મન વગેરે રજોગુણમાં અને બુદ્ધિ સત્ત્વગુણમાં; જ્યારે આત્મા આ બધાંથી મુક્ત છે. આપણે સજગ રહીને સતત પ્રયત્ન કરતા રહેવો જોઈએ, જેથી કરીને આત્માનો પ્રકાશ બુદ્ધિ, મન, ઇંદ્રિયો અને શરીરમાં પ્રગટે.

શરીર અને આત્માની વચ્ચે અથવા તો વ્યવહાર અને તત્ત્વવિચારની વચ્ચે ધર્મ એક પુલનું કામ કરે છે. પુલ નદીમાં બંને કિનારાઓ પર ઊભો હોય છે. આ પાર પર ભોગ છે, તો મોક્ષ પેલે પાર છે અને ધર્મ બંને પાર છે. તે કેવળ પરિશુદ્ધ તત્ત્વજ્ઞાનનું સ્વરૂપ લઈ શકતું નથી. તે પરિશુદ્ધ તત્ત્વજ્ઞાનમાં સહજ પહોંચાડી દેનાર વાહન છે.

સાચું પૂછો તો આત્માએ કંઈ પણ કરવાની જરૂર નથી. તે સ્વયં પૂર્ણ છે. આત્માની ગતિ સ્વાભાવિકપણે જ ઊર્ધ્વગામી છે. પરંતુ જ્યારે કોઈ વસ્તુની સાથે ભારે વજનદાર વસ્તુ બાંધી દેવામાં આવે છે, ત્યારે જેવી રીતે તે નીચે તરફ ખેંચાતી ચાલી આવે છે, એવી જ રીતે શરીરનો આ બોજ આત્માને નીચે ખેંચી લઈ આવે છે. આત્માના પગ પર જાણે દેહરૂપી બેડી બંધાઈ છે. આપણે આ બેડીને કાપી શકીશું તો ભારે આનંદ મળશે. પછી મનુષ્ય એ શરીરના દુઃખથી દુઃખી નહીં થાય. તે સ્વતંત્ર થઈ જશે. માણસ આ દેહરૂપી વસ્તુને જીતી લે, તો પછી એવી વ્યક્તિ પર આ સંસારમાં કોણ સત્તા ચલાવી શકશે ? જે વ્યક્તિ સ્વયં પર રાજ કરે છે, તે તો વિશ્વનો સમ્રાટ થઈ જાય છે. માટે જ આત્મા પર શરીરની જે સત્તા ચાલે છે, તેને હટાવી દો. શરીરનાં આ બધાં સુખ-દુઃખ વિદેશી છે, બધાં વિજાતીય છે. જેનો આત્મા સાથે રત્તીભર પણ સંબંધ નથી.

આજે આપણને શરીરાદિ ઘણા બધા અનુભવો આવે છે, એ બધા વિજાતીય છે. હું શરીર છું, મારું શરીર દુઃખે છે, પગમાં દર્દ થાય છે, આંખોમાં તકલીફ છે, કાન બરાબર સાંભળતા નથી વગેરે. આ રીતે શરીરના, ઇંદ્રિયોના, મનના અને બુદ્ધિના જે પણ અનુભવો આવે છે, તે વિજાતીય છે. વિજાતીય અર્થાત્ ફોરેન મેટર (બહારનું દ્રવ્ય). આ કોણ કબૂલ કરશે કે શારીરિક મુશ્કેલીઓ વિજાતીય દ્રવ્ય છે ? શંકરાચાર્ય તો આ બધાંનો ત્યાગ કરી દેવાનું કહે છે. વિજાતીય અર્થાત્ આપણને જે પ્રતિકૂળ છે તે, અને સજાતીય એટલે આપણને જે અનુકૂળ છે તે. આપણને અનુકૂળ છે, આત્મવૃત્તિ. આત્મવૃત્તિને હંમેશાં પ્રવાહિત રાખીએ. એક જ વૃત્તિ, સજાતીય આત્મવૃત્તિ. આપણે આત્મવૃત્તિનો પ્રવાહ કરવાનો છે, અખંડ આત્મવૃત્તિ કરવાની છે. अहं आत्मा.... अहं आत्मा..., अहं आत्मा...., આવો પ્રવાહ કરવાનો છે. એનું નામ છે, ધ્યાન.

શંકરાચાર્ય કહે છે કે જ્યાં સુધી આપણા ચિત્તમાંથી विपरीतात्मधीः અર્થાત્ હું શરીર છું એવી આ બુદ્ધિ જતી નથી, એટલે કે ચિત્તમાં રહેલી દેહાત્મભાવના જતી નથી, ત્યાં સુધી આપણે નિરંતર ધ્યાન કરીએ. ધ્યાન થઈ ચૂક્યું, દેહાત્મબુદ્ધિ ગઈ. હવે ધ્યાનનું પ્રયોજન રહ્યું નથી. બુદ્ધિ શુદ્ધ થઈ ગઈ. એના આધારથી વસ્તુનું શોધન થઈ શકશે. ચિત્ત શુદ્ધ થશે તો શક્તિ સંપન્ન બનશે. પછી તે શુદ્ધ ચિત્ત વસ્તુની પ્રાપ્તિનું કામ આપશે. એના પછી બ્રહ્મનો અનુભવ થશે.

આપણું મુખ્ય ચિંતન તો આ જ હોવું જોઈએ કે આત્મા શરીરથી ભિન્ન છે. આ વસ્તુ કેવળ બૌદ્ધિક રૂપથી સમજી લેવાથી કામમાં નહીં આવે, એનો અનુભવ પણ થવો આવશ્યક છે. આ કેવળ અભ્યાસ કરવાથી જ થઈ શકે. ઉપવાસ આનું સૌથી મોટું સારું સાધન છે. એનાથી આપણને આત્માના અલગ હોવાની ભાવના થાય છે. આપણને તિતિક્ષાના અભ્યાસની પણ જરૂર છે. તપ કરવાથી તિતિક્ષા વધે છે. પરંતુ શરીરને વધુ પીડા આપવાથી ઉત્તેજના પણ વધી જાય છે. આપણે તો મનોવૃત્તિ જ એવી બનાવવી જોઈએ કે આપણે શરીરથી અલગ છીએ.

આપણે દેહ અને આત્માનું પૃથક્કરણ કરવાનું છે. અને આ વસ્તુ ત્યાં સુધી શક્ય નહીં બને, જ્યાં સુધી આપણામાં સત્ય અને અસત્યનો વિવેક ન હોય. આ વિવેક, આ જ્ઞાન આપણી રગેરગમાં વ્યાપ્ત થઈ જવું જોઈએ. આત્મા સત્ય છે, અનાત્મા અર્થાત્ દેહ મિથ્યા છે, આવો અનુભવ, આવી નિષ્ઠા સર્વપ્રથમ હોવાં જોઈએ. – आत्मानात्मं – प्रतीतिः प्रथममभिहिता सत्यमिथ्यात्व – योगात् । योगात् એટલે સત્ય શું છે, મિથ્યા શું છે, આનું ચિંતન કરવાથી. તો આ વાતનું નિત્ય ચિંતન હોવું જોઈએ કે સત્ય શું છે અને મિથ્યા શું છે. આ વિશ્લેષણ આપણે પ્રાપ્ત કરેલું હોવું જોઈએ.

આપણા શરીરમાં આપણે કોણ છીએ ? આ શરીરમાં કોઈ અલગ ચેતન વસ્તુ છે. હું સ્પષ્ટ રીતે મારા શરીરથી અલગ છું. મારું શરીર માંદું પડે છે, પાછું તે સાજું પણ થાય છે. મારો હાથ અથવા શરીરનું

(જુઓ પાન નં. ૨૧)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# ગાંધીજી અને અરવિંદનો રાજ્યના સંબંધમાં આધ્યાત્મિક દૃષ્ટિકોણ (૫)

**ગાંધીજીને** માટે રાજનીતિમાં અધ્યાત્મ લાવવાનો અર્થ છે - સત્ય અને અહિંસાનું પાલન કરવું. ગાંધીજીનું રાજ્ય સત્ય અને અહિંસાના પાયા પર આધારિત છે. જોકે ક્યાંય પણ તેઓએ રાજ્યના સંબંધમાં પોતાના વિચારોને લિપિબદ્ધ નથી કર્યા, એમ છતાં અહીં-તહીં સંગ્રહિત વિચારોથી તેમને એક અરાજકતાવાદી દાર્શનિક કહી શકાય છે. તેઓએ લખ્યું છે - ''હું જાણી-જોઈને અહિંસા પર આધારિત સમાજની રૂપરેખાના વિષયમાં લખવાનું ઉચિત માનતો નથી. જ્યારે સમાજ અહિંસાના નિયમ અનુસાર સ્વયં બની જશે, ત્યારે તેનું રૂપ આજના સમાજના રૂપથી પૂર્ણપણે ભિન્ન હશે, પરંતુ હું એ વાતને પહેલેથી જ નથી બતાવી શકતો કે અહિસા પર આધારિત સરકાર કેવી હશે.''

**૧. રાજ્યનો વિરોધ** : ગાંધીજીને માટે રાજ્ય, એ માનવ-દુર્બળતાઓની ઊપજ છે. રાજ્યની પ્રકૃતિ જ હિંસાત્મક છે. એ કેન્દ્રિત અને સંગઠિત હિંસાનું સ્વરૂપ છે. એ આત્મવિહીન એક યંત્ર કે પૂરજો છે. રાજ્ય પોતાની ઇચ્છાને પોલીસ, ન્યાયાલયો અને સૈન્યની શક્તિથી વ્યક્તિ અને સમાજ પર થોપે છે. એ પોતાનામાં એક સાધ્ય બની ચૂકેલ છે. એ પોતાના રક્ષણને માટે માનવીને સાધન માને છે અને એ રૂપમાં તેનો ઉપયોગ કરે છે, એ રાજ્યના સાચા ઉદ્દેશોથી સાવ ઊલટું છે. રાજ્ય જેમ-જેમ કેન્દ્રીકૃત થતું જાય છે, તેમ-તેમ તેની હિંસાત્મક શક્તિ વધતી જાય છે. રાજ્યમાં ફરજિયાતકારી શક્તિ હોય છે, જેના કારણે એ માનવસ્વતંત્રતાને માટે અડચણરૂપ છે. ગાંધીજીએ કહેલું -

''હું રાજ્ય શક્તિની વૃદ્ધિ તરફ વધુ ને વધુ ડર સાથે જોઉં છું કેમ કે ભલે એમ લાગતું હોય કે રાજ્ય શોષણને ઓછામાં ઓછું કરીને લાભ પહોંચાડી રહ્યું છે, પરંતુ એ માનવીના વ્યક્તિત્વનો જ સંપૂર્ણ પ્રગતિનો આધાર છે, તેનો વિનાશ કરે છે અને આ રીતે માનવજાતને વધારે નુકસાન પહોંચાડે છે. આપણને ઘણાં એવાં ઉદાહરણની જાણ છે, જેમાં માનવીઓએ સંરક્ષક જેવું વર્તન કર્યું, પરંતુ એકપણ એવું ઉદાહરણ આપણે નથી જાણતા કે રાજ્યનું જીવન વાસ્તવમાં ગરીબોને માટે રહ્યું હોય.''

રાજ્યના વિરોધનાં નૈતિક, ઐતિહાસિક અને આર્થિક કારણ છે, કેમ કે રાજ્ય સજાનો ડર દેખાડી નાગરિકો પાસે ખૂબ જ કામ કરાવે છે તેનાથી એ નીતિયુક્ત સાચું કામ નથી કરી શકતા, કેમ કે કોઈ પણ કાર્ય જ્યાં સુધી સ્વેચ્છાથી ન કરાય, નૈતિક ન કહી શકાય. જ્યાં સુધી આપણે મશીનોની માફક કામ કરીએ છીએ, ત્યાં સુધી નીતિનો સવાલ જ નથી ઊઠતો. શાસન-વ્યવસ્થા ભલે ગમે તેટલી લોકશાહી હોય, રાજ્યનો પાયો સદા હિંસા પર જ હોય છે. હિંસાનો અર્થ છે - શોષણ. અને રાજ્ય ગરીબોનું શોણ કરે છે. રાજ્ય એટલા માટે નૈતિક દૃષ્ટિએ ખરાબ છે. ગાંધીજીએ માર્કસની અનુસાર જ એ માન્યું છે કે રાજ્યએ માનવ-સમાજના શોષણમાં મદદ કરી છે. એટલે ગાંધીજીના મતે, આદર્શ સમાજ રાજ્યરહિત લોકતંત્ર છે. આ સમાજ શુદ્ધ અરાજકતાની એ દશા છે, જેમાં સામાજિક જીવન એવી પૂર્ણતા પર પહોંચી ગયું હોય કે એ સ્વયંસંચાલિત બની જાય. મહાત્મા ગાંધીના મતાનુસાર ''આ દશામાં પ્રત્યેક માનવી પોતાનો શાસક ખુદ હોય છે. એ પોતાની ઉપર એ પ્રકારનું શાસન કરે છે કે પોતાના પડોસીના માર્ગમાં ક્યારેય અવરોધ નથી નાખતો. આદર્શ સમાજમાં કોઈ રાજકીય સત્તા નથી હોતી, કેમ કે તેમાં કોઈ રાજ્ય નથી હોતું.'' (યંગ ઇન્ડિયા, જુલાઈ ૧૯૩૧)

**૨. ધર્મ અને રાજનીતિનો સમન્વય** : ગાંધીજીએ પોતાના વિચારોમાં રાજનીતિ અને અધ્યાત્મને જોડકાં બનાવી દીધાં છે. તેઓએ કહ્યું હતુ કે બધા વિચારોનો સ્રોત ઈશ્વર છે અને ઈશ્વર જ સત્ય છે. બાદમાં તેનું સંશોધન કરી તેઓએ એ વિચાર વ્યક્ત કર્યો કે 'સત્ય ઈશ્વરની બરાબર છે.' અર્થાત્ જો સત્ય પ્રત્યેક વસ્તુના મૂળમાં છે તો જીવનની પ્રત્યેક બાજુ એ 'સત્ય'થી જ અવિવાદિત હોવી જોઈએ. રાજનીતિ કે રાજ્યવ્યવસ્થા માનવજીવનના એક પક્ષનું પ્રતિનિધિત્વ કરે છે. એટલા માટે તેને પણ અન્ય પક્ષોની જેમ સત્યની અનુરૂપ થવું પડશે, ત્યારે તેને સાચી રાજનીતિ કહેવાશે. જો રાજ્ય પોતાની એ પ્રકૃતિને કાયમ રાખે છે જેમ કે તેના નિર્માણની મૂળ ભાવના હોઈ શકે છે તો ગાંધીજીએ એ રાજ્યનો વિરોધ ક્યારેય ન કર્યો હોત. ગાંધીજીએ જે રાજ્યનો વિરોધ કર્યો છે એ અનૈતિક અને હિંસક રાજ્ય છે. પોતાની આત્મકથામાં તેઓ લખે છે, ''જે લોકો એમ કહે છે કે રાજનીતિ સાથે ધર્મનો કોઈ સંબંધ નથી એ નથી જાણતા કે ધર્મનો અર્થ શું છે.'' મહાત્મા ગાંધીએ તેમના પુસ્તક 'સત્ય જ ઈશ્વર છે'માં લખ્યું છે - ''મારા માટે ધર્મરહિત રાજનીતિ બિલકુલ ગંદી ચીજ છે જેનાથી હંમેશાં દૂર રહેવું જોઈએ.''

સિદ્ધાંતના રૂપમાં રાજ્યના અસ્તિત્વની વિરુદ્ધ હોવા છતાં પણ ગાંધીજી વર્તમાન પરિસ્થિતિઓમાં રાજ્યને પૂર્ણ કરવાના પક્ષમાં નહોતા. તેમના મતે વર્તમાન સમયમાં માનવજીવન એટલું પૂર્ણ નથી કે સ્વયંસંચાલિત હોઈ શકે, એટલા માટે સમાજમાં રાજય અને રાજનીતિક શક્તિની જરૂરિયાત છે, પરંતુ તેની સાથોસાથ તેમનો વિચાર છે કે રાજ્યનું કાર્યક્ષેત્ર ન્યૂનતમ હોવું જોઈએ. આ રીતે ગાંધીજીના રાજ્ય સંબંધી વિચારોને સૈદ્ધાંતિક દૃષ્ટિથી અરાજકતાવાદી અને વ્યવહારમાં વ્યક્તિવાદી કહી શકાય છે. રાજ્યને તેઓએ 'એક આવશ્યક ખરાબી'ના રૂપમાં સ્વીકાર્યું છે.

**૩. સાધ્ય અને સાધનની એકરૂપતા પર ભાર** : ગાંધીજીએ જ્યાં સાધનોની પવિત્રતા પર ભાર મૂક્યો, ત્યાં જ તેઓએ લક્ષ્યની પવિત્રતા પર પણ ખૂબ જ ભાર મૂક્યો છે. ગાંધીવિચારને આપણે એક પૂર્ણપણે નૈતિક દર્શન કહી શકીએ છીએ અને તેને અનુરૂપ તેની કાર્ય પદ્ધતિ પણ પૂર્ણપણે નૈતિક છે. ગાંધીજી કહેતા હતા કે માનવીના જીવનનો ઉદ્દેશ આત્મજ્ઞાન છે. તેમને ઈશ્વરમાં ખૂબ શ્રદ્ધા હતી. એટલે તેઓ કહેતા હતા કે વ્યક્તિએ પરમેશ્વર દ્વારા રચિત સૃષ્ટિની સેવા કરવી જોઈએ. પ્રત્યેક માનવીનું લક્ષ્ય માનવજાતના સર્વાંગી કલ્યાણ અને ચોમેર ઉન્નતિ હોવું જોઈએ. તેઓ રાજનીતિમાંથી અવસરવાદિતા, છળ અને કપટને કાઢવાના પક્ષમાં હતા. તેમનું માનવું હતું કે ખરાબી સારાપણાને જન્મ નથી આપી શકતી. ઘૃણા, હિંસા અને ભયથી સારા લક્ષ્યની પ્રાપ્તિ



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

થવાને બદલે અનેક ખરાબી ફેલાય છે. આથી માનવીએ બધા ધર્મના અનુયાયીઓ પ્રત્યે સહિષ્ણુ અને દયાળુ થવું જોઈએ. સત્ય અને અહિંસા પર આગ્રહની સાથોસાથ ગાંધીજી એ વાત ઉપર પણ ભાર મૂકે છે કે આપણાં સાધન સાધ્યને અનુરૂપ હોવાં જોઈએ.

આપણું સાધ્ય નૈતિક હોય, માત્ર એટલું જ પૂરતું નથી, બલકે એ વાત પણ એટલી જ જરૂરી છે કે આપણાં સાધન પણ નૈતિક હોય. સાધનોની અનૈતિકતા નિશ્ચિતરૂપે સાધ્યની નૈતિકતાને નષ્ટ કરી દે છે. એટલે શ્રેષ્ઠ સાધ્યની પ્રાપ્તિને માટે શ્રેષ્ઠ સાધનોને જ અપનાવવાં જોઈએ. ગાંધીજીએ તો એટલે સુધી કહ્યું છે, કે જો આપના પવિત્ર સાધ્યને માટે એટલાં જ પવિત્ર સાધન ન મળતાં હોય તો એ સાધ્યને જ છોડી દેવું જોઈએ. તેઓના શબ્દોમાં, ''સાધન બીજ છે અને સાધ્ય વૃક્ષ.'' એટલે જે સંબંધ બીજ અને વૃક્ષમાં છે, તે જ સંબંધ સાધન અને સાધ્યમાં છે. હું શેતાનની ઉપાસના કરી ઈશ્વરની ઉપાસનાનું ફળ ન પામી શકું.''

**૪. રાજ્યનું કાર્યક્ષેત્ર ન્યૂનતમ હોવું જોઈએ** : રાજ્યનું કાર્યક્ષેત્ર ન્યૂનતમ બતાવતાં ગાંધીજીએ લખ્યું હતું કે આદર્શ લોકતંત્ર લગભગ સ્વાવલંબી અને સ્વશાસિત સત્યાગ્રહી ગ્રામ-સમાજોનો સંઘ હોવો જોઈએ. ગાંધીજીના શબ્દોમાં ''અહિંસા પર આધારિત સમાજ ગ્રામોમાં વસેલા એવા સમુદાયોનો જ હોઈ શકે છે, જેમાં સ્વેચ્છાપૂર્ણ સહયોગ અને સમ્માનપૂર્ણ શાંત જીવનની શરત છે.'' તેમના મતાનુસાર ''આ પ્રકારનો સંઘ લોકોની સ્વતંત્ર ઇચ્છા પર આધારિત હશે. આ પ્રકારના સમાજની અંતર્ગત લગભગ પ્રત્યેક વ્યક્તિમાં ઉચ્ચ સ્તરની અહિંસાનો વિકાસ થઈ ચૂક્યો હશે અને લગભગ બધા પૂર્ણ આત્મનિયંત્રણને પ્રાપ્ત કરી ચૂક્યા હશે. સત્યની પ્રત્યે સદા સચેત વ્યક્તિ સાદગી અને ત્યાગનું જીવન વ્યતીત કરશે અને સામાજિક સેવાને માટે જીવિત રહેશે.''

ગાંધીજીના લેખોમાં આપણને આદર્શ ગ્રામ સમુદાયોનું સંક્ષિપ્ત વિવરણ મળે છે. તેઓએ લખ્યું, ''પ્રત્યેક ગામ પૂરા અધિકારોથી સંપન્ન એક પંચાયત કે લોકતંત્ર હશે. એટલા માટે નિષ્કર્ષ એ છે કે પ્રત્યેક ગામ સ્વાવલંબી હશે અને એ યોગ્ય હશે કે એ પોતાના મામલાનો પ્રબંધ ત્યાં સુધી કરી શકે કે સંપૂર્ણ સંસારથી પોતાનું રક્ષણ સ્વયં કરી લે. બહારના આક્રમણની વિરુદ્ધ પોતાનું રક્ષણ કરવાના પ્રયત્નમાં તેને મરવાની શિક્ષા મળશે અને એ તેના માટે તૈયાર રહેશે. આ રીતે, અંતે વ્યક્તિ જ એકમ છે.''

**૫. આદર્શ સમાજ એક વિકેન્દ્રિત સમાજ હશે** : ગાંધીજી કહેતા હતા કે આદર્શ સમાજ અવશ્ય જ એક વિકેન્દ્રિત સમાજ હશે. તેમાં પ્રત્યેક ક્ષેત્રમાં સમાનતા હશે. કેન્દ્રીકરણમાં સત્તા થોડી વ્યક્તિઓના હાથમાં એકત્ર થઈ જાય છે અને તેનાથી તાનાશાહીનો જન્મ થાય છે. કેન્દ્રીકરણથી જીવનની જટિલતા વધી જાય છે, ફળસ્વરૂપે સરકારી કામકાજમાં વિશેષજ્ઞોનું મહત્ત્વ વધી જાય છે. તેનાથી વ્યક્તિની સર્જન- શક્તિ, ઉપક્રમ, સાધનશીલતા વગેરેનો હ્રાસ થાય છે અને તેની સરકાર પર નિર્ભરતા વધે છે. તેનાથી વ્યક્તિનો નૈતિક વિકાસ થંભી જાય છે. ગાંધીજીનો વિચાર હતો કે ''કેન્દ્રીકરણ સમાજની અહિંસક વ્યવસ્થાથી મેળ નથી ખાતું.'' ('હરિજન' - તા. ૧૮-૧૯૪૨) એટલે સૂચન કરતા તેઓએ લખ્યું હતું, ''મારું સૂચન છે કે જો ભારતને અહિંસક રીતે વિકાસ કરવો હશે તો તેણે અનેક વાતોનું વિકેન્દ્રીકરણ કરવું પડશે. કેન્દ્રીકરણનું સંચાલન અને તેની રક્ષા પૂરતી શક્તિ વિના ન થઈ શકે.'' (યંગ ઇન્ડિયા ભાગ-૨) અર્થાત્ આદર્શ સમાજ અહિંસા પર આધારિત હશે, એટલે એકમ પર સંઘનું નિયંત્રણ વિશુદ્ધ રૂપે નૈતિક હશે.

**૬. આદર્શ સમાજમાં સામાજિક અને આર્થિક સમાનતા અવશ્ય જ હશે** : ગાંધીજીનો વિચાર હતો કે આદર્શ લોકતંત્રમાં વર્ણ-વ્યવસ્થાનું સાચું રૂપ ત્યારે સમજી શકાશે જ્યારે વર્ણ-નિયમની સાચી વ્યવસ્થા હશે. વર્ણનો નિયમ સાથે અતૂટ સંબંધ છે, પરંતુ તે સંબંધ એવો પણ નથી જે તૂટી ન શકે. તેમને એ પણ વિશ્વાસ હતો કે પ્રત્યેક વર્ણના માનવીઓને શરીરશ્રમ અવશ્ય જ કરવો જોઈએ. આ જરૂરિયાતોને માટે શ્રમ કરી ચૂક્યા પછી માનવી જે કંઈ કામ પોતાના શરીર કે મગજથી કરે, એ સમાજસેવાને માટે હોય અને તેનું કોઈ મહેનતાણું ન મંગાય. ગાંધીજીના આ આદર્શ સમાજમાં પ્રત્યેક વ્યક્તિને માટે પોતાની વિશિષ્ટ ક્ષમતા અનુસાર સમાજસેવા કરવાની પૂર્ણ સ્વતંત્રતા હશે. પોતાના ટ્રસ્ટીશીપ કે પ્રન્યાસ સિદ્ધાંતોનું પ્રતિપાદન ગાંધીજીએ સમજાવ્યું કે ''સમગ્ર સંપત્તિ ભગવાનની છે અને સમગ્ર જમીન ગોપાલની છે. એટલે જો કોઈ વ્યક્તિ પાસે જરૂરિયાતથી વધારે સંપત્તિ છે તો તે ઈશ્વરની અમાનત છે જેને એ એક ટ્રસ્ટીના રૂપમાં સમાજકલ્યાણના માટે જ ખર્ચ કરી શકે છે. 'ટ્રસ્ટીશીપ'નો સિદ્ધાંત સમાજમાં આર્થિક શોષણ રોકવાનો અહિંસાત્મક ઉપાય છે. ગાંધીજીને વ્યક્તિગત સંપત્તિ પર વાંધો નથી. શરત એટલી કે મૂડીપતિ બધા ઉત્પાદક શ્રમિકોને પોતાની સંપત્તિના હિસ્સેદાર સ્વીકાર કરી લે અને મજૂર અને મૂડીપતિ બંને એક-બીજાના ટ્રસ્ટીની જેમ અને ઉપભોક્તાઓના ટ્રસ્ટીની માફક વ્યવહાર ન કરે.'' (યંગ ઇન્ડિયા ભાગ-૨) અહિંસાત્મક રાજ્ય કુટિર ઉદ્યોગોને વધુ ને વધુ પ્રોત્સાહિત કરશે. ગાંધીજીએ લખ્યું હતું કે જ્યારે માનવીની પાસે પોતાને અનુરૂપ ભાગથી વધારે હોય તો એ પરમાત્માના સંતાનને માટે એ ભાગનો ટ્રસ્ટી બની જાય છે.

પ્રન્યાસ વ્યવસ્થાનો આધાર ગાંધીજીનો 'અસ્તેય' નિયમ છે, જેનો અર્થ છે - થોડામાં સંતોષ માનવો. અર્થાત્ જે વસ્તુ આજને માટે જરૂરી નથી તેનો સંચય ન કરવો. ભવિષ્યની ચિંતા કરી સંચય કરવો અહિંસાત્મક આચરણની વિરુદ્ધ છે, એ ઈશ્વર પર અવિશ્વાસ કરવો છે; અને જો આપણને ઈશ્વરમાં શ્રદ્ધા છે તો આપણે પૂર્ણ વિશ્વાસ રાખવો જોઈએ કે એ આપણો રોજનો રોટલો અને જરૂરિયાતોને પૂર્ણ કરશે. સંપત્તિના સંચયથી શોષણ થાય છે. જો પ્રત્યેક વ્યક્તિ માત્ર એટલી જ સામગ્રી રાખે જેટલી તેને સતત જરૂરિયાત છે તો કોઈની પાસે કોઈ અભાવ નહીં રહે અને બધા લોકો સંતોષપૂર્ણ જીવન જીવી શકશે.

ગાંધીજીએ અહિંસાત્મક રાજ્યમાં કુટિર ઉદ્યોગને સૌથી વધારે પ્રધાનતા આપી છે. તેને જ તેઓએ 'રોટલાને માટે શ્રમ'નો સિદ્ધાંત માન્યો છે. આ સિદ્ધાંતનું પ્રતિપાદન સૌપ્રથમ એક રશિયન લેખક ટી.



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

એન. બન્ડોરફે કર્યું હતું. બાદમાં રશિયન સામ્યવાદીઓએ એ સૂત્ર આપ્યું કે 'જે કામ કરશે તે જ ખાશે.' ટૉલ્સ્ટૉયનો પણ આ જ સિદ્ધાંત હતો. ગાંધીજીએ તેને ખૂબ જ મહત્ત્વ આપ્યું અને તેને 'રોટલાનો સિદ્ધાંત' દ્વારા પ્રતિપાદન કરવા ઇચ્છ્યો. જેનું તાત્પર્ય એ છે કે પ્રત્યેક વ્યક્તિને પોતાના રોટલા માટે શ્રમ કરવો પડશે. પછી ભલે કોઈ ગમે તેટલા સંપન્ન કેમ ન હોય, તેને પોતાની આજીવિકાના ઉપાર્જનને માટે શ્રમ કરવો જરૂરી હશે. આદર્શ સમાજ વ્યવસ્થામાં ડૉક્ટર, વકીલ, શિક્ષક વગેરે સમાજને માટે વિનામૂલ્યે સેવા આપશે. અર્થાત્ આજીવિકાને માટે ગાંધીજીના રાજ્યમાં પ્રત્યેકને શારીરિક શ્રમ કરવો અનિવાર્ય હશે. ગીતામાં ત્રીજા અધ્યાયમાં લખ્યું છે કે જે વ્યક્તિ મહેનત કર્યા વિના ખાય છે, એ ચોરી કરે છે. ગાંધીજીએ ગીતાની અંદર આને રોટલાનો સિદ્ધાંત માન્યો છે. આ રીતે આર્થિક અને સામાજિક સમાનતાના સિદ્ધાંતોનો સાર છે કે -

૧. શ્રમની શક્તિ વ્યક્તિની નહીં, સમાજની હોવી જોઈએ.
૨. અસંચય પર તેઓએ ભાર મૂક્યો.
૩. સંપત્તિવાન ભગવાનનો ટ્રસ્ટી છે.
૪. કુટિર ઉદ્યોગોને પ્રોત્સાહન આપવું જરૂરી છે.
૫. અસહયોગનું અસ્ત્ર જ સાર છે.
૬. રોટલાને માટે શ્રમની અનિવાર્યતા હોવી જોઈએ.
૭. ભારે મશીનોની જરૂર નથી.
૮. સ્વાવલંબન પર વિશેષ ભાર આપવો પડશે.

બીજી તરફ, શ્રીઅરવિંદે પોતાના રાજનીતિક વિચારમાં રાજનીતિ અને અધ્યાત્મની વચ્ચે એક ગાઢ સંબંધ સ્થાપિત કર્યો છે. રાજ્યના સંબંધમાં પણ તેઓએ આધ્યાત્મિકતાના દૃષ્ટિકોણથી જ વિચાર કર્યો. ઈશ્વરની સત્તામાં એમને પૂર્ણ વિશ્વાસ હતો, પરંતુ તેઓએ કહ્યું કે માનવીએ સંસારનો ત્યાગ કરી પરમાત્મા પાછળ ન દોડવું જોઈએ, બલકે એવાં કર્મ કરવાં જોઈએ કે જેનાથી પરમાત્મા કે જે બધાં જ પ્રાણીઓમાં વિદ્યમાન રહે છે, આ સંસારમાં આપણી પાસે આવી જાય. તેઓએ અનુભવ્યું કે ભારત અને યુરોપ અતિ (Extreme) પર જઈ પહોંચ્યા છે. ભારત અધ્યાત્મવાદના ક્ષેત્રમાં અને યુરોપ ભૌતિકવાદના ક્ષેત્રમાં એટલા માટે તેઓએ એ વાત પર ભાર મૂક્યો કે એક એવું દર્શન વિકસિત કરાય જે ભારતના અધ્યાત્મવાદ અને યુરોપના ભૌતિકવાદમાં સમન્વય કરી શકે.

શ્રીઅરવિંદે વ્યક્તિ અને રાજ્યનાં કાર્યોના સંબંધમાં જે વિચાર વ્યક્ત કર્યા છે, તે આ મુજબ છે :

મનુષ્યના અસ્તિત્વ અંગે વિચાર વ્યક્ત કરતાં તેઓએ લખ્યું હતું કે માનવી રાજ્યથી સ્વતંત્ર અને અલગ અસ્તિત્વ રાખે છે. તેના કાર્યોમાં રાજ્યએ હસ્તક્ષેપ ન કરવો જોઈએ. રાજ્યએ વ્યક્તિને એવી સુવિધા પ્રદાન કરવી જોઈએ કે જેનાથી તે આધ્યાત્મિક અસ્તિત્વના નિયમોનું પાલન કરી શકે. તેમને વ્યક્તિના સ્વતંત્ર અસ્તિત્વમાં વિશ્વાસ હતો. તેઓએ વ્યક્તિને આત્મા અને પ્રાણી સમાન સમજી હતી. જે સામાજિકતાના નિયમને પણ પૂર્ણ કરે છે.

**રાજ્યનો વિરોધ** શ્રીઅરવિંદે પણ ગાંધીજીની માફક જ રાજ્યની ટીકા કરી છે. તેઓએ લખ્યું છે કે રાજ્ય એક સુવિધા છે અને અપેક્ષાકૃત આપણા સામૂહિક વિકાસની એક કઢંગી સુવિધા છે, જેને ક્યારેય પણ સ્વયંમાં સાધ્ય નથી સમજી શકાતું. શ્રીઅરવિંદ એક મહર્ષિ હતા. તેઓએ વ્યક્તિને રાજ્યના એક દાસ બનાવવાથી ઇન્કાર કરી દીધો. તેઓએ વ્યક્તિને રાજ્યથી અલગ એક સ્વતંત્ર વ્યક્તિત્વ પ્રદાન કરવાનું ઉચિત સમજ્યું. તેઓએ કહ્યું કે વ્યક્તિને પોતાના આધ્યાત્મિક વિકાસને માટે સ્વતંત્રતા મળવી જોઈએ. શ્રીઅરવિંદે રાજ્યને એક સાધન માન્યું અને તેને ક્યારેય પણ સાધ્ય ન સમજ્યું. તેમનું કહેવું હતું કે ''કેટલાય દાર્શનિકો દ્વારા સૈદ્ધાંતિકરૂપે વ્યક્તિને સર્વહિતના દાસ કરવાની વાત કહેવાય છે, વ્યાવહારિક રૂપમાં વ્યક્તિને એક સામૂહિક અહંને આધીન કરાય છે.''

રાજ્યનાં કાર્યો અંગે અરવિંદે કહ્યું હતું કે ''જ્યાં સુધી રાજ્ય માનવજીવન અને વિકાસમાં એક આવશ્યક રૂપમાં રહે છે, ત્યાં સુધી રાજ્યનું કાર્ય સામૂહિક કાર્યને માટે બધી શક્ય સુવિધાઓને પ્રદાન કરે છે. અને વાસ્તવમાં સંપૂર્ણ હાનિકારક વિનાશ તથા સંઘર્ષને રોકવાને માટે અડચણોને દૂર કરે છે.... અને પ્રત્યેક વ્યક્તિને આત્મોત્થાન અને તેની પ્રકૃતિની અનુસાર તથા તેની શક્તિઓની સીમા સુધી સંતોષને માટે એક ઉચિત અને સમાન અવસરને સલામત કરવા માટે દૂર કરવા યોગ્ય અન્યાયને રદ કરવાના છે. આ સીમા સુધી આધુનિક સમાજવાદનું લક્ષ્ય ઉચિત અને યોગ્ય છે, પરંતુ માનવવિકાસની સ્વતંત્રતામાં બધો અનાવશ્યક હસ્તક્ષેપ એ સીમા સુધી અનુચિત છે, સામૂહિક કાર્ય પણ અનુચિત છે, જો એ બધાની ભલાઈના સ્થાન પર, તે વ્યક્તિને સાંપ્રદાયિક અહંકારને માટે બલિદાન કરી દે છે અને વધારે પૂર્ણ વિકસિત માનવતાના ફળવા-ફૂલવાને માટે જરૂરી સ્વતંત્રતા અને શરૂઆતને રોકે છે.

અરવિંદે રાજ્યની સર્વોચ્ચતાના દાવાનો અસ્વીકાર કરી દીધો. તેઓએ કહ્યું કે માનવીની ઉન્નતિ સમુદાય દ્વારા શક્ય બને છે, જેને વ્યક્તિ પોતાના વિકાસને માટે સ્વયં બનાવી લે છે. તેઓએ રાજ્યની અનિયંત્રિત શક્તિનો પણ વિરોધ કર્યો છે.

**રાજ્યને માતા માની તેની સેવા કરવી** : શ્રીઅરવિંદે ભારતને એક માતાના રૂપમાં માન્યું. તેઓએ ન માત્ર ભારતને એક ભૌગોલિક એકમ, બલકે ભારતને એક આધ્યાત્મિક સત્તાના રૂપમાં માન્યતા આપી. ૧૯મી સદીના નેતા ભારતને માત્ર માતૃભૂમિ માનતા હતા અર્થાત્ તેઓ ભારતને માત્ર એક ભૌગોલિક એકમ માનતા હતા, પરંતુ શ્રીઅરવિંદે એમ કહ્યું કે ભારતવાસી પોતાનું સર્વસ્વ બલિદાન કરવા માટે ત્યારે જ તૈયાર થઈ શકે છે, જ્યારે એ તેને માતાની માફક પૂજે અને તેને એક સ્વાધીન રાષ્ટ્રનો દરજ્જો આપે.

**સ્વરાજના સંબંધમાં વિચાર** : શ્રીઅરવિંદે પૂર્ણ સ્વરાજની કામના કરી હતી. એ જ તેમનો રાજનીતિક આદર્શ હતો. એક સંદેશમાં તેઓએ કહ્યું કે, ''અમે સંપૂર્ણ સ્વરાજના સિદ્ધાંતનો પ્રચાર કરીએ છીએ. કેટલાક લોકો એવા છે જે 'સ્વતંત્રતા' શબ્દથી ડરે છે, પરંતુ મેં હંમેશાં આ શબ્દનો પ્રયોગ કર્યો છે, કેમ કે આ શબ્દ મારા જીવનનો મંત્ર છે અને મને



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

દેશની સ્વતંત્રતાને માટે પ્રેરણા આપે છે.'' સ્વરાજ અંગે તેઓએ લખ્યું, ''સ્વરાજ કે અધિરાજ્ય કે ઉપનિવેશ સરકાર નથી અને ન તો અન્ય કોઈ પ્રકારની સરકારનું નામ છે. તેનો અર્થ છે આપણા રાષ્ટ્રીય જીવનની પૂર્તિ, આપણા દેશની પ્રાપ્તિ. અમારો દાવો છે કે અમે એક રાષ્ટ્ર તરીકે ક્યારેય અંત નહીં પામીએ, બલકે હંમેશા જીવિત રહીશું.''

શ્રીઅરવિંદે પોતાનાં વિવિધ પુસ્તકોમાં સ્વરાજ્યના મહત્ત્વનું વર્ણન કરતાં લખ્યું છે કે અમે અમારી માતૃભૂમિના દૈવી ગુણોની તુલનાએ કોઈ અન્ય રાજકીય ઉદ્દેશને સ્વીકારતા નથી. અમારા વર્તમાન રાજનીતિક પ્રયત્નોનો ઉદ્દેશ સ્વતંત્રતા ઉપરાંત અન્ય કંઈ નથી અને કોઈ પણ કાર્ય કે પદ્ધતિ રાજકીય દષ્ટિથી સારી કે ખરાબ નથી, જો એ રાષ્ટ્રની સ્વતંત્રતાને માટે સહાયક કે બાધક હોય છે. અરવિંદની દષ્ટિએ વ્યક્તિ, સમાજ અને રાષ્ટ્રની સ્વતંત્રતા અત્યંત જરૂરી હતી. તેઓ સ્વરાજ્યને આત્માનું અભિન્ન અંગ માનતા હતા. જ્યાં સ્વતંત્રતા છે ત્યાં આત્મા છે. આ એક શાશ્વત અને ચિરંતન સિદ્ધાંત છે. તેને કોઈથી ભય નથી. રાજદર્શનનો અંત જ તે સિદ્ધાંત પર હોવો જોઈએ.

**રાજ્ય અને રાષ્ટ્રમાં અંતર** : શ્રીઅરવિંદે જ્યાં રાષ્ટ્રનું સમર્થન કર્યું છે ત્યાં રાજ્યને માનવ સમુદાયના રૂપમાં અપર્યાપ્ત માનેલ છે. તેના મતે, ''રાષ્ટ્ર શું છે ? આપણી માતૃભૂમિ શું છે ? એ એક ભૂમિનો ટુકડો શબ્દ અથવા મસ્તિષ્કની કલ્પના માત્ર નથી. તે એક મહાન શક્તિ છે જે એ કરોડો શક્તિઓના યોગથી બને છે જે રાષ્ટ્રને બનાવે છે, જે રીતે ભવાની મહિષમર્દિની એક વિશાળ શક્તિના સંગ્રહ અને એકતાના રૂપમાં લાખો દેવતાઓની શક્તિથી ઉત્પન્ન થઈ હતી.''

પરંતુ તેમ છતાં તેઓએ રાજ્યનો વિરોધ કરતાં કહ્યું છે કે રાજ્ય પોતાના સીમિત સ્વાર્થોની જ સિદ્ધિ કરે છે અને માનવએકતાના માર્ગમાં અવરોધ ઉત્પન્ન કરે છે. આ રીતે રાજ્યની એકતા કોઈ ને કોઈ બાહ્ય તત્ત્વ પર આધારિત હોય છે. આદર્શરૂપમાં આપણે એમ સમજીએ છીએ કે રાજ્ય સમાજનાં સામૂહિક બળ-બુદ્ધિ પર આધારિત છે અને સહુના હિતને માટે સંગઠિત કરાય છે, પરંતુ વ્યાવહારિક રૂપમાં એ થોડા લોકોની સ્વાર્થસિદ્ધિને માટે બનાવાયેલા યંત્રથી વિશેષ કશું નથી હોતું. તેઓએ લખ્યું છે કે સંગઠિત રાજ્ય ન તો રાષ્ટ્રની સર્વશ્રેષ્ઠ બુદ્ધિ છે, ન તો સામાજિક શક્તિઓનો કુલ સરવાળો છે. એ પોતાના સંગઠિત કાર્યક્ષેત્રમાં મહત્ત્વપૂર્ણ લઘુમતી વર્ગોને કાર્યશક્તિ અને તેના વિચારશીલ મનને બહિષ્કૃત કરી દે છે. એ તેને દબાવે છે અને અનુચિત રૂપે બહિષ્કૃત કરી દે છે.

શ્રીઅરવિંદ ઘોષે રાજ્યની ટીકા અન્ય એક આધાર પર કરી છે. તેમનો વિચાર છે કે રાજ્યમાં આંતરિક અને આંતરરાષ્ટ્રીય સંબંધોમાં અલગ-અલગ નિયમ રહે છે. આંતરિક મામલામાં જોકે કેટલાક નિયમોનું પાલન કરાય છે, પંરતુ આંતરરાષ્ટ્રીય જીવનમાં આ પ્રકારનો કોઈ નિયમ નથી. રાજયોમાં બધાં કાર્ય પોતાની સ્વાર્થ-સિદ્ધિના હેતુએ કરાય છે. જો કોઈ રાજ્ય કોઈ બીજા પર આક્રમણ ન કરે તો તેનું કારણ એ જ છે કે તેમાં તેને કોઈ લાભ નથી દેખાતો. રાજ્યને માટે આંતરરાષ્ટ્રીય કાનૂન, નૈતિકતા અને આદર્શ ત્યારે અર્થ રાખે છે, જ્યારે તેમાં તેમને પોતાનું હિત દેખાતું હોય. આ કારણે એક બળવાન રાજ્ય બીજા નિર્બળ રાજ્ય અને વ્યક્તિઓ પર અત્યાચાર કરે છે. આધુનિક સમયમાં જોકે રાજ્યના અત્યાચાર અગાઉ કરતાં બહુ ઓછા થઈ ગયા છે, એમ છતાં આંતરરાષ્ટ્રીય ક્ષેત્રમાં હજુ આવી સ્થિતિ આવી નથી. શ્રીઅરવિંદે રાજ્યના સર્વસત્તાધિકાર સિદ્ધાંતનું ખંડન કર્યું છે. તેઓએ રાજ્યને વ્યક્તિ પર બધા અધિકાર નથી આપ્યા અને તેઓ એમ પણ નથી માનતા કે રાજ્ય માનવના ચતુર્મુખ વિકાસનું એકમાત્ર સાધન છે. એટલે રાષ્ટ્રને મુખ્ય માનતાં રાજ્ય- શક્તિને તેમણે ઓછી કરી છે.

**રાષ્ટ્રને પ્રાથમિકતા** : રાષ્ટ્રને પ્રાથમિકતા આપતાં શ્રીઅરવિંદે તેનાં મૂળ તત્ત્વ આ પ્રમાણે દર્શાવ્યાં છે - ''રાષ્ટ્રીયતા એક સામાન્ય રુચિ, સામાન્ય ભાષા, સામાન્ય સંસ્કૃતિ અને એ બધાંને લઈને બનેલ એક સામાન્ય વિચાર, એક મનોવૈજ્ઞાનિક એકતા પર આધારિત હોય છે જે રાષ્ટ્રીયતાના વિચારમાં અભિવ્યક્ત થાય છે.'' રાષ્ટ્રનિર્માણને માટે સહુ પ્રથમ એક દેશ કે ભૌગાલિક એકમની જરૂર છે, જેના વિના રાષ્ટ્રનું નિર્માણ નથી થઈ શકતું. રાષ્ટ્રના નિર્માણને માટે બીજું તત્ત્વ આર્થિક એકતા છે, કેમ કે રાષ્ટ્રના સભ્યોને આજીવિકાનાં સાધનોની પણ જરૂર હોય છે. રાષ્ટ્રનું એક અન્ય મૂળ તત્ત્વ રાજકીય એકતા છે. સંસારમાં અનેક વખત પ્રબળ રાષ્ટ્રોએ દુર્બળ રાષ્ટ્રોની રાજકીય સ્વતંત્રતા નષ્ટ કરી તેને પોતાના રાજકીય સંગઠનમાં ભેળવી લેવાનો પ્રયાસ કર્યો, પરંતુ એ પ્રયાસ ક્યારેય સફળ નથી થયો, કેમ કે રાષ્ટ્રમાં રાજકીય એકતા જોવા મળે છે.

**રાજ્યમાં આધ્યાત્મિકતાનું પ્રતીક 'સચ્ચિદાનંદ'** : શ્રીઅરવિંદનું રાજ્ય આધ્યાત્મિકતાનું પ્રતીક છે અને તેનું પૂર્ણ રૂપ છે - 'સચ્ચિદાનંદ'. તેઓએ ચરમ સત્તાને જ સચ્ચિદાનંદની સંજ્ઞા આપી છે. શ્રીઅરવિંદના મતે સચ્ચિદાનંદનાં બે રૂપ છે. પ્રથમ રૂપમાં તે 'સત્' છે અને બીજા રૂપમાં તે 'સુપર માઇન્ડ' છે. જે પરમાત્મા અને વિશ્વને જોડવાવાળી એક કડીનું કામ કરે છે. સચ્ચિદાનંદનું વિશ્લેષણ આપણે આ રીતે કરી શકીએ છીએ-

| | | |
|---|---|---|
| શ્રીઅરવિંદના મતાનુસાર | = | સત્+ચિત્-શક્તિ+આનંદ |
| સત્ | = | Existence |
| ચિત્-શક્તિ | = | Consciousness Force |
| આનંદ | = | Bliss |

**૧. સત્ (Existence)** બૌદ્ધિક સ્તર પર સત્ના અસ્તિત્વનો અમે સ્વીકાર કરીએ છીએ, કેમ કે વિશ્વમાં જે ગતિમાન સત્તા છે તેનો કોઈ ને કોઈ આધાર હોવો જોઈએ. આપણે બધી અન્ય ચીજોની સત્તા નકારી શકીએ છીએ, પરંતુ સત્ (Being of Existence)ને નથી નકારી શકતા. શ્રીઅરવિંદ કહે છે કે જગતની ગતિમાન સત્તાનો આધાર બ્રહ્મ છે. બ્રહ્મ જ સત્ છે.

**૨. ચિત્-શક્તિ (Consciousness Force)** શ્રીઅરવિંદના મતાનુસાર બ્રહ્મ માત્ર સત્તા નથી, બલકે એ ચિત્-શક્તિ પણ છે. વિશ્વની સૃષ્ટિ

(જુઓ પાન નં. ૧૫)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# નવસ્થાનિકોનો ઉદય ભાગ - ૩

(ગતાંકનું ચાલુ....)

**પછી આવી મહામારી** : ૨૦૨૦માં દુનિયાભરમાં કોરોનાની નવી મહામારી ત્રાટકી. વિશ્વભરમાં સૌથી વધુ ફેલાયેલી આરોગ્યની આ સ્થાનિક કટોકટી હતી. ઝેરી જંતુઓને કોઈ સરહદો હોતી નથી. આ નવી વિષાણુજન્ય બીમારી ચીનનાં 'ભીનાં બજારો'માંથી પ્રાણીઓથી લઈને માનવો સુધી પહોંચી. તેની ગતિ એટલી તો તીવ્ર હતી કે છએક માસમાં તો આખી દુનિયાને વ્યાપી વળી. આપણે સામૂહિક રીતે કેટલા નબળા છીએ તેની આપણને જાણ થઈ. સૌથી વધુ પૌરુષ હોવાનો દાવો કરનારા નેતાઓ, સૌથી ઉચ્ચ મનાતા વિજ્ઞાનીઓ અને ટેકનોલોજી સંસ્થાનો અને સમર્થ આર્થિક સત્તાઓ બધાં આ વાયરસ આગળ ઝૂકી ગયાં. પ્રત્યેક રાષ્ટ્રે અનુભવ્યું કે પોતે કટોકટીમાં છે. એક એવો તબક્કો આવ્યો જ્યારે રાષ્ટ્રો સુરક્ષા મેળવવા સાધનોની ચોરી કરવા લાગ્યાં, તબીબી પુરવઠો મેળવવા માટે એકબીજાના હરીફ બની ગયાં અને હરીફાઈ કરવા લાગ્યાં કે કોણ એને માટેની રસી સૌથી પહેલાં બનાવી શકે છે.

આ એવો તબક્કો હતો કે જ્યારે દુનિયા એકબીજાની નજીક આવી શકે તેમ હતી એને બદલે એ તો જુદી પડી ગઈ. વૈશ્વિક સંસ્થાનો માટે કામ કરવાની મોટી તક હતી, પરંતુ એ બધાં સૌથી નબળાં સાબિત થયાં. સમયને જરૂર હતી વિશ્વાસ અને સહકારની, જેથી સ્થાનિક અને વૈશ્વિક પ્રયાસો નિર્ણાયક અને અર્થપૂર્ણ બની રહે. પણ આપણે બધાં તો વહેંચાઈ ગયાં ભેદભાવપૂર્ણ અને ઇજાગ્રસ્ત બનાવે એવા રાજકારણમાં. તેથી વધુ ખરાબ એ થયું કે ભવિષ્યનો વિચાર કરીને આપણે જોડાયેલા રહેવાનું હતું ત્યારે આપણે પરપોટા બની ગયા. જે દેશો 'સલામત' લાગતા ન હતા ત્યાંથી આવતા પ્રવાસીઓ માટે આપણાં બારણાં બંધ કરી દીધાં – આ બધું લાંબો સમય ટકે તેમ ન હતું. અમેરિકામાં આપણે જોયું કે ન્યૂયૉર્ક જેવું રાજ્ય આ બાબતે સફળતા મેળવી રહ્યું હતું, ત્યારે ઝેરી ચેપ કૂદકો મારીને બીજે પહોંચી જતો હતો.

પરસ્પર આધારિત વૈશ્વિક દુનિયાનું પરિણામ હતું આ મહામારી. દુનિયા એકબીજા સાથે જોડાઈને જીવતી હતી તેથી એનો પ્રસાર વધ્યો. આને કારણે જ વૈશ્વિક નેતાગીરી માટે આપણે દુઃખ અનુભવીએ છીએ. દલીલો એવી થવા લાગી કે વૈવિધ્યપૂર્ણ જીવનનો અંત આવી ગયો છે. યુનોનો મૃત્યુઘંટ વાગી ગયો છે, એવું કશું હવે શક્ય રહેતું નથી. અલગતાવાદ ગમે તેટલો ખરાબ હોય પણ તે નવી દુનિયાની વ્યવસ્થા બની જશે. વિશ્વના ઇતિહાસની આ કટોકટીની પળ હતી. બીજા વિશ્વયુદ્ધ પછી આપણે મહત્ત્વની વૈશ્વિક સંસ્થારૂપે યુનોની સ્થાપના કરી હતી. યુનોની કેટલીય એજન્સીઓ હતી અને એના કેટલાય સમજૂતીકરારો હતા. વર્ષો વીતતાં એણે ભયંકર ભૂલો કરી, સત્તા સામે અવાજ ન ઉઠાવી શકી. યુનો કંઈ માત્ર વેપાર માટે ન હતું. એણે તો નવી વૈશ્વિક વ્યવસ્થા ઊભી કરવાની હતી.



લોકશાહીમાં નબળાઈઓ માટે જવાબદારી નક્કી કરવામાં વધુ લોકશાહીયુક્ત વલણો આવશ્યક બનતાં હોય છે. એક તરફ સ્થાનિક સમુદાયમાં રોકાણ કરવાનું થાય છે તો બીજી તરફ વૈશ્વિક સમુદાયમાં. મૂળ મુદ્દો હોય છે કે દુનિયા સલામત રહેવી જોઈએ. એથી પણ વધુ તો લોકશાહી સલામત રહેવી જોઈએ. માનવઅધિકાર સલામત રહેવા જોઈએ. વિશ્વના કેન્દ્રમાં પર્યાવરણ રહેવું જોઈએ. એનાથી ઓછું કશુંય ન ખપે. આજે નહિ, તો કાલે પણ નહિ.

સપ્ટેમ્બર ૨૦૨૦માં યુનોની સ્થાપનાને ૭૫ વર્ષ થયાં. જ્યારે ન્યૂયૉર્કમાં એની વર્ચ્યુઅલ સામાન્ય સભા મળી ત્યારે પ્રત્યેક નેતાએ રેકર્ડ કરેલો સંદેશ મોકલ્યો. – આ સમયે દુનિયા સૌથી વધુ વિભાજિત હતી. વૈશ્વિક સહકારના ક્ષેત્રે સૌથી વધુ નિષ્ક્રિય હતી, એથી વધુ તો દેશો અને પ્રજાઓ વચ્ચે અસલામતી, ઘૃણા સૌથી વધુ ઊભરાતાં હતાં. ધરતીકંપમાં ધરતી ભીતર જે ઊથલ-પાથલ થાય છે એવું કંઈક આ દુનિયા અનુભવી રહી હતી. લોકશાહીમાં સૌથી મહત્ત્વનાં સાધનો હોય છે માહિતીની મોકળાશ, જ્ઞાન અને કાર્ય. જેનાથી મુક્ત સમાજોનું નિર્માણ થતું હોય છે. હવે તેથી વિપરીત થઈ રહ્યું હતું. સમાજો બંધ અને સંકુચિત થઈ રહ્યા હતા. દુનિયા વધુ ને વધુ વિભાજિત અને ધ્રુવીકૃત બની રહી હતી. જેમાં માહિતી અને જ્ઞાન મેળવવાનું મુશ્કેલ બની રહ્યું હતું.

**સામાજિક કે અ-સામાજિક ?** : થોડાં વર્ષો પૂર્વે આપણે પોતે આપણી આસપાસ જે વાયુમંડળ ઊભું કરી દીધું છે તેનો હું વિચાર કરતી હતી. આપણે આપણી સાથે જે લોકો સંમત થતા હોય તેમને જ અનુસરતા હોઈએ છીએ. એવા સમાચારો અને એવા જ વિચારો તરફ ઢળીએ છીએ જેની સાથે આપણે સંમત હોઈએ. આપણને સમાચાર અને માહિતી પૂરાં પાડનારાં મંચો મર્યાદિત હોવાનું એ લોકો માનતા હતા. તેમને ખબર હતી કે જે કરુણ છે તેમાં આપણને રસ છે તેથી તો તેઓ ગરીબ દુનિયાની વાત જે વધુ વ્યાપક છે તેને સીધી દૂર જ કરી દેતા. આ ગરીબો એ ઉપભોક્તા વર્ગ ન હતો. આમ, આપણે વધુ ને વધુ અસહિષ્ણુ બનતા જતા હતા.

થોડાં વર્ષોમાં જ આ વાત પણ ઊભરી હતી. નેટફ્લિક્સની દસ્તાવેજી ફિલ્મ – The Social Dilemma એ તપાસતી હતી કે સોશિયલ મીડિયા અને ઇન્ટરનેટ કંપનીઓ આપણો કેવો ઉપયોગ કરતી હતી. આપણે મોબાઈલમાં જે કંઈ જોઈએ તેના પર નજર રખાતી હતી. એટલે આપણને શું ગમે છે, આપણે શેની ટીકા કરીએ છીએ તે સર્વ પર એમની નજર રહેતી. પછી એ લોકો ટેકનોલોજીની મદદથી એવું જ પૂરું પાડતા રહેતા જે જોવું આપણને ગમતું હોય. પ્રત્યેક વ્યક્તિ જુદી જ હકીકતો પર કામ કરતી. તેથી હકીકત આ જ છે કે બીજી બાબતોની એને ખબર જ ન પડતી.




YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

બિનલોકશાહી પદ્ધતિઓ ફેલાવા લાગી. ખરી વક્રોક્તિ તો એ હતી કે યુનોની સ્થાપનાના અમૃતપર્વે બે મહત્ત્વનાં ભાષણો થયાં. મુક્ત વિશ્વના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ 'અમેરિકા ફર્સ્ટ' વિશે બોલ્યા અને ચીની પ્રમુખ શી જીનપિંગ લોકશાહી મૂલ્યોના જાણે મોટા તરફદાર હોય તેમ બોલ્યા. આપણે જે લોકશાહીને ઓળખતા હતા તેને તો પાયામાંથી લૂણો લાગ્યો જ હતો. લોકશાહીની અલગ જ વૈકલ્પિક વાસ્તવિકતા આપણી સમક્ષ પ્રસ્તુત કરાતી હતી. ચીનનું લોકશાહી મૉડેલ નવું ધોરણ બની જશે એવો પડકાર ઊભો થતો હતો. એકાધિરવાદી વિકાસના આ મૉડલને ઘણા દેશો અને નેતાઓ પોતાને ત્યાં ઊભું કરવા ઇચ્છતા હતા. કારણ કે તે જ કાર્યદક્ષ અને સફળ લાગતું હતું. ચીનાઓ આપણને કહેતા હતા કે કોવિડ-૧૯ની કટોકટી પર તેમણે કેવી રીતે કાબૂ મેળવ્યો. ભલે ને તે વુહાનથી શરૂ થતું હોય, પરંતુ એને અંકુશિત તો બનાવી દેવાયું. ઘણા નિરીક્ષકોએ કહ્યું પણ ખરું કે ''વિષાણુઓ પણ આ મૉડેલને જ અનુસરે છે !''

આમ યુનોના અમૃત ઓચ્છવે દુનિયાને ફરી હતી ત્યાં જ લાવી દીધી હતી. યુદ્ધ પછી આપણે શરૂઆત કરેલી. વળી, પાછા નવા યુદ્ધની શરૂઆતના તબક્કે આપણે આવી પૂગ્યા હતા. આપણને ખબર છે કે હવેનું યુદ્ધ લોકશાહી સામેનું થઈ ગયું હતું. વર્ષ ૨૦૨૪ અનેક રીતે લોકશાહીનું ભાવિ સ્વરૂપ નક્કી કરી રહેશે. આ વર્ષે દુનિયાની અડધી પુખ્ત વસતિ નવી સરકારો ચૂંટી કાઢવા મતદાન કરશે. પ્રશ્ન તો એ છે કે આપણો લોકશાહી વિચાર નવા વર્ષમાં બચશે કે એનું સ્વરૂપ બદલાઈ જશે. વિશ્વભરમાં આપણે જમણેરી તાકાતનાં વૃદ્ધિ અને વિકાસ જોઈ રહ્યાં છીએ. વળી એના પાયામાં મતદાતાઓ જ છે, જે બધા ડર અને વિભાજિત રાજકારણથી દોરવાય છે.

શું લોકશાહી માત્ર ને માત્ર મતદાનનો વિષય જ બની રહેશે અને બહુમતીનો વિજય નિહાળતી રહેશે ? લોકશાહીનો વિચાર અને વ્યવહાર તો અભિવ્યક્તિની આઝાદી, વિરોધનો સૂર અને મજબૂત સંસ્થાઓ દ્વારા સત્તાના સંતુલન માટે છે. આજે દુનિયામાં જે અનેક યુદ્ધો ચાલી રહ્યાં છે તે સામે આપણે હારી જઈશું ? વૈશ્વિક બનેલા વિશ્વમાં સૌથી મૂંઝવતો પ્રશ્ન વેપારનો છે જે તરફ પાછા વળીએ. ચીન અને અમેરિકા વચ્ચે જે વેપાર યુદ્ધ ચાલી રહ્યું છે તેનું એક કારણ એ છે કે ભવિષ્ય માટે જરૂરી એવાં સંસાધનો અને ટેકનોલોજી પર એમને કાબૂ મેળવવો છે. દુનિયા જે 'ગ્રીન ઇકોનોમી' માટે મરણિયો પ્રયાસ કરી રહી છે તેને પણ પોતાના અંકુશમાં એમને લેવી છે. આજે ચીન બૅટરીના પુરવઠામાં આગળ છે, દુનિયાનું અડધું લિથિયમ, કોબાલ્ટ અને ગ્રેફાઈટ ચીનમાં પ્રક્રિયા હેઠળ છે, સૂર્ય ઊર્જામાં પણ એણે વર્ચસ્વ પ્રાપ્ત કર્યું છે. આ દુશ્મનને હરાવવા અમેરિકાએ પોતાનાં બધાં જ સબસીડી માટેનાં વૈચારિક ધોરણો નેવે મૂક્યાં છે. અમેરિકામાં ઓછાં કાર્બનજનિત ઉત્પાદનો પેદા થાય તે માટેની કંપનીઓને ઇન્ફ્લેશન રિડક્સન એક્ટ હેઠળ નાણાંકીય સહાય અપાય છે. યુરોપિયન યુનિયન પાસે સામાન પર કર લાદવાની પોતાની પદ્ધતિ છે, તે કાર્બન બોર્ડર એડજસ્ટમેન્ટ મિકેનિઝમ હેઠળ પ્રવેશપાત્ર બને છે.




સવાલ તો એ છે કે પશ્ચિમની દુનિયા આ સ્થિતિને ભેદવામાં સફળ થાય તો તેથી ગ્રીન એનર્જી તરફ વળવાની કિંમત કદાચ વધશે અને તેમાં વિલંબ પણ સર્જાશે કે પછી એ અશક્યને શક્ય બનાવશે ? એને અલભ્ય એવાં ખનિજ દ્રવ્યો ઉત્પાદન ઉદ્યોગ માટે પ્રાપ્ત થશે ? પર્યાવરણનાં ધોરણો અને શ્રમના ઊંચા દામ સાથે તે પ્રાપ્ત થશે ? જે દેશો પાસે કુદરતી સંસાધનો છે અને એને અંગેની ટેકનોલોજી - જ્ઞાન પણ છે અને તેઓ તેનો મહત્તમ લાભ ઉઠાવવાનું નક્કી કરે છે ત્યારે વૈશ્વિકીકરણ ક્યાં રહેશે ? તે સ્થાનિકીકરણ તરફ તો નહિ દોરી જાય ?

વૈશ્વિકીકરણથી વિપરીત દિશામાં જઈશું તો એનો અર્થ એ પણ થાય કે ગ્રીન એનર્જી તરફનો માર્ગ ખોરવાય. દાખલા તરીકે અમેરિકા ઇન્ફ્લેશન રિડકન્શન એક્ટ (IRA) અન્વયે વીજળીથી ચાલતાં વાહનોના સ્થાનિક ઉત્પાદન માટે સહાય પૂરી પાડે છે. વળી, તેણે એમ પણ જાહેર કર્યું છે કે આવાં વીજળીથી ચાલતાં વાહનો જો ચીને ઉત્પાદિત કરેલ બૅટરીના પૂર્જા વાપરશે તો તે પૂરી સહાય માટે યોગ્ય નહિ ઠરે, આગળ તે એમ પણ કહે છે કે આવા ઉત્પાદકો ચીનની સરકાર સાથે મહત્ત્વના સંબંધો ધરાવતા હશે અથવા તો ચીન આધારિત કે અંકુશિત ઑપરેટર સાથે પરમિટ કરાર ધરાવતા હશે તો પણ તે વાહનો IRA મુજબ યોગ્ય નહિ ઠરે.

આજે ચીન બૅટરી ઉત્પાદન અને તેના કાચા માલ પર જ્યારે લગભગ પૂરો અંકુશ ધરાવે છે ત્યારે એની સાથે કોઈ વ્યવહાર ન રાખવો એમ નક્કી કરવાથી તો વીજળીથી ચાલતાં વાહનો તરફની ગતિ વિલંબિત થશે અથવા ઘણી મોંઘી પણ પડશે. ચીની ઈલેક્ટ્રિક/કારના ઉત્પાદક BYD આજે પણ એલન મસ્કની ટેસ્લા ગાડીથી આગળ જ છે. ફાઇનાન્શિયલ ટાઇમ્સના વર્ષ ૨૦૨૩ના ચોથા સત્રના અહેવાલ મુજબ ટેસ્લા ગાડીનું વેચાણ ૪,૮૪,૦૦૦ હતું જ્યારે ચીનની BYDની બૅટરીથી ચાલતાં ઇલેક્ટ્રિક વાહનોનું વેચાણ ૫,૨૬,૦૦૦ હતું. આપણે સ્થાનિકીકરણ અને ગ્રીન ઊર્જા તરફ ઝડપી ગતિના ઉદ્દેશથી ચાલીએ છીએ, પરંતુ તે સામે ચીનની ઇજારાશાહી એક મોટો પડકાર બનીને આવી શકે.

ભારતમાં પણ તેમ જ છે. આપણે યોગ્ય રીતે સૌર ઉદ્યોગ માટે સ્થાનિક રીતે રોકાણ કરવાનું નક્કી કર્યું છે. ભારતની સરકારે સોલર સેલ અને એના મોડ્યુલના ઉત્પાદન માટે નાણાંકીય પ્રોત્સાહનો જાહેર કર્યા છે. તે સાથે ચીની ઉત્પાદનો પર ઊંચો આયાતી દર પણ લાદ્યો છે. એ કહેવું અઘરું છે કે આનાથી ભારતના પુનઃપ્રાપ્ત ઊર્જા કાર્યક્રમમાં મુશ્કેલી ઊભી થશે કે પછી સ્થાનિક ઉત્પાદન તેની ગતિ જાળવી રાખવામાં કે કિંમતની હરીફાઈમાં ટકી રહેશે. બીજી તરફ, આપણે ઉદ્યોગ ઊભા કરીએ એમાં દેખીતો લાભ પણ છે. દુનિયાનો મુક્ત વ્યાપાર

(જુઓ પાન નં. ૨૨)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# લોકશાહીનો ઝીણો પણ મધુર ધ્વનિ !

**ઘ**ણા સમય પછી લોકશાહીનું એક અદ્‌ભુત દશ્ય જોયું-વાંચ્યું.

અમેરિકામાં ન્યુયોર્કના મેયરની ચૂંટણી હતી. ડેમોક્રેટ પક્ષના મુસ્લિમ ઉમેદવાર અને સમાજવાદી વિચારધારા ધરાવતા મમદાની ઊભા હતા. તે પ્રમુખ ટ્રમ્પને જરા પણ પસંદ ન હતા. એટલે ચૂંટણી પૂરી ન થઈ તે દરમ્યાન ટ્રમ્પે તેને દેવાય તેટલી ગાળો આપી. તેણે મમદાનીને સો ટકા સામ્યવાદી, પાગલ અને જેહાદી કહ્યા. ત્યાં સુધી કહ્યું કે જો મમદાની ચૂંટાશે તો તે ન્યુયોર્કને અપાતી ગ્રાન્ટ પણ અટકાવી દેશે. પણ મમદાની તો જીતી ગયા. અમેરિકામાં કોઈ સમાજવાદ વિચારધારા ધરાવનાર જીતે તે પણ એક મહત્ત્વની ઘટના હતી, કારણ કે અમેરિકા તો નકરો મૂડીવાદી દેશ છે. વળી મમદાની મુસ્લિમ હતા. કટ્ટરવાદી વિરોધી વાતાવરણ વચ્ચે તેમનું જીતવું પણ નવાઈ જેવું હતું. પણ, લાગે છે કે, તેમની ઉદારવાદી વિચારસરણીએ તેમને જિતાડ્યા છે. તે અર્ધા ભારતીય હિંદુ છે. તેમની માતા મીરા નાયર હિંદુ છે. પિતા મુસ્લિમ છે. સંભવ છે, તેમણે જે વાતો કરી હશે તે ન્યુયોર્કના બહુમત લોકોને પસંદ પડી હશે.

'લોકશાહીનું અદ્‌ભુત દશ્ય' હવે શરૂ થાય છે.

જીત્યા પછી ટ્રમ્પે તેને વ્હાઈટ હાઉસમાં આમંત્રણ આપ્યું. તે ગયા. બધાને હતું કે ટ્રમ્પ તેમનું અપમાન કરશે, પણ ટ્રમ્પે તો તેમનું ઉમળકાભર્યું સ્વાગત કર્યું. ત્યાં પત્રકારો પણ હતા. તેમણે ટ્રમ્પને મમદાની વિષે સવાલ પૂછતાં ટ્રમ્પે કહ્યું કે, ''મેં ધાર્યું હતું તેના કરતાં અમે ઘણી બાબતો પર સંમત છીએ. હું તેઓ ઉત્તમ કામ કરે તેમ ઇચ્છું છું. તેમને સલામત ન્યુયોર્ક જોઈએ છે. અને મને ખાતરી છે કે તેમના હાથમાં ન્યુયોર્ક મહાન બનશે. તેમના ન્યુયોર્કના વિકાસ વિશેના વિચારો મને પસંદ છે.'' પત્રકારે પૂછ્યું કે તેઓ મમદાનીના ન્યુયોર્કમાં રહેવા ઇચ્છશે ? તેના જવાબમાં કહ્યું કે ''મેયર મમદાનીના ન્યુયોર્કમાં રહેતા મને પૂર્ણ સલામતીનો અનુભવ થશે.'' ટ્રમ્પને એમ પૂછ્યું કે મમદાનીના વિચારો તો તેમને પસંદ નથી, તો ?'' તેના જવાબમાં ટ્રમ્પે કહ્યું કે, ''હા, તેના વિચારો થોડા વિચિત્ર છે, પરંતુ હવે મારા વિચારોમાં પણ પરિવર્તન આવ્યું છે અને મને ખાતરી છે કે તે ઉત્તમ કામ જ કરશે.''

પત્રકારોએ મમદાનીને સવાલ પૂછ્યો કે તેમણે ટ્રમ્પને ફાસીસ્ટ - સરમુખત્યાર કહ્યા હતા. તો હવે શું માને છે ? મમદાનીએ પોતાનું નિવેદન પાછું ન ખેંચ્યું, પણ કહ્યું કે ''પ્રેસીડન્ટ પોતાની સ્થિતિ માટે સ્પષ્ટ હતા. અને અમારી આ મિટિંગ કેવળ ન્યુયોર્કની સેવા કરવામાં સહાયભૂત થવા માટે જ હતી.'' ત્યારે ટ્રમ્પે વચ્ચેથી કહ્યું કે, ''મને તો સરમુખત્યાર કરતાં પણ વધારે ખરાબ ચીતરવામાં આવે છે.''

આ આખો ઇન્ટરવ્યુ વાંચ્યા પછી લોકશાહીની મહાનતાનો ખ્યાલ આવ્યો. નહેરુના સમયમાં આવી લોકશાહી જોઈ હતી. પણ અત્યારે આપણે ત્યાં આવી ઉદારતાનો અભાવ જોવા મળે છે તે વધારે ખૂંચે છે. આમ તો ટ્રમ્પ પણ સાચા લોકશાહીના માણસ નથી, પણ આ વખતે તેમણે વળી થોડું ડહાપણ બતાવ્યું.

લોકશાહીમાં પાયાની બાબત છે ''વિરોધીના વિચારોનું પણ સમ્માન કરવું.'' વિરોધી પ્રત્યે મતભેદ હોઈ શકે, પણ મનભેદ ન હોય. અગત્યનો મુદ્દો હોય તો આ કહેવાતા વિરોધીને પણ સાથે રાખી નિર્ણય લેવાય. અને વિરોધીનો મત સાચો હોય તો, તે વિરોધી હોવા છતાં, તેને સ્વીકારાય અને જરૂર પડે તો તેનો અમલ કરાય. નહેરુના સમયની સંસદ યાદ છે. તેમની સામે તેમના સમકક્ષ અને ક્યારેક તો ચડિયાતા લોકો વિરોધ પક્ષમાં હતા, પણ નહેરુ એ બધાનું પૂરું સમ્માન કરતા. બાજપેયી ત્યારે બહુ નાની ઉંમરના હતા, છતાં નહેરુ તેમનું ભાષણ ધ્યાનથી સંભાળતા અને જાહેરમાં કહેતા કે આ છોકરો ખૂબ આગળ જશે. ઊંચાં પદો પર કેવળ ''યોગ્ય'' લોકો જ પસંદ કરાતા. એટલે જ શરૂઆતમાં આપણને રાજેન્દ્ર પ્રસાદ, રાધાકૃષ્ણન, ઝાકીરહુસેન જેવા લોકો મુખ્ય પદો પર મળ્યા જેનો લાભ લોકશાહીને મજબૂત કરવામાં મળ્યો. નહેરુએ ઉત્તમ સંસ્થાઓ સ્થાપવા સાથે તેને ઉત્તમ લોકોને સોંપી. પરિણામે આજે તે બધી સંસ્થાઓનો લાભ દેશને મળે છે.

પણ, ફરીથી, પાયામાં છે ''વિરોધીના મતનો સ્વીકાર,'' ફ્રાન્સમાં ક્રાંતિ થઈ ત્યારે વોલ્તેર અને મોન્તેસ્ક વૈચારિક રીતે એકબીજાના કટ્ટર વિરોધી હતા. એક વાર મોન્તેસ્કને ફ્રાન્સના રાજાએ કેદમાં પૂર્યા, ત્યારે તેના વિરોધીએ વોલ્તેર પાસે જઈ કહ્યું કે તેમના વિરોધી મોન્તેસ્કને રાજાએ જેલમાં પૂર્યા છે. ત્યારે વોલ્તેરે પેલાને ઠપકો આપ્યો અને કહ્યું કે તે તેને છોડાવવા માટે લડશે. પેલાએ સવાલ કર્યો કે તે તો તેમનો વિરોધી હતો, ત્યારે વોલ્તેરે કહ્યું કે તે ભલે તેમનો વિરોધી હતો, પણ તેને સ્વતંત્ર અભિપ્રાય આપવાનો હક હતો. અને તેને એ હક મળે તે માટે તે રાજા સામે લડશે.

આને કહેવાય લોકશાહી માનસ. આ માટે નીડરતા અને ઉદાર બુદ્ધિ જોઈએ.

ફ્રાન્સના રાજાને પોતાની ખુશામત બહુ ગમતી. જે તે ન કરે તેને તે જેલમાં મોકલી દેતો. એક વાર તેણે વોલ્તેરને દરબારમાં બોલાવ્યો અને તેનાં વખાણ કરવા કહ્યું. વોલ્તેર પાછો જવા લાગ્યો. તો રાજાએ પૂછ્યું કે તે ક્યાં જાય છે, તો વોલ્તેરે જવાબ આપ્યો કે તે જેલમાં જાય છે. તે રાજાનાં ખોટાં વખાણ નહિ કરી શકે. મીનુ મસાની, મહાવીર ત્યાગી, રામ મનોહર લોહિયા વગેરે સંસદમાં નહેરુની નીતિઓની કડક ટીકા કરતા તે સાંભળીએ તો નવાઈ જ લાગે. આજે તેઓ હોત તો દેશદ્રોહના ગુના હેઠળ જેલમાં હોત. ચીને ૧૯૬૨ના યુદ્ધમાં ભારતની થોડી જમીન હડપી લીધી ત્યારે બધાએ નહેરુની ખૂબ ટીકા કરી. ત્યારે નહેરુએ બચાવ કરતાં કહ્યું કે તે જમીન આમ પણ સૂકી હતી. ખાસ કામની ન હતી. ત્યારે મહાવીર ત્યાગી ઊભા થયા અને પોતાની ટાલ બતાવીને કહ્યું કે તેમનું મસ્તક પણ સૂકું જ છે, તો શું તે ચીનને આપી દેવું ! મોરારજીભાઈ દેસાઈના પુત્રને એક વાર એક લાભ મળ્યો, ત્યારે બધાએ તેની ટીકા કરી. ત્યારે મોરારજીભાઈ ગુસ્સે થઈને બોલ્યા,

(જુઓ પાન નં. ૧૯)




YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# સત્યના પ્રયોગો અથવા આત્મકથા

('સત્યના પ્રયોગો અથવા આત્મકથા' ગાંધીજીએ પોતાના જીવનમાં કરેલા પ્રયોગો ને અનુભવોના નિચોડની કથા છે. જેરામદાસ અને સ્વામી આનંદ જેવા નિકટના સાથીઓની માંગણીને માન આપીને ગાંધીજીએ આત્મકથા લખવાનું સ્વીકાર્યું. તે પહેલાં એમણે 'દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ' લખ્યો. ગાંધીજીને સમજવા અને તે કાળના સમાજ-રાજકારણને સમજવા માટેનું એક અમૂલ્ય પુસ્તક આપણને પ્રાપ્ત થયું. ગાંધીજી કહે છે, ''...સ્વામી આનંદે ફરી પાછી એ જ માંગણી કરી છે. તેમની માંગણી તો એવી હતી કે મારે આખી કથા લખી નાંખવી અને પછી તે પુસ્તકાકારે છપાય. મારી પાસે એકસામટો એટલો સમય નથી. જો લખું તો નવજીવનને સારુ જ લખી શકાય. માટે નવજીવન સારુ કંઈક તો લખવાનું હોય જ. તો આત્મકથા કાં નહીં ? સ્વામી (આનંદ)એ નિર્ણય કબૂલ રાખ્યો, અને આત્મકથા લખવાનો હવે મને અવસર આવ્યો.''

પુસ્તકની પ્રસ્તાવનામાં તેઓ આગળ કહે છે, ''જે પ્રકરણો હું લખવાનો છું તેમાં જો વાંચનારને અભિમાનનો ભાસ આવે તો તેણે અવશ્ય સમજવું કે મારી શોધમાં ખામી છે... ભલે મારા જેવા અનેકોનો ક્ષય થાઓ. પણ સત્યનો જય થાઓ...'' આગળ ''મારા લેખોને કોઈ પ્રમાણભૂત ન ગણે એમ હું ઇચ્છું છું એવી મારી વિનંતિ છે... કહેવા-યોગ્ય એક પણ વાત હું છુપાવવાનો નથી. મારા દોષોનું ભાન વાંચનારને હું પૂરેપૂરું કરાવવાની આશા રાખું છું. મારે સત્યના શાસ્ત્રીય પ્રયોગો વર્ણવવાના છે, હું કેવો રૂપાળો છું એ વર્ણવવાની તલમાત્ર ઇચ્છા નથી.'' આવી અદ્‌ભુત વ્યક્તિની અદ્‌ભુત કથાનું વિવેચન આદરણીય નારાયણભાઈએ કર્યું છે, જે વાંચીને (ન વાંચ્યું હોય તો) ભાગ્યે જ કોઈ આ વાંચ્યા વિના રહી શકશે !

આ પુસ્તક લખવાની શરૂઆત ૧૯૨૧માં થઈ હતી પરંતુ તેમની રાજકીય વ્યસ્તતાને લીધે તે કામ બાજુ પર મૂકવું પડેલું. ત્યારબાદ તેમણે ૧૯૨૫ના શિયાળામાં ૫૬ વર્ષની ઉંમરે આત્મકથા લખવાની શરૂઆત કરી અને ૨૫ નવેમ્બર ૧૯૨૫થી ૩ ફેબ્રુઆરી ૧૯૨૮ સુધીના ગાળામાં ૧૬૬ હપ્તામાં આ કથા લખાઈ તથા તેનું શ્રેણીકરણ કરવામાં આવ્યું, જે નવજીવનમાં પ્રકાશિત થયું હતું. આમ પહેલો હપ્તો (લેખ) છપાયો તેને આ નવેમ્બરમાં ૧૦૦ વર્ષ પૂર્ણ થયાં છે. આત્મકથાનો ભાગ-૧ ૧૯૨૭માં અને ભાગ-૨ ૧૯૨૯માં પ્રકાશિત કરવામાં આવ્યા હતા.




અત્યાર સુધીમાં આત્મકથાનું ૧૮ મુખ્ય ભારતીય ભાષાઓમાં તેમજ ૩૦ વિદેશી ભાષાઓમાં ભાષાંતર થઈ ચૂક્યું છે. માત્ર નવજીવન ટ્રસ્ટ દ્વારા તેની એક કરોડથી વધુ નકલો વેચાઈ ચૂકી છે. ૬૫ લાખ અંગ્રેજી નકલો, ૧૪ લાખ ગુજરાતી, ૯ લાખ મલયાલમ તો ૭ લાખ તામિલ નકલો વેચાઈ ચૂકી છે. આમ આ પુસ્તક 'બેસ્ટ સેલર' ગણાય છે.

## સત્યના પ્રયોગો અથવા આત્મકથા

મહાત્મા ગાંધીએ જન્મથી માંડીને પોતે એકાવન વરસના થયા ત્યાં સુધી (૧૮૬૯ થી ૧૯૨૦ સુધીની) લખેલી જીવનકથા, આત્મકથા લખવી કે નહિ એવી મનમાં થોડી અવઢવ અને કામની વ્યસ્તતા છતાં કેટલાક અંતરંગ મિત્રોના આગ્રહને લીધે લખાયેલી આ કથા જોકે તેમના જીવનનાં અગત્યનાં છેલ્લાં ૨૭ વર્ષોને આવરી નથી લેતી, તે છતાંય આ ગ્રંથ એની વસ્તુ, ભાષા, શૈલી અને નિરૂપણને કારણે માત્ર ગુજરાતી ભાષામાં જ નહિ પણ વિશ્વની સર્વ ભાષાઓમાં એક ઉત્તમ આત્મકથા તરીકે સ્થાન પામી શકે એમ છે.

## રાષ્ટ્રપિતા ગાંધીજી

આ ગ્રંથની મહત્તા મુખ્યત્વે એની પારદર્શિતાને લીધે છે. આ કથા ગાંધીજીએ જીવનમાં કરેલા પ્રયોગોની યથાતથ કહાણી છે. આ પ્રયોગો સત્યના છે અને લખતી વખતે જે સત્ય ગાંધીજી અનુભવે છે ત્યાંથી પરમ સત્ય - જેને વિશે તેમને ઊંડી શ્રદ્ધા છે - ત્યાં સુધી પહોંચવા સારુ કરેલા પ્રયાસોની આ કથા છે. પોતે સિદ્ધ હોવાનો તેમણે કદી દાવો કર્યો નથી. આ એક સાધકની એવી કથા છે, જેમાં તેણે પોતાના જીવનની કિતાબને દુનિયા આગળ ધરી દીધી છે. આને પરિણામે કોઈ સિદ્ધ મહાપુરુષે જીવનમાં મેળવેલી સિદ્ધિઓ કે તેમણે ક્રેલા કોઈ ચમત્કારોની આ કથા નથી; પણ પ્રતિક્ષણ જાગ્રત રહીને કરેલી સાધનાની કથા છે. તેના આ ગુણને લીધે આ ગ્રંથ તેના વાચકના મનમાં માત્ર અહોભાવ પેદા કરીને અટકી જતો નથી. આત્મકથા પોતાના જેવી જ કોઈ વ્યક્તિ સત્યનું લક્ષ્ય આંખ આગળ રાખી, અંતરાત્માને સાક્ષી રાખીને પ્રયાસ કરતી રહે તો જીવનમાં કેટલે સુધી પહોંચી શકે છે એનો નમૂનો પૂરો પાડી વાચકને આવો પુરુષાર્થ કરવાની પ્રેરણા આપે છે. 'સત્યના પ્રયોગો' સત્યની એક એક ટૂક સર કરતા પરમ સત્ય તરફ આગળ વધતા આરોહણની કથા છે.

ગાંધીજીને સત્યની પ્રતીતિ ગળથૂથીમાંથી છે. આપણને આપણા અસ્તિત્વ વિશે જેટલું ભાન હોય છે, તેવું ભાન ગાંધીજીને પોતે જેને 'સત્ય' તરીકે ઓળખે છે, તેને વિશે છે; પરંતુ આપણું અસ્તિત્વ એ પરમ અસ્તિત્વનો એક અંશ જ છે, એનું ભાન ગાંધીજીને એમનું સત્ય એ પરમ સત્યનો જ એક અંશ છે તે પરત્વે હતું. તેથી તેમનો સતત પ્રયાસ એ પરમ સત્યને પામવાનો છે અને આ પ્રયાસ ગ્રંથના આદિથી અંત સુધી પ્રતિબિંબિત થાય છે.

સત્યની ગાંધીજીની વ્યાખ્યા સરળ છે. 'જે વિચારો, તે ઉચ્ચારો; અને જે ઉચ્ચારો તે આચરો.' મન, વાણી અને કર્મની એકવાક્યતામાં એમને સત્ય લાધે છે. સત્યની આ સરળ વ્યાખ્યામાંથી જ એમની આત્મકથાની પારદર્શિતા પ્રગટે છે. ભાગ્યે જ બીજા કોઈ આત્મચરિત્રમાં આપણને આવી પારદર્શિતા જડશે.



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

આ પારદર્શિતા ગાંધીજી પાસે તેમની બધી અણઘડતા, મૂર્ખતા, ભીરુતા, વિષયાંધતાને નિઃસંકોચપણે અભિવ્યક્ત કરાવે છે, પરંતુ બીજાં કેટલાંક 'કન્ફેશન્સ'ની માફક ગાંધીજી તેમાં રાચતા નથી અને વાચકને રાચવા પ્રેરતા પણ નથી. મોટેભાગે પોતે કરેલી ભૂલમાં કોઈ ભાગીદાર હોય તો તેમના નામનો ઉલ્લેખ કરવાનું તેઓ ટાળે છે. એમને બીજાને હેઠા પાડવામાં રસ નથી, બલકે ઉપર ચડાવવામાં રસ છે. તેઓ પોતાની ભૂલનો રાઈનો પર્વત કરે છે અને એના વર્ણનમાં એ ભૂલ હિમાલય જેવી મહાન બની જાય છે. આ ભૂલો સ્વેચ્છાએ પ્રકાશિત થતી હોવાને લીધે હિમાલય જેવી ઉદાત્ત અને હિમાલય જેવી જ ઉજ્જ્વળ બની જાય છે !

ભૂલોથી ઉપર ઊઠવાની એમની પ્રક્રિયા પણ એમની સત્યની વ્યાખ્યા જેવી જ સરળ છે : મનમાંયે ભૂલ કરો તો તરત એને કબૂલ કરો, તેવી ભૂલ ફરી ન કરવાનો નિર્ણય કરો અને એ નિર્ણયને ચોક્સાઈથી પાળો. આ પ્રક્રિયાને લીધે જ 'આત્મકથા'માં એમની એક ભૂલ ફરી થયેલી જડતી નથી. ભૂલસુધારની આ પ્રક્રિયા અત્યંત નમ્રતાથી અને પોતાને અહંકારથી વેગળા રાખીને તેઓ અમલમાં મૂકે છે. માટે તે મોટાઈના દેખાડા વિના સહજ ભાવે અને ઘણી વાર પશ્ચાત્તાપના ઝરણામાં ડૂબકી દઈને પુણ્યશાળી બની સ્વાભાવિક રીતે વ્યક્ત થઈ છે.

સત્યદર્શન અને પરમસત્યદર્શન ગાંધીજીને સારુ આત્મદર્શન અને પરમાત્માદર્શનના પર્યાયવાચી બની રહે છે.

સત્યની ખોજમાંથી જ ગાંધીજીને અભેદદર્શન થાય છે – વ્યક્તિ અને સમદષ્ટિ વચ્ચેનો અભેદ, જીવનનાં વિવિધ પરિમાણો વચ્ચેનો અભેદ તથા સાધ્ય અને સાધન વચ્ચેનો અભેદ.

વ્યક્તિ અને સમદષ્ટિના અભેદને કારણે જ તેઓ 'હરિશ્ચંદ્ર' નાટક જોઈ વિચારે છે : બધા સત્યવાદી હરિશ્ચંદ્ર કાં ન બને ? જીવનને ખંડ ખંડ રૂપે ન જોવાથી જ તેમને રાજકારણ પણ અધ્યાત્મ-સાધનાનો વિષય લાગે છે.

સાધ્ય-સાધનના અભેદને કારણે એમની કોશિશ અહિંસાને વળગી રહીને સત્ય સુધી પહોંચવાની હોય છે.

પોતાના સત્યને ગાંધીજી જ્યાં સુધી તે ખોટું પુરવાર ન થાય ત્યાં સુધી વળગી રહે છે, પરંતુ પોતાને જણાતું સત્ય એ પૂર્ણ સત્ય નથી એનું ભાન તેમને સતત રહે છે. બીજાનું સત્ય જોવા સારુ તેઓ મનને સદા મોકળું રાખે છે. એમાંથી જ અહિંસા જન્મી છે. સત્ય બીજે પક્ષે પણ હોય એ વાત જે માને છે તેણે અહિંસા સ્વીકારી. સત્ય સાધ્ય છે અને અહિંસા સાધન. ગાંધીજી ક્રમશઃ એ બંનેમાં પણ અભેદ જોતા થઈ ગયા છે. તેથી તેમની સાધના સત્ય-અહિંસાના અદ્વૈતની બની જાય છે, જેને તેઓ સત્યાગ્રહ નામ આપે છે.



જીવનનાં વિવિધ પાસાંઓનો અભેદ તેમને રાજકારણમાં પણ આધ્યાત્મિક કે નૈતિક મૂલ્યો દાખલ કરવાના આગ્રહી બનાવે છે. એ અભેદને લીધે જ તેઓ નૈતિક દષ્ટિએ જેટલા શુદ્ધ બને છે એટલા જ રાજનૈતિક દષ્ટિએ શક્તિશાળી બને છે અને આત્મકથા લખતાં પહેલાં તેમણે પ્રત્યક્ષ રાજકારણથી જે નિવૃત્તિ સેવી હતી તે કાળ આત્મકથા લખ્યા પછીનાં વર્ષોમાં રાજનીતિમાં ફરી ઝંપલાવતી વખતે તેમને વધુ શક્તિશાળી રૂપે બહાર લાવે છે.

ગાંધીજીની સત્યની શોધ એમની લેખનશૈલીને ઢાળે છે. સત્ય-વચનનો આગ્રહ તેમને મિથ્યાવચનથી દૂર રાખે છે અને તેમાંથી જ તેઓ મિતભાષિતા સુધી જાય છે. આત્મકથાની તેમની શૈલીમાં લાઘવ એ ખાસ ધ્યાન ખેંચે તેવો ગુણ છે. લાઘવના આ ગુણ પાછળ એક બીજું પણ કારણ જણાઈ આવે છે. એમને જે કહેવું છે તેની પાછળ અનુભૂત સત્ય છે. તે તેમને એવો આત્મવિશ્વાસ આપે છે કે તેઓ ખૂબ ઓછા શબ્દોમાં પોતાના વિચાર કે મનોભાવ વ્યક્ત કરે છે. લાઘવના આ ગુણમાંથી જ આત્મકથાનાં ટૂંકાં પ્રકરણો, નાના નાના ફકરાઓ અને ગણ્યાગાંઠ્યા શબ્દોવાળાં ટૂંકાં વાક્યો નીપજે છે. તેઓ વિશેષણો ખૂબ ઓછાં વાપરે છે. એમનાં વાક્યોમાં શબ્દો પણ ટૂંકા ને ટચ હોય છે, પણ એ વાક્યોનું અર્થગાંભીર્ય અસાધારણ હોય છે. આત્મકથાનાં કુલ ૧૬૯ પ્રકરણોમાં પચાસેક જેટલાં પ્રકરણોનાં મથાળાં માત્ર એક શબ્દનાં છે અને તેમાંથી પાંચ તો માત્ર બે અક્ષરોનાં છે. આત્મકથાના પાંચમા ખંડના ૪૦મા પ્રકરણનું મથાળું 'મળ્યો' તો આર્કિમીડિઝના 'યુરેકા' ઉદ્ગારની યાદ અપાવે તેવો અર્થસભર છે. નાનાં અને સરળ શબ્દોવાળાં વાક્યોવાળી ગાંધીજીની શૈલી લાઘવની બાબતમાં તેમને ઉપનિષદના ઋષિઓ, બાઇબલના પ્રવક્તાઓ અથવા જ્ઞાનેશ્વર કે કબીર જેવા સંતોની હરોળમાં મૂકે છે. આત્મકથાનાં અનેક વાક્યો સંસ્કૃતનાં મહાકાવ્યો જેવું અર્થગાંભીર્ય ધરાવે છે. આ રહ્યા કેટલાક નમૂનાઓ :

*સત્ય એ જ પરમેશ્વર છે.*
*મૂળ રોગ વ્યક્તિમાં નહિ, વ્યવસ્થામાં છે.*
*બીજાને નામોશી કરી મનુષ્યો પોતે કેમ માન માની શકતા હશે?*
*મારું અંતર જે મોટો કાયદો સ્વીકારે છે, તેને અનુસરીશ.*
*અલ્પાત્માને પામવાને સારુ સત્યનો ગજ કદી ટૂંકો ન બનો.*
*ભલે મારા જેવા અનેકોનો ક્ષય થાઓ, પણ સત્યનો જય થાઓ.*

સત્યના પ્રયોગવીરની વૃત્તિ વિજ્ઞાનના પ્રયોગવીર જેવી છે. તેમણે નિયમસર, વિચારપૂર્વક, ઝીણવટથી આત્મનિરીક્ષણ કરી એકેએક ભાવને તપાસીને તેનું પૃથક્કરણ કર્યું છે. જે સમયે જે સત્ય તેમને લાધ્યું છે તે તેમણે વાચક આગળ ધરી દીધું છે, પણ પોતાના પ્રયોગો બાબત તેમણે મન હંમેશાં ખુલ્લું રાખ્યું છે.

માનવજાતને ગાંધીજીની ત્રણ મોટી દેણ છે : સત્યાગ્રહ, એકાદશવ્રત અને રચનાત્મક કામ. સત્ય પ્રત્યેની અપાર શ્રદ્ધા અને અન્યાય, અનીતિ કે દમનનો અહિંસા વડે પ્રતિકાર કરવાની



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

તેમની તીવ્ર ઉત્કંઠામાંથી તેમને સત્યાગ્રહ સાંપડ્યો છે. સત્ય-અહિંસાને માર્ગે ચાલતાં જે સ્વૈચ્છિક શિસ્ત રાખવાની તેમને જરૂર જણાઈ તેમાંથી તેમને એકાદશવ્રત મળ્યાં અને સત્ય-અહિંસામાં ભાવિ સમાજનો પાયો તેમને રચનાત્મક કાર્યક્રમમાં દેખાયો. આત્મકથા લખાઈ ત્યાં સુધીમાં ગાંધીજીને આ વસ્તુઓ તત્ત્વ રૂપે મળી ચૂકી છે. તેમનાં શેષ ૧/૩ જીવનમાં આ ત્રણેય તત્ત્વોનો તેમણે સમાજમાં વ્યાપક પ્રયોગ કર્યો હતો. આત્મકથામાં પણ આ ત્રણેયનો તત્ત્વ રૂપે ઉલ્લેખ છે, જોકે નિત્ય વિકાસશીલ એવા ગાંધીજીના જીવનના શેષ ભાગમાં આ ત્રણેય અંગે વધુ ને વધુ ચિંતન, મનન અને આચરણ થયું છે.

આત્મકથા લખાઈ ત્યાં સુધીમાં રાજકીય, સામાજિક અને આર્થિક ક્ષેત્રોમાં સત્ય તેમને ન્યાય રૂપે દેખાયું છે અને એ ન્યાય મેળવવાની તથા અન્યાયનો પ્રતિકાર કરવાની પ્રક્રિયા રૂપે તેમને સત્યાગ્રહ મળ્યો છે. સત્યાગ્રહી જીવન જીવતાં જે વ્યક્તિગત ગુણોને સામૂહિક મૂલ્યો તરીકે સ્થાપવાની ગાંધીજીને જરૂર જણાઈ તેમાંથી એકાદશવ્રત ઊપજ્યાં. સત્યનારાયણની ઉપાસનાનું માધ્યમ તેમણે સુદષ્ટિ, મનાવ અને ખાસ તો સૌથી પછવાડેના માનવની સેવાને માન્યું છે. તેમાંથી ગાંધીજીને રચનાત્મક કાર્યક્રમો સૂઝ્યા છે. સત્યાગ્રહ, એકાદશવ્રત અને રચનાત્મક કામના મંગળ ત્રિકોણની અભિવ્યક્તિ આપણને આત્મકથામાં મળે છે.

આત્મકથાનાં પ્રકરણોમાં અનેક નાટકીય પ્રસંગો અનાયાસ ગૂંથાયા છે. ગાંધીજીની અહિંસા વિશેની સમજ તેમના સામા પક્ષના સત્યને સમજવા પ્રેરે છે. તેથી આત્મકથાના સંવાદો તેમના એકલાના જ નહિ, પરંતુ તેમનો સંવાદ જેમની જોડે ચાલતો હોય તેમના શબ્દોને પણ જીવંત બનાવે છે.

સત્ય વિશેના ગાંધીજીના આગ્રહે એમની આત્મકથાને એની ચોકસાઈ અને ચોટડૂકતા આપી છે. એમના વિવેકે એમને બીજી કેટલીક આત્મકથાઓ જેવાં બણગાંઓ ફૂંકવામાંથી બચાવ્યા છે.

સત્યાગ્રહનું બીજ ગાંધીજીને પિતાના 'મોતીબિંદુ' અને પત્નીના સૌમ્ય અને નિશ્ચયાત્મક બળમાંથી મળ્યું છે, પરંતુ સત્યાગ્રહનું શતદલ તો પીટર મૅરિત્સબર્ગ રેલવે સ્ટેશનના રંગદ્વેષી વ્યવહારરૂપી પંકમાંથી જ ખીલ્યું છે.

વ્રતોના સંસ્કાર તેમણે માતા પાસેથી લીધા છે. અનેક પ્રસંગોએ પોતાની જાતને ભઠ્ઠીમાં નાખીને તેમણે તે વ્રતોને પકવ્યાં છે.

અત્યાર સુધી વ્યક્તિગત ગુણ મનાતાં સત્યાદિ વ્રતોને સત્યાગ્રહીની શિસ્તનું રૂપ આપી આ ગુણોને સામાજિક મૂલ્યોમાં પરિણત કરનાર પ્રતિભા તો ગાંધીજીની આગવી જ હતી.

ડરબનમાં ઘરને આંગણે આવેલા કુષ્ઠરોગી કે બાલસુંદરમ્ જેવા ગિરમીટિયાઓની સેવાથી શરૂ થયેલ રચનાત્મક કાર્યો સાબરમતી કે સેવાગ્રામ આવ્યા પછી ખીલી ઊઠીને દેશવ્યાપી થયાં હતાં.

આત્મકથાની અસરકારકતા દાંડીકૂચ જેવી છે, સાંકેતિક અને સત્યને સામાન્ય જનના હૃદય સુધી પહોંચાડે તેવી. આત્મકથાની તેજસ્વિતા જીવનમાંથી જડેલા સત્યની તેજસ્વિતા છે; 'ક્વિટ ઇન્ડિયા'ના સૂત્ર જેવી સીધી સાદી અને દૈદીપ્યમાન.

આત્મકથાની ભાષાની સાદગીનું સૌંદર્ય એના 'ધર્મજાનિ કુસુમાનિ' સમા ફિનિક્સ વસાહત, ટૉલ્સ્ટૉય વાડી, સાબરમતીના હૃદયકુંજ અને સેવાગ્રામ આશ્રમની બાપુકુટીના સૌંદર્ય સમું છે.

ગાંધીજીના સત્યાનુભવે તેમને કેટલાક મૌલિક શબ્દો ઘડવાની કે નવા સંકેતો સૂચવવાની સૂઝ આપી છે. તેમની ત્રણેય દેણ સારુ તેમણે ત્રણ મૌલિક શબ્દો યોજ્યા છે. વળી ગાયને 'કરુણાનું કાવ્ય' અને વિધવાને 'ત્યાગમૂર્તિ' કહેવામાં ગાંધીજીની સંકેતો શોધવાની લાક્ષણિક સૂઝ કામ લાગી છે; જે એમને એમના જીવનમાં રેંટિયો, કૂચ, પોતડી 'નમક સત્યાગ્રહ' વગેરે સંકેતો ઉતારવામાં ઉપયોગી થઈ છે.

આત્મકથા ગાંધીજીના અંતર્બાહ્ય સંઘર્ષની કથા છે. અંતરમાં ગાંધીજી વિકારાદિને જીતીને નિર્વિકાર થવા મથે છે. બહાર તેઓ રંગદ્વેષ, ગુલામી, આભડછેટ આદિથી મુક્ત થવા પુરુષાર્થ આદરે છે. આ સર્વ સંઘર્ષોને ગાંધીજી પરસ્પર સંકળાયેલા અનુભવે છે. તેમને મન વ્યક્તિગત મુક્તિ કે મોક્ષ અને સામૂહિક મુક્તિ કે સ્વતંત્રતાનો સંઘર્ષ અભિન્ન છે. આ કથા જેટલી 'શરમાવા' અંગે છે, તેટલી જ એ 'નકારવા' અંગે છે અને તેથી જ તે લાખો-કરોડો લોકોને એવાં આશ્વાસન અને આસાએશ આપી જાય છે કે શરમ સામે ન હારવાના સંઘર્ષનો રસ પણ લૂંટી શકાય તેવો છે. **આત્મકથાની મહત્તા ગાંધીની સિદ્ધિમાં નહીં, પણ એમની સાધનામાં છે; એમના વિજયમાં નહિ પણ એમના સંઘર્ષમાં છે.**

ગાંધીજી ગુજરાતી જેટલી જ સરળતાથી અંગ્રેજીમાં લખી શકતા હતા. છતાંય તેમણે 'હિંદ સ્વરાજ', 'દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહના ઇતિહાસ'ની જેમ આત્મકથા પણ મૂળ ગુજરાતીમાં જ લખી. પશ્ચિમના કેટલાક વિદ્વાનોએ એવો પ્રશ્ન ઊભો કર્યો છે કે ગાંધીજીએ આત્મકથા અંગ્રેજીમાં શા સારુ ન લખી ? જો તેમણે તેમ કર્યું હોત તો તેઓ બહુ વિશાળ વાચકવર્ગ સુધી સીધા પહોંચવા પામ્યા હોત. પણ ગાંધીજીએ વાજબી રીતે જ પોતાના બધા મૌલિક ગ્રંથો માતૃભાષા ગુજરાતીમાં જ લખ્યા છે. દુનિયાના લગભગ તમામ મહાન ગ્રંથો તેના લેખકોની માતૃભાષામાં જ લખાયા છે, પછી ભલે તે ગ્રંથોના દુનિયાની ઘણીબધી ભાષામાં અનુવાદ થયા હોય.

ગાંધીજીએ જેમ આ સ્ફટિક-શી નિર્મળ પારદર્શિતાવાળો ગ્રંથ ગુજરાતીમાં લખીને માતૃભાષાને ગૌરવાન્વિત કરી છે, તેમ બીજી બાજુ તેમણે આ લખાણ માતૃભાષામાં કરીને એ ભાષાના અને એની જોડે જોડે સંસ્કૃત ભાષાના બહુમૂલ્ય વારસાને પોતાના લખાણમાં ઝીલ્યો છે. ગાંધીજીએ જો ભારતીય સંસ્કારોનો વારસો ન લીધો હોત તો એમના જીવનમાં જે બે મહાન પ્રવાહો – ચિત્તશુદ્ધિ દ્વારા મુક્તિ અને અન્યાયના અહિંસક પ્રતિકાર દ્વારા મુક્તિના પ્રવાહો – નો જે સુભગ સંગમ જોવા મળે છે તે ન મળત. અંગ્રેજી આત્મકથાકારને એના જીવનના લક્ષ્ય સારુ 'મોક્ષ' શબ્દ ક્યાંથી સૂઝત ? અને 'સત્યાગ્રહ' શબ્દ અંગ્રેજીમાં કેવા રૂપે પ્રગટ્યો હોત ? રવીન્દ્રનાથ ઠાકુરને નોબેલ પારિતોષિક ભલે



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

અંગ્રેજી ગીતાંજલિ પર મળ્યું હોય, પણ એ ગીતોની અંજલિ મૂળ તો તેમણે માતૃભાષા બાંગ્લામાં જ આપી હતી. હેન્રિક યોહાન ઇબ્સને, એની માતૃભાષા ભલે અંગ્રેજી કરતાં ઓછા લોકો બોલતા હોય, પણ એનાં જગપ્રસિદ્ધ નાટકો તો માતૃભાષા નોર્વેજિયનમાં જ લખેલાં. એવું જ જગતના લગભગ તમામ મહાન લેખકો વિશે કહી શકાય એમ છે.

ગાંધીજીએ આત્મકથા ગુજરાતીમાં ન લખી હોત તો ગુજરાતી ભાષા એક મહાન ગ્રંથથી જ નહિ, પણ કદાચ વિશ્વસાહિત્યની કક્ષાએ ચડવાથી જ વંચિત રહી ગઈ હોત. 'શું શાં પૈસા ચાર'નું મહેણું ખરેખર તો ગાંધીજીની આત્મકથાએ જ ફેડ્યું છે. પણ બીજી બાજુ ગાંધીજીએ આત્મકથા ગુજરાતીમાં ન લખી હોત તો એ ગ્રંથ વેદ, ઉપનિષદ અને ગીતા, કબીર, તુલસી અને સુરદાસના ભારતીય તથા નરસિંહ-મીરાંથી માંડીને શામળ અને નિષ્કુળાનંદ સુધીના ગુજરાતી સંસ્કાર-વારસાથી વંચિત રહી ગઈ હોત એ પણ એટલું જ સાચું છે. આમ ગાંધીજીએ ગુજરાતી ભાષાને આત્મકથા દ્વારા વિશ્વસાહિત્યમાં મહિમામંડિત સ્થાન અપાવ્યું છે એ વિધાન જેટલું સાચું છે, એટલું જ એ વિધાન પણ સાચું છે કે ગુજરાતી ભાષાએ ગાંધીજીને પોતાનો સમૃદ્ધ વારસો આપ્યો છે. આત્મકથામાં એક તરફથી ચિત્તશુદ્ધિ દ્વારા આત્મદર્શનનો અને બીજી તરફથી અન્યાયના અહિંસક પ્રતિકાર દ્વારા ક્રાંતિની ધારાનો અપૂર્વ સંગમ જોવા મળે છે.

આત્મકથા વિશે એક ટીકા એવી છે કે સામાન્ય જીવનમાં ગાંધીજી જેટલા વિનોદી હતા, તેવો વિનોદ આત્મકથામાં દેખાતો નથી. આ ટીકા સાચી છે. પણ એનાં કારણો એ નથી કે ગાંધીજીએ આ ગ્રંથ વિષાદભરી મનઃસ્થિતિમાં લખ્યો છે અથવા ગાંધીજીનો આગવો વિનોદ અંગ્રેજી ભાષાન્તરમાં ગુમ થઈ ગયો છે. ગાંધીજી લોકોને પ્રત્યક્ષ મુલાકાતો આપે તે વખતે અથવા કોઈની સાથેના વાર્તાલાપમાં એમનો વિનોદ ખીલી ઊઠતો. આત્મકથા હપતે હપતે 'નવજીવન'માં છપાઈ છે. એ લખતી વખતે ગાંધીજીની નજર સમક્ષ 'નવજીવન'ના સરેરાશ વાચકો હશે. તેથી તેમને ધ્યાનમાં રાખીને કરવામાં આવેલું લખાણ એટલું વિનોદભર્યું ન પણ હોય. એમના સંવાદો કે મુલાકાતના અહેવાલો જોઈએ ત્યારે એમનો વિનોદ વધુ સ્પષ્ટપણે ખ્યાલમાં આવે એમ બને.

એક પ્રશ્ન એવો ઉઠાવવામાં આવે છે કે વિજ્ઞાન અને ટેકનોલોજીના આ જમાનામાં પોણો સો કરતાં વધુ વરસ પર લખાયેલી ગાંધીજીની આત્મકથા પ્રસ્તુત કેટલી ? એ પ્રશ્નનો જવાબ આપણી આવશ્યકતા પર અવલંબે છે. જો આજની આંતકવાદ, હિંસા અને યુદ્ધોથી ગ્રસ્ત દુનિયાને યુદ્ધના કોઈ નૈતિક વિકલ્પની આવશ્યકતા હોય; જે દુનિયામાં રોજેરોજ આત્મહત્યાના અસંખ્ય કિસ્સાઓ બનતા રહે છે તેને જો આંતરિક શાંતિની આવશ્યકતા હોય; વર્ગ, વર્ણ, જાતિ, લિંગ, ભાષા, રાષ્ટ્ર વગેરે ભેદોથી ત્રસ્ત દુનિયાને જો ભેદમાંથી અભેદ તરફ જવાની જરૂર હોય, તો કોઈ પણ તટસ્થ વિવેચકને એ કબૂલ કરવું પડશે કે ગાંધીજીની આત્મકથા લખાઈ તેના કરતાં આજે તે જરાય ઓછી પ્રસ્તુત નથી.

**– નારાયણ દેસાઈ**

**રાજ્યના સંબંધમાં આધ્યાત્મિક...** (પાન ૮નું ચાલુ)

આ જ શક્તિને કારણે થઈ છે. શ્રીઅરવિંદનું કહેવું છે કે શક્તિ બ્રહ્મમાં અંતર્નિહિત છે. શિવ અને કાળી બ્રહ્મ અને શક્તિ એક છે – બે સત્તાઓ નથી. શક્તિ શાંત અને અશાંત બંનેમાં રહી શકે છે. આ રીતે શક્તિ અને સત્તામાં કોઈ વિરોધ નથી. શક્તિ સત્તામાં સમાહિત છે.

**૩. આનંદ** ચરમ સત્તાનું ત્રીજું પાસું 'આનંદ' છે. જે રીતે ચરમ સત્તા સદ્ અને ચિત્-શક્તિ છે, એ રીતે એ આનંદમયી પણ છે –

**'આનન્દો બ્રહ્મેતિ વ્યજનાત્ ।'** શ્રીઅરવિંદ એમ માને છે કે આ જગતની સૃષ્ટિ આનંદથી ઘેરાયેલ છે. માનવ જગતમાં આનંદ પ્રાપ્ત કરે છે. બ્રહ્મનો આનંદ અવિનાશી છે અને માનવનો આનંદ વિનાશમય છે. બ્રહ્મ આ વિશ્વની રચના 'આનંદ'ને માટે કરે છે. સૃષ્ટિ આનંદને માટે હોય છે.

આ રીતે શ્રીઅરવિંદ, બ્રહ્મને સદ્-ચિત્-શક્તિ-આનંદ સ્વીકાર કરે છે. આ વાતને સ્પષ્ટ કરવા માટે શ્રીઅરવિંદે બ્રહ્મને શિવ અને કાલી બે રૂપોમાં જોયા છે. શિવ અને કાલીમાં તેઓએ અવિચ્છેદ સંબંધ બતાવ્યો છે. શ્રીઅરવિંદે શક્તિને કાલી કે ભગવતી કે માના રૂપમાં માન્યાં છે અને આ ચિત્તશક્તિને માતાના સર્જનનો મુખ્ય આધાર બતાવ્યો છે.

આ રીતે, શ્રીઅરવિંદના સચ્ચિદાનંદ જ બ્રહ્મ છે, એ જ ચરમ સત્તાનું પ્રતીક છે અને એ ચરમ સત્તા રાજ્યના રૂપમાં અભિવ્યક્ત થઈ છે.

અનુવાદક : રાજેન્દ્ર દવે **– ડૉ. અનુરાધા પ્રસાદ**

# યુવા ફેર વિચાર શિબિર

**સ**ર્વોદય વિચારસરણી ધરાવતા પરિવારમાં ઊછરેલા યુવાઓ, મૈત્રી, પ્રાંજલ અને આલાપ કરી રહ્યા છે, યુવા ફેર વિચાર શિબિર. જે દ્વારા જીવનની રોજિંદી ઘટમાળમાંથી એક નાનકડો વિરામ લઈ પોતાના જીવનનાં વિવિધ પાસાઓ, જીવનની મોજ તથા મૂંઝવણને અલગ અલગ દષ્ટિકોણથી જોવાનો, પોતાની સમજણને બદલવાનો મોકો મળે એવો પ્રયાસ થશે. ટૂંકમાં, સ્વ, સમાજ અને સમષ્ટિ અંગે વિચારણા અને ચર્ચા કરી સમજણ કેળવવા તેમજ એ સમજણ જીવવા તરફ ડગ માંડવાનો આ શિબિરનો હેતુ છે.

તારીખ : ૨૩ થી ૨૬ જાન્યુ.-૨૦૨૬,
સ્થળ : કાટીદરા (તા. ઝઘડિયા, જિ.ભરૂચ)
વય મર્યાદા ૨૦ થી ૪૦ વર્ષ.

શિબિરમાં આવવા માટે જાન્યુઆરી ૧૦-૨૦૨૬ સુધીમાં ફોર્મ ભરીને નોંધણી કરાવવી જરૂરી છે. શિબિરમાં જોડાવા માટે આ ફોર્મ જુઓ.

https://forms.gle/KhdemS2QCkt6n3fa7 અથવા shodhpravas@gmail.com પર ઇમેલ કરો.




YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# ઈન્ડિયા જેન્ડર રિપોર્ટ

**ના**રીવાદી દષ્ટિકોણને કેન્દ્રમાં રાખી ભારતના સંદર્ભમાં સામાજિક, આર્થિક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, રાજકીય અને શ્રમ સંબંધી બધાં જ પાસાઓનો તલસ્પર્શી આ અહેવાલ તૈયાર કર્યો છે.

૪૦ અભ્યાસુઓએ સાથે મળીને તૈયાર કરેલ આ દળદાર અહેવાલની વિભાવના અને વિચારધારાને સમજાવતાં પ્રો. રીતુ દીવાન જણાવે છે કે 'સબળ પુરાવાઓ, આંકડાવારી અને તળગાળાની માહિતી મેળવીને પ્રકરણો લખાયાં છે. આ અહેવાલ દ્વારા નીતિના ઘડવૈયાઓ અને જાગૃત નાગરિકોના લિંગભાવી દષ્ટિકોણથી દેશની પડકારરૂપ સમસ્યાઓ પ્રત્યે ગંભીર અને જવાબદાર મત તૈયાર કરવો જેથી સ્થાનિક, રાજકીય અને વૈશ્વિક સમસ્યાઓને સ્પર્શતી નીતિ ઘડી શકાય અને ભારતીય સંવિધાને બાંહેધરી આપેલા હક્કોને અમલમાં લાવી શકાય.' પ્રો. દીવાન અહેવાલના વિભાગોની પાછળ રહેલ તર્કને સમજાવે છે અને વિભાગ ૧: પરિવર્તનશીલ નાણાંકીય અભિગમ અને વિકાસ; વિભાગ ૨ : કામ, શ્રમ,આજીવિકા; વિભાગ ૩ : લિંગભાવ, સ્વાસ્થ્ય અને સુખાકારી; વિભાગ ૪ : લિંગભાવી દષ્ટિકોણથી જાતીય હિંસાનું પૃથક્કરણ; વિભાગ ૫ : શિક્ષણ અને કૌશલ્યની માહિતી આપે છે, સાથે સાથે ઘણા બધા રહી ગયેલા વિષયોનું મહત્ત્વ પણ સ્વીકારે છે.

પહેલા વિભાગનું સંકલન રીતુ દીવાન અને સ્વાતિ રાજુએ કર્યું છે અને એના આમુખમાં બૃહદ અર્થતંત્રને ધ્યાનમાં રાખી માહિતીની ગોઠવણી કરી છે. પ્રથમ પ્રકરણમાં નિસાર એહમદ લિંગભાવી અંદાજપત્રની રજૂઆત કરતાં સમજાવે છે કે સરકારી ખર્ચના સંવેદનશીલ અને કાર્યક્ષમ રીતે ઉપયોગ દ્વારા શિક્ષણ, સ્વાસ્થ્ય, રોજગાર, કૌશલ્ય, નેતૃત્વ અને નિર્ણયાત્મક સ્થાનોના સહભાગ તથા લિંગ આધારિત હિંસામાં રહેલ સ્ત્રી-પુરુષ-તૃતીય પંથી નાગરિકોમાં રહેલ ભેદભાવ દૂર કરી શકાય છે. આ પ્રકરણ સર્વ પ્રથમ ભારત દેશના સન ૨૦૦૩ થી ૨૦૨૩ ના ગાળામાં, વૈશ્વિક લૈંગિક લક્ષ્યાંકોનો ચિતાર આપી, અન્ય દેશોની તુલનામાં પાછળ રહેવાનાં કારણો બતાવે છે અને દેશ સામે લાંબા ગાળાના વિકાસના લક્ષ્યાંકો માટે કાર્યો કરવાના ધ્યેયને આંબવા કેવા પ્રકારની નીતિઓ અને કાર્યક્રમો હાથ ધરવા પડશે તેનું આલેખન કરે છે. પદદલિત સમાજની બહેનોની સાક્ષરતા, ઉચ્ચ શિક્ષણના પડકારોની સમીક્ષા કરે છે. આ પ્રકરણ ભારતમાં ૨૦૦૫ થી શરૂ થયેલ લિંગભાવી અંદાજપત્ર માટે અલગ અલગ યોજનાઓની ચકાસણી કરી ઘટતા સરકારી ખર્ચને લઈને હાંસિયામાં રહી ગયેલ સમુદાયોના માનવ વિકાસમાં આવતા અંતરાયો કેમ દૂર કરી શકાય એ માટે સૂચનો આપે છે. લૈંગિક લઘુમતી, જે નથી સ્ત્રી કે નથી પુરુષ શા માટે વિકાસનાં ફળો ચાખી નથી શકતી ? શા માટે કિન્નર સમાજને શિક્ષણ, રહેઠાણ, સ્વાથ્ય સુવિધાઓ, નેતૃત્વ, રોજગારથી વિમુખ રાખવામાં આવે છે? સાથે સાથે રાજ્યસ્તરે અંદાજપત્રથી સમાનતાના લક્ષ્યને વરેલ યોજનાઓનું મૂલ્યાંકન કરે છે.




પ્રકરણ - બીજામાં લિંગભાવ, કર અને સરકારી આવક અંગે પ્રસિદ્ધ અર્થશાસ્ત્રી મૃદુલ ઈપન અને ઈશિતા મુખોપાધ્યાયે તૈયાર કર્યું છે. આ પ્રકરણમાં કર અને સરકારી આવકની નીતિઓના આધારે સ્ત્રીઓને તાકાતવર અને સક્રિય બનાવવાના રસ્તાઓ સૂચવાયા છે. પ્રકરણ ૩ માં સુમંગલા દામોદરન બેંક અને અન્ય ધિરાણની સંસ્થાઓ કેવી રીતે નાણાંકીય માળખું ઊભું કરી શકે જેથી ગરીબો પર પરોક્ષ કારણોનો બોજો ન પડે અને જેની પાસે અઢળક પૂંજી છે તેને સીધા કર દ્વારા સરકારી ખર્ચ માટે નાણાંકીય ભંડોળ ઊભું કરી શકાય. પ્રો. રામકુમાર નાણાંકીય નીતિ, ફુગાવો અને બહેનોની સ્થિતિનું પરીક્ષણ કરી જણાવે છે કે વિકાસશીલ દેશોના પૈસાની ખરીદશક્તિ ઓછી થાય છે ત્યારે સૌથી વધુ કફોડી હાલત સ્ત્રીઓની થાય છે કારણ, ચીજવસ્તુઓના ભાવ વધે તો બહેનો પોતાના કુટુંબીજનોને શું ખવડાવે? તેમનાં બાળકોને કેવી રીતે ભણાવે? ઘરમાં માંદાની દવાનો ખર્ચો કેવી રીતે પૂરો પાડે? ડો. જયંતી ઘોષનું પૃથક્કરણ કૃષિક્ષેત્રની બહેનોની સ્થિતિ પર છે. તેઓ જણાવે છે કે વ્યાપારના ઉદારીકરણને લઈને ભારતીય ખેડૂતોને વિશ્વબજારના ધનાઢ્ય દેશોની અનાજ, શાકભાજી, ફળ ઈત્યાદિની સ્પર્ધામાં ટકી રહેવું મુશ્કેલ બની જાય છે. સમૃદ્ધ દેશના ખેડૂતોને તેમની સરકાર સીધી અને આડકતરી રીતે ખૂબ ટેકો આપે છે માટે તેઓનો માલ ગરીબ દેશોના બજારમાં ખડકાય છે. મહિલા કિસાન તો બધાથી ગરીબ છે. તેની પાસે ખૂબ ઓછી જમીન અને સંસાધનો હોય છે. સરકારી ટેકાના અભાવમાં ખેડૂત બહેનોને ચારે બાજુથી ભીંસ અનુભવવી પડે છે.

આ દળદાર પુસ્તકના બીજા વિભાગમાં બહેનોના શ્રમબજારના પ્રશ્નોની છણાવટ કરવામાં આવી છે અને બૃહદ પૃથક્કરણ રીતુ દીવાન અને સોના મિત્રાએ કર્યું છે. મહિલાઓના આર્થિક સહભાગ, તેમની રોજગારીની સ્થિતિ, પ્રવાસી મહિલા શ્રમિકો, મધ્યમ અને લઘુઉદ્યોગોના કામદારોના પ્રશ્નો, ડિજિટલ પ્લેટફોર્મ ક્ષેત્રે મહિલાઓના કાર્યભાર-વેતન-સુરક્ષાના પ્રશ્નો અને લિંગભાવી દષ્ટિએ નૂતન શ્રમસંહિતા શ્રમ કાયદાઓની ટિપ્પણી કરી છે. પ્રકરણ ૬ માં સોના મિત્રા અને મૃદુસ્મિતા બોરદોલોઇ છેલ્લાં ૨૫ વર્ષથી મહિલા શ્રમશક્તિના પ્રવાહોના પૃથક્કરણ કરી શ્રમ બજારમાં મહિલાઓના ગૌણ સ્થાનની મીમાંસા કરે છે. અન્ય દેશોની તુલનાએ ભારતમાં મહિલાઓના સ્વવેતન કાર્યના અવસરો મર્યાદિત થઈ ગયા છે તે માટે બીબાંઢાળ મનોવૃત્તિ, પિતૃસત્તાક વિચારસરણી, અવેતન કામનો બોજો અને કુટુંબમાં બાળકો અને વડીલોની સેવાની જવાબદારીઓનાં કારણો જણાવ્યાં છે. પ્રકરણ ૬ ની અંદર નિથા એન. સ્ત્રીઓના રોજગારને ધર્મ, જાતિ, વર્ગના પરિપ્રેક્ષ્યમાં રોજગારની સ્થિતિનો ચિતાર આપે છે. સરકારી નોકરી, ઉચ્ચ સ્થાનો પર કેટલી બહેનો પહોંચી શકી છે અને શા માટે બહેનોની બહુમતી અસંગઠિત ક્ષેત્રોમાં અસુરક્ષિત ઓછા વેતન અને કમરતોડ મહેનતવાળી નોકરી કરવા



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

માટે મજબૂર થાય છે તેના સંશોધનપૂર્વક અહેવાલ આપે છે. પ્રકરણ ૮ માં ઇંદ્રાણી મજૂમદાર પ્રવાસી મહિલાઓની દયનીય હાલત પર પ્રકાશ ફેંકે છે. પ્રકરણ ૯નાં લેખિકાઓ પ્રિથી રવિ અને ઐશ્વર્યા જોશી લઘુ ઉદ્યોગોમાં કામ કરતી મહિલાઓને પ્રેરિત કરતાં અને વિઘ્ન નાખતાં પરિબળોને સમજાવે છે

અનવેશા ઘોષ દ્વારા તૈયાર કરાયેલ પ્રકરણ ૧૦મા નવાં અને ઊભાં થઈ રહેલાં ક્ષેત્રોના મહિલાઓના સમાવેશને સમજાવી, ભલામણ કરવામાં આવી છે કે માહિતી તંત્રજ્ઞાન હોય કે ડિજિટલ તંત્રજ્ઞાન, પ્લેટફોર્મ આધારિત વ્યવસાય હોય કે અતિ આધુનિક ઉદ્યોગો કે પછી સ્વરોજગાર કરતી બહેનોને સામાજિક સુરક્ષાના હક્ક મળવા જ જોઈએ. પ્રકરણ ૧૧ માં રીતુ દીવાન સરકાર દ્વારા અમલમાં લેવાયેલ શ્રમસંહિતાની બહેનોના રોજગાર અને હક્ક પર કેવી પ્રતિકૂળ અસર પડે છે તેને ઉદાહરણ સહિત સમજાવે છે. શ્રમસંહિતામાં વેતન સંહિતા, વ્યવસાયલક્ષી સુરક્ષા સંહિતા, સ્વાસ્થ્ય અને કાયાની સ્થિતિ અંગે નીતિનિયમો અને ઔદ્યોગિક સંબંધોની સંહિતા સમાવાયાં છે અને પહેલાંના ૪૮ રાષ્ટ્રવ્યાપી શ્રમ કાનૂનોને દૂર કરાયા છે. આને લઈને છેલ્લાં ૨૦૦ વર્ષના શ્રમજીવીઓની સામૂહિક શક્તિના પરિણામે તૈયાર થયેલ કાનૂનોનું નિકંદન કાઢવામાં આવ્યું છે. નવી શ્રમસંહિતામાં મહિલા શ્રમજીવીઓના જીવન પર કુઠારાઘાત કરવામાં આવ્યો છે.

આ અહેવાલના ત્રીજા વિભાગના સૂત્રધાર નીલાંગી સરદેશપાંડે લિંગભાવ, સ્વાથ્ય અને સુખાકારી વિષે સિંહાવલોકન પૂરું પાડે છે. પ્રકરણ ૧૨ના લેખકો જશોધર દાસગુપ્તા અને રવિ દુગ્ગલ સ્વાસ્થ્ય સેવા વ્યવસ્થાતંત્રને કેવી રીતે લિંગભાવી, સંવેદનશીલ અને જવાબદાર બનાવી શકાય જેથી અસરકારક સ્વાસ્થ્ય અને આરોગ્ય સેવા થકી રાષ્ટ્રીય સ્વાસ્થ્ય અભિયાનને સફળ બનાવી શકાય. પ્રાથમિક આરોગ્ય, આરોગ્ય સેવા માટે ખર્ચ, સરકારી ખર્ચ દ્વારા સ્વાસ્થ્ય વીમાનું ભંડોળ અને ખાનગી ક્ષેત્ર માટે નીતિનિયમોની આવશ્યકતા પર ભાર મૂકવામાં આવ્યો છે.

તેઓ સૂચવે છે કે આશા અને આંગણવાડી કર્મચારીઓને સરકારી નોકરિયાતનું સ્થાન આપી તેઓને વેતન મળવું જોઈએ, નહીં કે માનધન. પ્રકરણ ૧૩માં દીપા સિન્હા દેશની મહત્ત્વની સમસ્યા - પોષણ પર ઊંડાણપૂર્વક અભ્યાસ કરીને રાષ્ટ્રીય કૌટુંબિક સ્વાસ્થ્ય સર્વેના આંકડાવારી પાછળ રહેલી વાસ્તવિકતા પર પ્રકાશ નાખે છે. ભારત દેશ માટે કુપોષણ એક મોટો પડકાર છે અને પોષણ ક્ષેત્રે સીધી કાર્યપ્રવૃત્તિ સાથે રેશન વ્યવસ્થાને વધુ દળદાર અને કાર્યક્ષમ બનાવવાનું લેખિકાનું સૂચન પણ ગંભીરતાથી લેવાની જરૂર છે

પ્રકરણ ૧૪ માં પદ્મિની સ્વામીનાથન મહિલાઓના રોજગાર અને સ્વાસ્થ્ય સંબંધિત દુર્લક્ષ કરાયેલ પ્રશ્નો રજૂ કરે છે. આજથી ૩૪ વર્ષ પહેલાં ઇલાબેન ભટ્ટના નેતૃત્વમાં તૈયાર કરાયેલ દસ્તાવેજ, શ્રમશક્તિ રિપોર્ટ, સન ૨૦૦૨ માં દ્વિતીય શ્રમ આયોગના દસ્તાવેજ અને સન ૨૦૦૮માં અસંગઠિત ક્ષેત્રના કામદારોના રોજગાર અંગે ગહન અહેવાલ પર પ્રતિબિંબ પાડી, આ પ્રકરણ ખાણ અને પથ્થરતોડ, ચર્મ ઉદ્યોગ, બીડી ઉદ્યોગ, મીઠાના અગરિયાઓ, સફાઈ કર્મચારીને બધી રીતે સરકાર અને સમાજ ઉપેક્ષિત રાખે છે. તેમના કોઈ હક્કોનું જતન કરવામાં આવતું નથી. સંગઠિત ક્ષેત્રનાં યુનિયનો પણ આ સમૂહને નજરઅંદાજ કરે છે. આ વાત પર અંગુલિનિર્દેશ કરાયો છે. પ્રકરણ ૧૫માં લેખકસમૂહ - સંધ્યા શ્રીનિવાસન, અમિતા પીત્રે, જશોધરા દાસગુપ્તા , આશા કપૂર મહેતા દેશમાં મહત્ત્વના રોગો અને ચેપી રોગોની અસર સ્ત્રીજીવન પર કેવી પડી છે તેનો ફોડ પાડે છે. ક્ષયરોગ, એચ.આઈ.વી, કુમારિકાઓના માસિક સ્રાવના પ્રશ્નો, બાળલગ્ન, બાળમાતા, જાતીય શિક્ષણ, ગર્ભિણી સ્ત્રીની સેવા-માવજત, સિઝેરિયનથી બાળજન્મ, ગર્ભનિરોધક પદ્ધતિઓ જેવા પડકારરૂપ પ્રશ્નો પર નારી આંદોલન છેલ્લાં ૫૦ વર્ષોથી પ્રયાસ કરી રહ્યું છે. સ્વાસ્થ્યની સમસ્યાઓ કુમારાવસ્થાના છોકરાઓની પણ હોય છે, એની તરફ દુર્લક્ષ્ય ન આપી શકાય. મહિલાઓના પ્રજનનને લગતા પ્રશ્નો અંગે કાયદાકીય પ્રાવધાનોને લિંગભાવની દૃષ્ટિએ ચકાસવાની તાતી આવશ્યકતા છે. તૃતીયપંથી નાગરિકોના પણ સ્વાસ્થ્ય અંગેના પ્રશ્નો પર જાહેર સ્વાસ્થ્ય સેવાઓ નહિવત્ છે. અસંવેદનશીલ સ્વાસ્થ્યકર્મીઓ પણ આગમાં ઘી ઉમેરે છે, કિન્નર સમાજની અવહેલના કરે છે અને સરકારી દવાખાનાઓમાંથી તેમને તગેડી મૂકે છે. આ પ્રકરણમાં દરેક ઉપેક્ષિત સ્વાસ્થ્ય સેવાઓ અંગે ભલામણ પણ આપવામાં આવી છે જેથી હાંસિયામાં ધકાયેલા સમૂહોમાં મૃત્યુદર, કુપોષણ, રોગચાળાને નાથી શકાય. ૫મા વિભાગના સૂત્રધાર છે સુનિતા ધાર અને શ્રુતિ અંબાસ્ટ. પ્રકરણ ૧૮માં અમીતા પીત્રે દેશમાં જાતીય અને લિંગ આધારિત હિંસાના પ્રકારો, કાયદાઓ, સરકારી યોજનાઓ, અંદાજપત્રમાં નાણાંની ફાળવણી, ઉપેક્ષિત બાબતો, કિન્નર સમૂહ પર થતી જાતીય હિંસા અને રોગચાળા પ્રત્યે સરકારી દવાખાનાં અને પોલીસતંત્રનું અમાનવીય વર્તન, માનવ તસ્કરીનાં શિકાર બાળકો અને સ્ત્રીઓના જાતીય સંસર્ગ આધારિત રોગ, જીવલેણ બીમારીઓને માળખાકીય હિંસા સમજી શકાય. લગ્ન બહાર સંબંધ અને ભારતીય ન્યાય સંહિતાની ૩૭૭ કલમમાં કાયદાકીય ભેદભાવ, લિંગ આધારિત ગર્ભપાત, કામના સ્થળે જાતીય છેડછાડ અને જાતીય ત્રાસના કાયદાના ઉલ્લંઘનની ચર્ચા કરવામાં આવી છે. પ્રકરણ ૧૯ માં જુલી ઠેકુદાન જાતીય હિંસા અને લિંગભાવી આક્રમણનો મુકાબલો કરતી વ્યક્તિઓ અંગે ન્યાય પ્રાપ્તિ માટે આવતાં કપરાં ચઢાણની સમજ આપી સરકાર અને સમાજ, પોલીસ અને ન્યાયતંત્ર, સ્વધાર ઘર અને અધિકારીઓ, સ્વાસ્થ્ય સેવાઓની ફરજ અંગે ભલામણો સૂચવાઈ છે. પ્રકરણ ૨૦ માં અનઘા સરપોતદારે જાતીય હિંસા પ્રતિબંધક કાયદા (૨૦૧૩)ના ઉદ્‌ગમ, વિઘ્નો, મર્યાદાઓને સમજાવ્યાં છે. સાથે કાર્યસ્થળ પર જાતીય સતામણીની સ્ત્રી રોજગાર પર કેટલી માઠી અસર છે તે દર્દનાક વાસ્તવિક્તાઓને રજૂ કરવામાં આવી છે. પ્રકરણ ૨૧ માં નવશરન સાંપ્રત ચળવળોના મહિલાઓના ઐતિહાસિક સહભાગનો જ્વલંત ઇતિહાસ પૂરો પાડે છે

છઠા વિભાગના સૂત્રધાર સરોજિની ગંજુ વર્તમાન પરિસ્થિતિના સ્ત્રીશિક્ષણ અને કૌશલ્યપ્રાપ્તિનાં કપરાં ચઢાણો પર પ્રકાશ નાખે છે. પ્રકરણ ૨૨ નાં લેખિકાઓ પ્રોતિવા કૂંડું અને શ્રેયા ઘોષ છેલ્લાં ૧૦ વર્ષમાં શિક્ષણ પ્રત્યે સરકારી ખર્ચનું મૂલ્યાંકન કરી લિંગભાવી સમાનતા માટે આવશ્યક

(જુઓ પાન નં. ૨૩)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# જ્યોત સદાય જલે

**સુ**રેશ દલાલે લખ્યું છે કે 'માર્થા બેરીનું આ જીવનચરિત્ર કોઈને પણ પ્રેરણા આપે તેવું છે. બહુ ઓછા માણસોને જીવતેજીવત પોતાના જીવનનું પ્રયોજન સાંપડે છે. અને બહુ જ ઓછા માણસો પ્રયોજન સાંપડ્યા પછી એ પ્રયોજનને છેલ્લા શ્વાસ સુધી વળગી રહે છે.' "Miracle in the Mountains" નામના આ પુસ્તકનો અનુવાદ હરીન્દ્ર દવેએ કર્યો. પ્રથમ આવૃત્તિ ૧૯૬૩માં બહાર પડી. પછી ૨૦૦૯માં પુનર્મુદ્રણ રમેશભાઈ સંઘવી અને રમેશભાઈ દવે દ્વારા થયું. અગાઉ વાંચેલી ખાસ્સી જૂની કહેવાય. હમણાં ફરી વાંચી અને તેનો પરિચય આપવાનું મન થયું.

એક એકલપંડ નારીએ પોતાના ભીતરી પિંડધર્મને અનુસરી સર્વ-સમર્પિતભાવે જે સર્જન કર્યું છે તે કલ્પનાથી પણ અદકેરું લાગે. આખીય વાત તો છે શિક્ષણની અને તે માટેના સંસ્થાનિર્માણની. પણ તે દ્વારા વ્યક્તિનિર્માણ, સમાજનિર્માણ અને રાષ્ટ્રનિર્માણની જે અદ્‌ભુત વાત કહેવાઈ છે તે અનોખી છે. નોખી માટીની હતી આ માર્થા બેરી. રમેશભાઈ સંઘવીએ લખ્યું છે કે ''પ્રસંગો, ઘટનાઓ, આપદાઓ, મૂંઝવણો, મનોમંથનોની પ્રેરક અને સંવેદનભરી ગૂંથણીથી આખીય કથા આસ્વાદ્ય બની છે. પ્રથમ વખતે પહાડી બાળકોનું જોવું, તેમને વાર્તાઓ કહેવી, પછી તો લોકોની વણથંભી વણઝારનું આ 'રવિવારની દેવી'ને સાંભળવા આવવું'' તેમાંથી વિકાસ પામી આ શિક્ષણની ગાથા 'જ્યોત સદાય જલે.'

૧૮૬૬માં જ્યોર્જિયામાં માર્થા જન્મેલાં. માતા ફ્રાંસેસ અને પિતા ટોયસ ઉપરાંત ઘરનાં હબસી રસોયણ આન્ટ મર્થનો પ્રભાવ વર્ષો સુધી રહ્યો. એક રવિવારની સવારે મહેમાનોની રાહ જોતાં માર્થાએ બારી બહાર ત્રણ બાળકો ઊભેલાં જોયાં. તેઓના ચહેરામાં માર્થાએ ચમક જોઈ. એમણે પુસ્તક કોરાણે મૂકી બાળકો સાથે બાઇબલની વાર્તા માંડી. એમ રવિવારીય શાળા શરૂ થઈ. બાઇબલની વાર્તાનો ઉત્સાહ વધવા માંડ્યો. ભાંગ્યું-તૂટ્યું દેવળ મળ્યું. તેનું સમાકારમ સાથે મળીને કર્યું. નાના-મોટા ચારેક વિભાગોમાં, શિશુવયથી માંડીને યુવાનવય સુધીના વિદ્યાર્થીઓ આવવા લાગ્યા. એમાં છાત્રાલય તો અનિવાર્ય બને જ અને મુખ્ય વાત ભોજનખર્ચનું શું ? કામ કરતાં કરતાં ભણો અને ભણતાં ભણતાં કામ કરો એ યોજના ગોઠવાઈ. એમનાં કપડાં કોણ ધૂએ ? માર્થાએ જાતે બધાનાં કપડાં ધોવા માંડ્યાં એટલે વિદ્યાર્થીઓ પણ તૈયાર થયા. જાતે કપડાં ધોવા માટે - રહેવા માટે પૈસા ભરવા પડે, ક્યાંથી લાવવા? એક વિદ્યાર્થી ભોજનબીલ ભરવા બે બળદો લાવ્યો, બીજો ગાય લાવ્યો.

બાળકોની જિજ્ઞાસાને સંતોષવા માટે રવિવારના વર્ગો પૂરતા ન હતા. તેઓને સમયસર નિયમિત જ્ઞાન આપી શકાય તે માટે શાળાની આવશ્યકતા હતી. કારણ કે આ છોકરાઓને તેમના વાતાવરણથી અલગ કરી દીધા હોય તો જ તેઓ અભ્યાસમાં એકનિષ્ઠ બની શકે, તેવું તેમને લાગવાથી ૧૯૦૨ની ૧૩મી જાન્યુઆરીના રોજ છાત્રવાસ-શાળાના દરવાજા અવશ્ય ખોલશે, એમ મનોમન નક્કી કર્યું. પણ હજી અભ્યાસક્રમ નક્કી કરવાનો હતો. શિક્ષણ અને પદવી વગેરેના નિયમો ઘડવાના હતા. માર્થાએ ડુંગરે ડુંગરે અને કૂબે કૂબે જઈ નિરક્ષર મા-બાપોને કેળવણીનો મહિમા સમજાવ્યો. પહેલે દિવસે ૨ (બે) વિદ્યાર્થીઓ આવ્યા. થોડા જ દિવસોમાં વિદ્યાર્થીઓની સંખ્યા ૧૨ પર પહોંચી. સત્રના અંતે સંખ્યા ૧૮ની થઈ.

પહેલો પદવીદાન સમારંભ એક વિદ્યાર્થી માટે થયો. જેને કાયદાના વિશેષ અભ્યાસ માટે શાળા છોડવી પડે તેમ હતી. તેને પદવી આપવા હૉક સ્મિથ આવ્યા હતા, જે જ્યોર્જિયાના ગવર્નર રહી ચૂકેલા. એક છોકરાના પદવીના પ્રસંગે ખૂબ મોટો સમુદાય ભેગો થયો હતો. એથી તેઓ પ્રભાવિત થયા હતા. ૧૯૫૦માં પદવીદાન માટે પાંચ છોકરા તૈયાર થયા હતા. તેમને ધારાશાસ્ત્રી લ્થૂર રોઝર પદવી આપવાના હતા. ત્યાં છ સપ્તાહ પહેલાં આગ લાગેલી. શાળાનું મકાન બળી ગયું. આગમાં વિદ્યાર્થીઓ પણ દાઝેલા. બધાને મલમપટ્ટા લગાડ્યા અને બીજા ખંડોમાં શાળા ચલાવી. તંબૂ ઉઘરાવી મંડપ બનાવ્યો તેમાં પદવીદાન સમારંભ કર્યો.

જાત જાતનાં - ભાત ભાતનાં કામો આ શાળામાં બાળકો શીખ્યાં, જેવાં કે ચરખો, વણાટ, સફાઈ, બાગકામ, વૃક્ષોની જાળવણી, ગાયના દૂધને ડેરીમાં ભરવાનું, કપડાં ધોવાનું, વગેરે. યુદ્ધોના સમય દરમ્યાન મિલિટરીમાં ટ્રેનિંગ માટે જવાનું હોય, આ બધા સાથે સાથે ભણતરનું કામ પણ ચાલતું. અહીંયાં કેળવણી પામેલાં બાળકોની માંગ રહેતી કારણ કે ચોક્કસ અને નિયમિત કામ કરીને કેળવાયેલાં હતાં. ડેરીમાં રાખેલ એક છોકરાએ પોતાનું કામ તો કર્યું જ પણ બીજાનું કામ કરીને ડેરી માલિકોને ખુશ કરેલા.

૧૯૦૯માં કન્યાશાળા શરૂ થઈ. પ્રારંભમાં પાંચ બાળાઓ હતી. ધીમે ધીમે આ સંખ્યા પચ્ચીસની થઈ. છોકરાઓની માફક છોકરીઓને પણ રોજ બે કલાક અન્ય કામો કરવાં પડતાં. ગાંધીજીની ફિનીક્સ ટૉલ્સ્ટૉયની શાળા ૧૯૦૪-૧૯૦૬માં શરૂ થયેલી. આ માર્થા બેરી પણ એ જ ભાવના સાથે આંતરસૂઝથી કેળવણીનાં કાર્યો કરી રહ્યાં હતાં.

એક વાર ૨૪ વર્ષનો એક જુવાન આવ્યો. તેણે કહ્યું, ''હું ગમે તે કામ કરી શકું છું પણ મારે વાંચતાં-લખતાં શીખવું છે. અનેક અવરોધો, નાણાંકીય કટોકટી, મકાનો તૈયાર કરવાનાં, બીજા વિદ્યાર્થીઓ પણ આવી રહ્યા હતા. ભંડોળ એકઠું કરવાનું હતું. છતાં માર્થા માનતાં કે નિરુદ્દેશે ભ્રમણ ન જ હોવું જોઈએ. નવાં નવાં કામ ઉમેરાતાં જ ગયાં. પેલા યુવાનની ભણવાની ઇચ્છા પૂરી કરવા અથાગ પ્રયત્નો કર્યા અને માર્થાએ તેને અનુકૂળતા કરી આપી.

૧૯૧૭ની અધવચમાં માર્થા બેરીના સેંકડો વિદ્યાર્થીઓ અને ચુનંદા શિક્ષકો કાં તો તાલીમ લઈ રહ્યાં હતાં, કાં તો યુદ્ધમાં ગયાં હતાં, દેશને જ્યારે જરૂર પડી ત્યારે તેમાં મદદરૂપ થવા માટે. ત્યાં



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

માર્થાની શાળાના યુવાનોએ અદ્‌ભુત કામગીરી બજાવી હતી. કેટલાંક રસોઈ કરતાં, કેટલાક કપડાં ધોવાનું તો કેટલાક સુથારીકામ. આમ દેહ અને બુદ્ધિ બંનેને વિકસાવવાની માર્થાની કેળવણી લેખે લાગી હતી. છે ને નઈ તાલીમ !

શાળામાં હજારો વિદ્યાર્થીઓ ભણવા લાગ્યા. બેરીની શાળાની નામના ફેલાવા લાગી. ત્યારે પણ માર્થા શરૂઆતમાં વિદ્યાર્થીઓને શોધવા દૂરનાં જંગલો-પહાડી ઈલાકામાં જરૂર જતાં. દીકરા-દીકરીને બે જોડ કપડાં લઈને કારમાં બેસાડી લઈ આવતાં. છેવાડેના માણસોને પણ મદદ કરવાની અને એમને શિક્ષણ આપવાની તમન્ના હતી. ૧૯૨૭ની ૧૩ જાન્યુઆરીએ શાળાનો ૨૫મો જન્મદિવસ હતો. એ વખતે એક કિશોર વિદ્યાર્થી પોતે ગરીબ હોવાને કારણે માર્થાને દાનમાં કંઈ પણ આપી નહીં શકે એવું વિચારી શરબત પીવા મળેલું ટીન ભેટમાં આપે છે. ચમત્કાર જુઓ કે એ ટીનની બોલી લગાવવામાં આવે છે અને તેના ૨૦૦ ડૉલર ઊપજે છે. આ હતી માર્થા બેરીના કામની બોલબાલા.

માર્થા આ બાળકોને જંગલોમાં ફરવા લઈ જતાં અને પ્રકૃતિના ખજાનામાંથી જ્ઞાન મેળવવાનો બોધપાઠ આપતાં, જે એમને એમની આયા ઈડા પાસેથી મળેલો. જાતજાતના છોડવાઓ, તેનાં પાંદડાંની ઉપયોગિતા, પતંગિયાને પકડી તેના રંગો બતાવતાં, પાછું પતંગિયાને ઉડાડી મૂકતાં. દૂર રહીને પંખીઓના માળા જોવા, રંગબેરંગી પથ્થરો એકઠા કરવા વગેરે, આ નવતર શિક્ષણ માર્થાએ શરૂ કર્યું. જેને અરુણભાઈ દવે મોજીલું શિક્ષણ કહે છે. જ્યારે પણ સમય મળતો ત્યારે ઘોડા પર બેસી આ પહાડી પ્રદેશોમાં નીકળી પડતાં. તેમના ઘોડાના ડાબલાનો અવાજ સાંભળતાં કે તરત જ સૌ બોલી ઊઠતાં 'રવિવારની દેવી' આવી પહોંચી.

માર્થા બેરી શાળાના મુલાકાતીઓ માટે વિશિષ્ટ કાર્યક્રમો યોજતાં. મુલાકાતીઓ સાંજ પછી જ આવતાં. શાળાને દરવાજે આછી રોશની રહેતી. અંદર બંને બાજુએ શાળાના ૧૨૦૦ જેટલા વિદ્યાર્થીઓ હાથમાં મીણબત્તી લઈ મહેમાનોનું સ્વાગત કરતા. પ્રત્યેક મીણબત્તી પાસે એક એક વિદ્યાર્થી ગોઠવાઈ જતો અને ગાતો કે ''આપણે ફરી ન મળીએ ત્યાં સુધી પ્રભુ તમારા સાથી રહો.'' કેવી સુંદર, ભવ્ય ભાવના !

કેટલાક લોકો કૉલેજના વિદ્યાર્થીઓને કરવા પડતાં કામ વિશે ફરિયાદ કરતા. માર્થા કહેતાં કે અહીંયાં રહેનાર પ્રત્યેકને કામ તો કરવું જ પડશે. આમ શ્રમનો મહિમા તેઓને સમજાવતાં. વળી પહાડી લોકો માર્થા પાસે કામની માંગણી કરતા. એમને ટકી રહેવા માટે કપડાં અને ખોરાકની જરૂર હતી. શાળામાં થતું અનાજ અને તૈયાર થતું કાપડ વેતન સ્વરૂપે આપીને ઘણાંને કામે રાખ્યાં હતાં.

તેમની સિદ્ધિઓ સાચે જ અપૂર્વ હતી. તેમણે સજાવેલ, ૩૦ હજાર એકરમાં વિસ્તરેલી આ શૈક્ષણિક સંસ્થા દુનિયાની સૌથી મોટી અને સૌથી સુંદર દેખાતી હતી. જે લોકોએ તેનાં હરિયાળાં મેદાનો, રળિયામણા ડુંગરો, અને મનોહર ખીણો એક વાર નિહાળ્યાં હોય તેઓ કદી એના સૌંદર્યને વીસરી શકતાં ન હતાં. પોતાના જીવનકાળ દરમિયાન શાળાએ ૧૦ હજાર જેટલાં પહાડી સંતાનોને સાચી રાહ થકી, જ્ઞાનના દીપકથી અજવાળ્યાં હતાં. ૭૫ વર્ષની ઉંમરે ૧૯૪૧માં તેઓ અવસાન પામ્યાં.

આજે શિક્ષણજગતમાં ભારે નિરાશા છે. ભણનાર-ભણાવનાર બંનેને મઝા પડતી નથી. વિચારની તાકાત શું કરી શકે છે એની આ ગાથા છે. તેનો એક આદર્શ નમૂનો આપણી સમક્ષ રજૂ કરેલ છે.

નઈ તાલીમ - મોજીલું શિક્ષણ - હાર્ટ-હેડ-હેન્ડની કેળવણી એવા કોઈ પણ જાતના લેબલ વગરના શુદ્ધ સેવાભાવી લોકો પહેલાં પણ હતા, આજે પણ છે જ અને આવતા રહેશે, એવી બળવત્તર આશાઓને ઉજાગર કરાવનારી કહાણીઓ આપણે વાંચવી જ રહી.

**– ભદ્રા-વિક્રમ સવાઈ**

---

## લોકશાહીનો ઝીણો...

(પાન ૧૧નું ચાલુ)

''શું વડાપ્રધાનના દીકરા હોવું ગુનો છે ?'' તરત મીનુ મસાની ઊભા થઈને કટાક્ષ કરતાં બોલ્યા, ''ના, એ વિશિષ્ટ લાભ છે.'' મોરારજીભાઈ ચૂપ થઈ ગયા.

વિન્સ્ટન ચર્ચીલે ઇંગ્લેન્ડને બીજું વિશ્વયુદ્ધ જિતાવી આપ્યું, ત્યારે તે વડાપ્રધાન હતા. યુદ્ધ પછી ચૂંટણી આવી. ચર્ચીલને ખાતરી હતી કે તેમને જ પ્રજા ફરી વડા પ્રધાન બનાવશે. પણ તેમનો પક્ષ હારી ગયો અને એટલી વડા પ્રધાન બન્યા. ચર્ચીલને નવાઈ લાગી અને તેણે પ્રજાને પૂછ્યું કે આમ કેમ બન્યું, તો પ્રજાએ જવાબ આપ્યો કે તે યુદ્ધ વખતે નેતા તરીકે તેઓ લાયક હતા. હવે શાંતિ સમયે એટલી વધારે ઉપયોગી હતા. પ્રજા પણ લોકશાહી માનસ ધરાવતી હતી.

આજે, કમનસીબે, હવે લોકશાહી પર કોર્પોરેટ કાબૂ આવી ગયો છે. એટલે ઉદ્યોગપતિઓ સરકાર ચલાવે છે. સરકારો તેમને વશ રહે છે. એટલે લોકશાહી નબળી પડે છે. આજે ટ્રમ્પ બધા નિર્ણયો પોતાની કંપનીને ફાયદો થાય એ રીતે જ લે છે. ચૂંટણીનાં પરિણામો પર પણ તેમનો જ પ્રભાવ છે. લોકોને પણ તે રીતે જ 'સમજાવવામાં' આવે છે. પ્રભાવિત કરવામાં આવે છે. આપણે તો ઠીક, ખુદ અમેરિકા અને ઇંગ્લેન્ડ જેવા પ્રખર લોકશાહી દેશોમાં પણ આવી પરિસ્થિતિ છે. લોકો પણ આવાઓથી હિપ્નોટાઈઝ્ડ છે. કશું સ્વતંત્ર નથી. બધું પૈસા અને પ્રચાર પર ચાલે છે. સત્ય નહિ, સોશિયલ મિડીયા પ્રભાવિત કરે છે. વિરોધી મતવાળાને સમ્માન નથી અપાતું. પણ તેનું ચારિત્ર્યહનન કરવામાં આવે છે. સમગ્ર દુનિયામાં આ જ સ્થિતિ છે.

આવી નબળી પરિસ્થિતિમાં ટ્રમ્પ અને મમદાનીનો સંવાદ ખૂબ જ આશ્ચર્ય જન્માવે છે. ભલે એ પણ કદાચ પોલીટીક્સનો ભાગ હશે, છતાં જોવો-સાંભળવો ગમે તેવો છે. કટ્ટરવાદી વાતાવરણમાં લોકશાહીનો હળવો પણ ફરફરાટ આનંદ જન્માવવા સાથે, ભલે ક્ષણિક પણ આશ્વાસન આપે છે.

**– હરેશ ધોળકિયા**



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# ૨૦૨૫ વિશ્વવિજેત્રી ખેલાડીઓનું વર્ષ

**બીજી** નવેમ્બરે આઈસીસી વન-ડે ઈન્ટરનેશનલ વર્લ્ડ કપ જીત્યા બાદ મહિનો પૂરો થાય તે પહેલાં ભારતીય મહિલાઓ બીજી બે વખત વિશ્વવિજેતા બની. પ્રજ્ઞાચક્ષુ મહિલાઓની ક્રિકેટ ટીમે ૨૩ નવેમ્બરે T 20 World Cup હાંસલ કર્યો અને તેના ત્રીજા જ દિવસે સક્ષમ મહિલાઓએ કબડ્ડીમાં પણ એ સિદ્ધિ મેળવી. તે પહેલાં ફેબ્રુઆરીમાં ભારતની Under-19 ટીમ વિશ્વકપ જીતી લાવી હતી. આમ ચાર વર્લ્ડ કપ સાથે વીતેલું વર્ષ ભારતીય મહિલાઓના કર્તૃત્વ અને સ્થાનની રીતે સીમાચિહ્ન બની રહ્યું.

ભારતની પ્રજ્ઞાચક્ષુ (અંધ) મહિલાઓની ક્રિકેટ ટીમે ઇતિહાસ સર્જ્યો. તેણે ફાઇનલમાં નેપાળની ટીમને સાત વિકેટે હરાવી. કપ્તાન દિપીકાએ મેચની પૂર્વ સંધ્યાએ બી.બી.સી.ને કહ્યું હતું : 'વી વોન્ટ ટુ મેક ઇટ ડબલ ધિસ મન્થ', એટલે કે અમે આ મહિને જીતને બેવડાવવા માગીએ છીએ.

પ્રજ્ઞાચક્ષુ મહિલાઓની જીત એટલા માટે પણ મહત્વની છે કે આપણા દેશના સમાજનો મોટો હિસ્સો દૃષ્ટિની (કે કોઈ પણ પ્રકારની શારિરીક કે માનસિક) ઊણપ ધરાવનારી વ્યક્તિઓ તરફ સહજસાધ્ય હોય તો અહંપોષક દયાનું, અન્યથા ઉપેક્ષા-નિષ્ક્રિયતાનું વલણ ધરાવે છે. આવી વૃત્તિનો બિલકુલ તરતનો દાખલો આ વર્લ્ડકપ છે - ચાર વાગ્યાના સુમારે આપણે વર્લ્ડ કપ જીત્યા. તે દરમિયાન, તેના પહેલાં અને તરત પછી માધ્યમોમાં તેનું કવરેજ તો લગભગ ન હતું. વળી આવી ઇવેન્ટ બની રહી છે, હોય છે, તેની ખબર પણ કેટલા લોકોને હતી? ત્યારથી માંડીને અત્યાર સુધી આ તેજસ્વી કામગીરીની નહીંવત્ નોંધ લેવાઈ છે.

પ્રજ્ઞાચક્ષુ ખેલાડીઓ પ્લાસ્ટિકના બનેલા અને અંદર નાખેલા છરાને કારણે અવાજ કરનારા સફેદ દડાથી અન્ડરઆર્મ બોલિંગથી રમે છે. ખેલાડીઓને ત્રણ વર્ગમાં વહેંચવામાં આવે છે. B1 વર્ગમાં fully blind એટલે કે પૂર્ણ અંધ; અને B2, B3 માં અંધાપાના પ્રમાણ મુજબના partially blind એટલે આંશિક રીતે અંધ ખેલાડીઓનો સમાવેશ થાય છે. B1 બેટર રન લેવા માટે રનર રાખી શકે છે અને દોડીને કરેલા દરેક રન માટે સ્કોરમાં બે રન ગણવામાં આવે છે.

દુનિયામાં પહેલી જ વાર રમાયેલા પ્રજ્ઞાચક્ષુ મહિલાઓ માટેના પ્રસ્તુત T20 World Cup નું આયોજન ભારત અને શ્રીલંકાએ સંયુક્તપણે કર્યું હતું. શ્રેણીનો આરંભ ૧૧ નવેમ્બરે નવી દિલ્હીમાં થયો. તેની મેચો બેંગલુરુમાં પણ થઈ અને ફાઇનલ મેચ રવિવાર ૨૩ નવેમ્બરની બપોરે કોલંબોમાં રમાઈ હતી. તેમાં ભારતની ટીમે પહેલી બોલિન્ગ પસંદ કરીને નેપાળની ટીમને વીસ ઓવરમાં પાંચ વિકેટ ખેરવીને ૧૧૪ રનમાં અટકાવી દીધી. ભારતે આ લક્ષ્ય માત્ર ૧૨.૫ ઓવરમાં ત્રણ વિકેટે હાંસલ કર્યું. ભારતીય ખેલાડીઓની મોટી ઉપલબ્ધિ એ પણ છે કે તેમણે શ્રેણીમાં ભાગ લેનાર દરેક ટીમને હરાવી છે. તેમાં શ્રીલંકા, નેપાળ, યુનાઈટેડ સ્ટેટ્સ અને ઑસ્ટ્રેલિયાનો સમાવેશ થાય છે.

ભારતની પ્રજ્ઞાચક્ષુ ખેલાડીઓ ગામડાં કે કસબાની છે, તે મોટે ભાગે ખેતી પર નભતાં કુટુંબોની છે અને છાત્રાલયોમાં રહીને ભણતર સાથે હજુ ગયાં બે-ત્રણ વર્ષમાં જ ક્રિકેટ રમતી થઈ છે. ઘણી ખેલાડીઓ ક્રિકેટ રમતી થઈ તેનો યશ શાળાના શિક્ષકો, સંસ્થાઓ અને રમતશિબિરોને આપી શકાય. ખેલાડીઓનાં રાજ્યો આ મુજબ છે : આસામ, આંધ્ર પ્રદેશ, ઓડીશા, કર્ણાટક, જમ્મુ-કશ્મીર, દિલ્હી, બિહાર, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર અને રાજસ્થાન. ટીમ મેનેજર શિખા શેટ્ટી માહિતી આપે છે કે મોટા ભાગની ખેલાડીઓ ગ્રામીણ વિસ્તારોની છે. ઘણા પરિવારો દીકરીઓનું રમતગમતમાં ભાગ લેવાનું પસંદ કરતા નથી. તદુપરાંત, પ્રજ્ઞાચક્ષુઓને બ્લાઈન્ડ ક્રિકેટના પાયાના નિયમો શીખવાડતા પણ સમય લાગે છે.

ટીમની કેપ્ટન આંધ્ર પ્રદેશની દિપીકા ટી.સી. છે કે તેણે બાળપણમાં એક અકસ્માતમાં આંખો ગુમાવી હતી. ખેડૂત કુટુંબની આ દીકરી વિશેષક્ષમ બાળકો માટેની શાળામાં ભણી. ત્યાં તેને રમતગમતની બાબતે શરૂઆતમાં ખચકાટ હતો, પણ શિક્ષકોએ ધીરજ ન છોડી. પછી છેક ઉપલા તબક્કે જેમિમા રોડરિગ્સ અને શુભમન ગિલે માર્ગદર્શન આપ્યું. દિપીકાએ કહ્યું હતું : 'આ ક્ષણ મારી અને ટીમની જિંદગીમાં સહુથી મહત્ત્વની છે. નવી મુંબઈમાં આ મહિનાની શરૂઆતમાં દેખતી મહિલાઓની ટીમ વર્લ્ડ કપ જીતી હતી. અમે આ મહિને જીતને બેવડાવવા માગીએ છીએ.' દિપીકાનું ઉમદાપણું એ છે કે જીત પછી તેણે ફરીથી એક વખત રાજ્યની સરકારને દક્ષિણ આંધ્રના સત્ય સાઈ જિલ્લાના તેના ગામ માટે સારો રસ્તો બનાવવા માટે અરજ કરી હતી. તેને સરકારે સવા છ કરોડ રૂપિયાની ફાળવણી સાથે મંજૂરી આપી.

વાઇસ-કેપ્ટન ગંગા કદમ મહારાષ્ટ્રની છે અને નવ ભાઈ-બહેનોમાંની એક છે. ખેડૂત પિતાએ તેને અંધશાળામાં મૂકી. ત્યાં તેને તદ્દન અમસ્તી જ ક્રિકેટ રમતી જોઈને સૂઝવાળા એક શિક્ષકે ક્રિકેટને ગંભીરતાથી લેવાનું તેને શીખવ્યું. તેની ગતિ ધીમી પણ મક્કમ હતી. અત્યારે ગંગા તેના પંથકની વિશેષક્ષમ છોકરીઓને રમતગમત તરફ દોરે છે. જમ્મુ-કશ્મીરની અનેખા દેવી જન્મજાત આંશિક દૃષ્ટિ ધરાવે છે. એવી જ ક્ષમતા ધરાવતા તેના કાકાએ અનેખાને શિક્ષણ પૂરું થયા બાદ દિલ્હીની એક તાલીમ શિબિરમાં મોકલી. ત્યાં શરૂઆતમાં તેણે અપાર મુશ્કેલી અને મૂંઝવણ અનુભવી. જોકે બે વર્ષ બાદ આખરે દેશની ટીમમાં સ્થાન પામી. તે ઇચ્છે છે કે તેને કોઈ રોલ-મોડેલ મળી ન હતી, અને આ અભાવ બીજા માટે ખુદના થકી દૂર થાય.

ફુલા સોરેન ઓડિશાના આદિવાસી સમુદાયની છે. અઢાર વર્ષની ફુલાએ પાંચ વર્ષની ઊંમરે આંખો અને મા બંને ગુમાવ્યાં. અંધશાળાના એક શિક્ષક થકી તે ક્રિકેટમાં પ્રવેશી. રમવાની મંજૂરી માટે પરિવારને સમજાવવો અને મેચો માટે મુસાફરી કરવી બંનેમાં તેણે પડકારોનો સામનો કર્યો. જે ટીમોમાં હતી તે ટીમોની જીત કરતાં દેશની ટીમમાં એને સ્થાન મળ્યું તેનું ફુલાને વધુ ગૌરવ છે. મધ્ય પ્રદેશની સુનીતા સરાઠે શાળામાં ક્રિકેટ રમતી ન હતી, કોલેજ પૂરી કર્યા પછી તે નોકરીઓ શોધતી હતી. તે દરમિયાન એક બહેનપણીના સૂચનને પગલે તે અંધજનો માટેના ક્રિકેટ કેમ્પમાં જોડાઈ. આ રમત તેને 'ઝડપી અને અટપટી' લાગી, છતાં તે આમાં મોડી જોડાઈ હતી એટલે વધુ તાકાત લગાવીને તૈયાર થઈ અને સહુથી ભરોસાપાત્ર ફિલ્ડર બની.



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

પ્રજ્ઞાચક્ષુ ખેલાડીઓ માટે ૧૯૯૬ સ્થપાયેલા World Blind Cricket Council (WBCC) નું મુખ્ય મથક લંડનમાં છે.તેમાં પચાસ ઓવરનો વર્લ્ડ કપ ૧૯૯૮માં,પહેલો T20 World Cup 2012માં અને હવે મહિલાઓ માટે T20 World Cup રમાયો. ભારતમાં Cricket Association for the Blind in India(CABI) 2011 માં સ્થપાયું. તે મહિલા ક્રિકેટ માટે આઠેક વર્ષ બાદ સક્રિય થયું. મહિલા ટીમ ૨૦૨૩ માં આંતરરાષ્ટ્રીય મેચ રમી અને એ જ વર્ષે બર્મિંગહામ ખાતે IBSA World Games માં સુવર્ણ ચન્દ્રક પણ લાવી. CABI ના વડા મહન્તેશે જણાવ્યું કે સંસ્થાને એમ થતું હતું કે પ્રજ્ઞાચક્ષુ મહિલા ખેલાડીઓને પણ પુરુષો જેટલી જ તક મળવી જોઈએ. તેમણે એ પણ માહિતી આપી કે, ટુર્નામેન્ટ યોજવાનું બહુ જ કપરું હતું, પણ અમે કોશિશો ચાલુ જ રાખી. હવે બધેથી ટેકો મળવા લાગ્યો છે - રાજ્ય સરકારો અને કેન્દ્ર, સ્પોન્સર્સ, કોર્પોરેટ વર્લ્ડ અને લોકો બધાં નોંધપાત્ર રસ લઈ રહ્યાં છે. ભવિષ્ય ઘણું ઊજળું છે. જીત બાદ પ્રજ્ઞાચક્ષુ ખેલાડીઓ માટે આન્ધ્ર પ્રદેશ, આસામ,ઓડિશા અને કર્ણાટક રાજ્યોએ અને એક કોર્પોરેટ કંપનીએ કેટલાક રૂપિયાના ઈનામ જાહેર કર્યા છે.

ભારતની મહિલા ખેલાડીઓની કબડ્ડી ટીમે મંગળવાર, ૨૫ નવેમ્બરે વિશ્વકપ જીત્યો. આપણી ખેલાડીઓએ ચાઇનીઝ તાઇપેની ટીમને ઢાકા ખાતે ૩૫-૨૮ સ્કોરથી હરાવી ને સળંગ બીજી વખત વિજેતા બની. આ પહેલાં ૨૦૧૨ માં બિહારના પટનામાં આપણી મહિલાઓએ ઇરાનને હરાવી ટ્રોફી હાંસલ કરી હતી. કપ્તાન નેગીના હાથમાં મેચની શરૂઆતમાં મોટી ઇજા થઈ, પણ ઉપકપ્તાન પુષ્પા સાથે સહુ ખેલાડીઓએ બાજી સંભાળી લીધી.આપણી ટીમે સ્પર્ધામાં ભાગ લેનાર તમામ અગિયાર દેશોની ટીમોને હરાવી. માર્ચ મહિનામાં એશિયા કપ પણ આ ટીમે જીત્યો હતો. રાજકીય નેતાઓ તેમ જ અનેક પૂર્વ ખેલાડીઓએ ટીમને અભિનંદન આપ્યા છે.પુરુષ ટીમના પૂર્વ કપ્તાન અજય ઠાકુરે કહ્યું કે આ જીત મહિલા કબડ્ડીની પ્રગતિ અને આ રમતની વિશ્વ સ્તરે લોકપ્રિયતા બતાવે છે. જાણીતા કોચ મનપ્રીત સિંગે ખેલાડીઓના ટીમ વર્કની પ્રશંસા કરીને કહ્યું કે 'ભારતીય ટીમના પૂર્વ ખેલાડી તરીકે મને ખબર છે કે આ જગ્યાએ પહોંચવું કેટલું અઘરું છે.'

પુરુષોની કબડ્ડીની રમત, તેનું રમતની દુનિયામાં સ્થાન, તેના ખેલાડીઓને થતી આવક અને તેમની કારકિર્દીનાં વર્ષો ધોરણસરનાં થતાં જાય છે એમ નિષ્ણાતોનું મંતવ્ય છે. વ્યાવસાયિક રમત માટે પુરુષોની પ્રો-કબડ્ડી લીગ છે. મહિલાઓની વ્યાવસાયિક લીગ નથી, તેમના માટેનો વર્લ્ડ કપ તેર વર્ષ બાદ રમાયો, આ બંને હકીકતો પાછળ મહિલા કબડ્ડીની વિશેષ ઉપેક્ષાની કહાણી છે.

ખૂબ ખેદની વાત છે કે મહિલા કબડ્ડી-વિજયના સમાચાર આપણા તમામ પ્રકારનાં માધ્યમોમાં નહીંવત્ આવ્યા છે. તેનાં કારણોમાં આપણા સમાજ તેમ જ માધ્યમોનો સંપત્તિ અને ગ્લેમરને કેન્દ્રમાં રાખતો અભિગમ હોવાનું ધારી શકાય છે. વળી, આપણા દેશના એક મોટા હિસ્સાનો દંભ અને તેનું મિથ્યાભિમાન પણ અહીં છતું થાય છે. છાશવારે આપણા દેશની જીવનરીતિ, પરંપરા, સંસ્કૃતિ અને દર્શનોની દુહાઈ દેવામાં આવે છે. તે બધાં ક્ષેત્રોની જેમ રમગમત બાબતે પણ ખોખલી જ હોય છે. આપણી ઘરઆંગણાની અને તળપદમાં રમાતી દેશી રમતોને સરકાર તેમ જ સમાજ દ્વારા નહીંવત્ સ્થાન-માન મળે છે. તેમાંય કિશોર-યુવાવર્ગને શબ્દશઃ આ દેશની ધરતીમાં પળોટીને તેનું ઘડતર કરનારી,શ્રમિક વર્ગોએ જીવંત રાખેલી,શરીર અને સૌષ્ઠવ સિવાયની કોઈ સાધન-સામગ્રીની જરૂર વિનાની,સહુ કોઈને પોષાય તેવી કબડ્ડીની રમતની આપણે ગુનાઈત ઉપેક્ષા કરી છે.પ્રસ્તુત કિસ્સામાં આ બેવડી ઉપેક્ષા છે - મહિલાઓની અને કબડ્ડીની. એટલે આપણી મહિલા ટીમની ખેલાડીઓ વિશે માધ્યમોમાં જૂજ માહિતી મળે છે. નામ આ મુજબ છે : રિતુ નેગી(કેપ્ટન), પુષ્પા રાણા(વાઇસ-કેપ્ટન), સંજુ દેવી, સોનાલી શિંગાટે, ભાવના દેવી, ચંપા ઠાકુર, સાક્ષી શર્મા, મીની નરવાલ, ધનલક્ષ્મી પૂજારી, રિતુ મેથારવાલ, રિતુ શેરોન. દરેક ખેલાડીના વતન અને તેની નિપુણતા વિશે thebetterindia.com વેબસાઈટમાં વાંચી શકાશે. તદુપરાંત મહિલા કબડ્ડી ખેલાડીઓના સંઘર્ષ વિશે બી.બી.સી અંગ્રેજીએ કરેલી એક સ્ટોરી અને બી.બી.સી. ગુજરાતીની એક વિડિયો સ્ટોરી મળે છે.

વર્ષ ૨૦૨૫ ની શરૂઆત ભારતની Under-19 મહિલા ટીમે બીજી ફેબ્રુઆરીના દિવસે કુઆલાલમ્પુરમાં દક્ષિણ આફ્રિકાને હાર આપીને મેળવેલા વર્લ્ડ કપથી થઈ. ટોસ જીતીને બેટિન્ગ પસંદ કરનાર દક્ષિણ આફ્રિકાની ટીમના ૮૦ રનની સામે ભારતની ટીમે માત્ર ૧૧.૨ ઓવર્સમાં એક વિકેટ ગુમાવીને ૮૪ રન્સ કર્યા. યુવતીઓએ આ વિજય જાન્યુઆરી ૨૦૨૩ માં ઇન્ગ્લેન્ડને હરાવીને વર્લ્ડ કપ જીત્યા બાદ સતત બીજી વખત મેળવ્યો છે. એ જ વર્ષમાં તેમણે એશિયા કપ પણ હાંસલ કર્યો હતો. પ્લેયર ઓફ ધ મેચ મેળવનાર ઑલ રાઉન્ડર જી.ત્રિશાએ ત્રણ વિકેટ લેવા ઉપરાંત ૩૩ બોલમાં ૪૪ રન પણ કર્યા હતા.ખેલાડીઓ આ મુજબ છે : નિકી પ્રસાદ, સાનિકા ચાળકે, ભાવિની આહિરે, ઇશ્વરી અવસરે, વી.જે.જોશીથા, જી.કમલિની, દ્રિથી કેસરી, આનંદિતા કિશોર, વૈષ્ણવી શર્મા, શબનમ શકીલ, આયુષી શુક્લ, પરાનિકા સિસોદિયા, ત્રિશા ગોનગાડી, મિથીલા વિનોદ, સોનમ યાદવ.

જે દેશના સમાજનો મોટો હિસ્સો હજુ અત્યંત પુરુષપ્રધાન છે, મહિલાઓ પર દર દસેક મિનિટે અત્યાચાર થાય છે, અનેક સમુદાયો હજુ ધર્મ-સંસ્કૃતિને નામે મહિલાઓને નિયંત્રણ-દમનનો ભોગ બનાવે છે - એ દેશની મહિલાઓ એક જ વર્ષમાં ચાર વખત રિપિટ ત્રીજી વખત વિશ્વ વિજેત્રી બને તે અ-પૂર્વ અને વંદનીય સિદ્ધિ છે. વિવિધ ક્ષેત્રોની આવી જાણી-અજાણી સિદ્ધિઓ મહિલાઓ તરફ જોવાના સમાજના દષ્ટિકોણને ઊજળો બનાવે તેવી આશા રાખવી અસ્થાને નહીં ગણાય.

**સંકલન : સંજય સ્વાતિ ભાવે**

---

**આત્માને જાણીએ...** (પાન ૪નું ચાલુ)

કોઈ પણ અંગ-ઉપાંગ જો કપાઈ જાય, તો મારા આ 'મારાપણા'માં કોઈ કમી આવતી નથી, કેમ કે મારો હાથ અથવા આંખ એ 'હું' નથી. બુદ્ધિની પણ આવી જ વાત છે. આજકાલ મારી યાદશક્તિ કામ આવતી નથી - આ બાબતે હું કોઈ ડૉક્ટરને ફરિયાદ કરું છું. હવે આ સ્મરણશક્તિ અથવા તો બુદ્ધિની ન્યૂનતાને કોણ જાણે છે - સમજે - ઓળખે છે ? તે કોણ છે ? સ્પષ્ટ જ છે કે તે તત્ત્વ મારી બુદ્ધિથી અલગ છે.

(ક્રમશઃ)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# 'જે પોષતું તે મારતું'

**વિ**શ્વભરમાં પ્રદૂષણ ઘટાડવા માટે કેટલીક આંતરરાષ્ટ્રિય સમજૂતીઓ થઈ છે. મોટા ભાગના દેશો તેનું પાલન કરતા નથી. દરેક પ્રકારના પ્રદૂષણની માત્રા ચિંતાજનક સ્તરે પહોંચી છે, તે પાણી હોય, જમીન હોય કે હવા હોય. જ્યાં રણ છે ત્યાં પૂર પહોંચ્યાં છે. નદીઓ ગાંડીતૂર બને છે. સમુદ્ર ધીરે ધીરે આગળ વધી રહ્યો છે. ગુજરાતમાં ૧૬૦૦ કિ.મી. દરિયો હોવાનું કહેવાતું હતું. હવે તેનો વિસ્તાર ૨૩૦૦ કિ.મી. થયેલ હોવાનું કહેવાય છે. ચાર ધામ રૂટ પરના વિસ્તારોમાં પહાડની શિલાઆ તૂટે છે. આ બધાં પરિણામો ભયાવહ છે. ૪૩ થી ૪૫ સેલ્સિયસ ડિગ્રી હવે સામાન્ય બની ગઈ છે. દેશની રાજધાની હવે વિશ્વનાં સૌથી પ્રદૂષિત શહેરોમાંની એક બની છે.

દિલ્હીમાં હજારો નાગરિકો, માતાઓ, યુવાનો તા. ૯-૧૧ના રોજ ઇન્ડિયા ગેટ પાસે હાથમાં બેનરો તેમ જ કાંખમાં બાળકોને તેડી વિરોધ કરવા સ્વયંભૂ એકઠાં થયાં. માતાઓએ વિરોધ કર્યો કારણ કે બાળકોને શ્વાસ લેવામાં મુશ્કેલી અનુભવાઈ રહી છે. પત્રકારો વિરોધ કરવામાં આગળ આવ્યા કારણ કે તેમને પણ આ તકલીફનો અનુભવ થઈ રહ્યો છે. નાગરિકો આવ્યા કારણ કે રાજ્યનું મૌન અને નિષ્ક્રિયતા હવે જીવલેણ બની રહી છે. કોઈ વિરોધ પક્ષે કે સ્વૈચ્છિક સંસ્થાએ વિરોધમાં જોડાવા આમંત્રણ આપેલ ન હતું. દિલ્હીવાસીઓને હવે લાગી રહ્યું છે કે શ્વાસની મુશ્કેલીના કારણે જીવન જીવવાનું કૌવત હવે તેઓ ગુમાવી રહ્યા છે.

દર શિયાળે દિલ્હીમાં આ સ્થિતિ પેદા થાય છે. રાજ્ય કટોકટી જાહેર કરે છે. સ્થાનિક સરકાર અને કેન્દ્ર સરકાર સાથે મળી પડોશી રાજ્યમાં પરાળી બાળવાનો તેમજ ફટાકડાથી પેદા થતું પ્રદૂષણ કારણભૂત જણાવે છે. પાણી છંટકાવ, વાહન નિયંત્રણ, બાંધકામ પ્રવૃત્તિ પર બંદી, કૃત્રિમ વરસાદ જેવાં પગલાં પ્રદૂષણ ઘટાડવા માટે લેવામાં આવે છે. પરંતુ તે અપૂરતાં છે. દર વર્ષે આ કર્મકાંડ અપનાવાય છે. સરકાર સ્થિતિમાં સુધારની જાહેરાત કરે છે. પણ આ માત્ર દેખાડો છે. દર વર્ષે પેદા થતી આ ગૂંગળામણની સ્થિતિ નિવારવા સરકાર સક્ષમ હોવા છતાં, સરકાર ગંભીર ન હોવાના કારણે કાયમી ઉકેલ આવતો નથી.

સૌથી પહેલાં એ સમજવાની જરૂર છે કે આ માત્ર પર્યાવરણીય સમસ્યા નથી, આ આરોગ્ય કટોકટી છે. આપણી પાસે નિષ્ણાતોનું બનેલ આરોગ્ય વિષયક કોઈ આયોગ નથી. આપણી પાસે સ્વચ્છ હવા, પાણી, જમીન જાળવવાનાં ધોરણો નિયમો ચોક્કસ હોવાં જોઈએ. એક તરફ યમુના નદીના કિનારે પ્દૂષણ ફેલાવતા ધાર્મિક કે સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાય છે અને પછીથી દંડ ફટકારાય છે. આવા કાર્યક્રમનાં આયોજનમાં તંત્રની સામેલગીરી હોય છે. આ સ્વીકાર્ય અને સરળ છે.

દિલ્હીમાં જ નહીં, દેશનાં નાનાં-મોટાં ગામ અને શહેરોમાં રોજીરોટી માટે કરોડો લોકો એક સ્થળેથી બીજાં સ્થળે આવાગમન કરતા હોય છે. તેમાં લાખો લોકો સરકારી કર્મચારીઓ કે ખાનગી કારખાનાંઓના કારીગરો હોય છે. તેમની હેરાફેરી માટે જાહેર પરિવહન વ્યવસ્થા અપૂરતી અને અસુવિધાજનક હોવાથી, દ્વિચક્રી તેમજ ચારચક્રી વાહનોમાં અભૂતપૂર્વ વધારો થાય છે. વાહન ખરીદી માટે બેંકલોન આપવાનું બંધ કરી જાહેર પરિવહન વ્યવસ્થા મજબૂત બનાવવી જોઈએ.

પર્યાવરણ પ્રદૂષણનો વિરોધ કરી રહેલ નાગરિકોએ પોલીસની જોહુકમી સામે પણ વિરોધ કર્યો હતો. પોલીસે અવર-જવર કરી દેખાવો અટકાવવા અભેદ્ય દીવાલ ખડી કરી હતી. ૯ વર્ષના બાળકની માતાએ એક ઇન્ટરવ્યુમાં કહ્યું કે પોલીસનું વર્તન દેખાવકારો તરફ અસંવેદનશીલ હતું. પ્રદૂષણ રોકવા માટે લેવામાં આવતાં અધકચરાં પગલાં નિષ્ફળ હોવાથી જાહેર નાણાંનો બગાડ પણ થાય છે. આ બગાડની જવાબદારી કોઈ તંત્રના કોઈ અધિકારીની નથી. જવાબદારીના તત્ત્વનો અભાવ સર્વત્ર નજરે દેખાય છે.

સ્વચ્છ હવા રાજ્યની દયા કે મહેરબાની નથી. તે રાજ્યની ગંભીર જવાબદારી છે. પારદર્શિતા અને જવાબદારી સાથે રાજ્યે આ ફરજ નિભાવવી જોઈએ. દરેક નાગરિકને સ્વચ્છ હવા, પાણી પૂરાં પાડવા રાજ્યની બંધારણીય જવાબદારી હેઠળ છે. નાગરિકના ગૌરવપૂર્વક જીવન જીવવાના મૂળભૂત અધિકારનો આ ઉઘાડો ભંગ છે. જો આ સ્થિતિ વધુ સમય ચાલુ રહેશે તો દિલ્હીમાંથી હિજરત શરૂ થતાં વાર નહીં લાગે. હાલમાં પણ કુટુંબોમાંથી વૃદ્ધજનો પોતાનાં વતન-ગામ તરફ પ્રયાણ કરી રહ્યાં છે. સ્વચ્છ હવા લેવાની સાથે જીવન જીવવાના અધિકારનો પ્રારંભ થાય છે.

**- પ્રો. અશ્વિનકુમાર ન. કારીઆ**

**નવસ્થાનિકોનો ઉદય...** (પાન ૧૦નું ચાલુ)

ધીરે-ધીરે ઘટાડતા જઈએ તો ભારતના ઉદ્યોગની નિકાસમાં સારો લાભ પણ થઈ શકે. એકંદરે આ નવી રમત ચાલી રહી છે, જોવાનું એ રહેશે કે વેપારના નિયમો આ સમયમાં આપણા લોકોને અને પૃથ્વીને ફાયદાકારક રહેશે કે નુકસાન કરશે.

એક રીતે કહીએ તો આ પુસ્તક કર્મશીલ સંશોધક, લેખક અને નિરીક્ષક તરીકેના મારા ઘણાં વર્ષોના અનુભવોનો સમુચ્ચય છે કે સંગ્રહ છે. મેં પશ્ચાત્ વસાહતી સમયમાં વૈશ્વિકીકરણનાં વળતાં પાણી જોયાં છે. લોકશાહી અને વિવિધતાના સિદ્ધાંતોના આધારે થતો રહેલો વૈશ્વિકીકરણનો ઉદય પણ મેં જોયો છે. આજે હવે વૈશ્વિકીકરણથી વિપરીત વાત અને તેની નવેસરથી ગોઠવણીની વાત થઈ રહી છે. શક્ય છે કે આવી સ્થિતિમાં પ્રત્યેક રાષ્ટ્ર પોતાનો નવો માર્ગ કંડારશે. આ સ્થિતિ સંપૂર્ણ રીતે અનિચ્છનીય છે એમ તો નહિ કહી શકાય.

**- સુનીતા નારાયણ**

(ક્રમશ:) **અનુ. ડંકેશ ઓઝા**



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# કુપોષિત અને મેદસ્વી બાળકોનું સહિયારું ભારત

**યુ**નિસેફનો સપ્ટેમ્બર, ૨૦૨૫માં પ્રકાશિત અહેવાલ વિશ્વભરનાં બાળકો માટે ચેતવણીરૂપ છે. બાળકોનાં માબાપ અને શિક્ષકોએ આ અહેવાલ વાંચી-સમજી લેવા જેવો છે. Feeding Profit : How food Environment Are Failing Children નામનો અહેવાલ ૫ થી ૧૯ વર્ષનાં બાળકો અને કિશોર કિશોરીઓમાં વધતા જતા મેદસ્વીપણાનાં પ્રમાણ અને કારણોની ચર્ચા કરે છે. 'બિનઆરોગ્યપ્રદ ખોરાકના વાતાવરણ'માં જીવી રહ્યાં હોવાને પરિણામે આજે વિશ્વમાં ૫ થી ૯ અને ૧૦ થી ૧૪ વર્ષનાં બાળકોમાં સૌથી વધુ જાડાપણું જોવા મળે છે. આંકડા જોઈએ તો સમજાશે કે આ સ્થિતિ કેટલી અને કેવી ચિંતાજનક છે.

**વિશ્વમાં મેદસ્વી બાળકો : સંખ્યા અને ટકાવારી**

| વયજૂથ | સંખ્યા | ટકા |
|---|---|---|
| ૦-૪ વર્ષ | ૩૫ મિલિયન | ૬ ટકા |
| ૫-૯ વર્ષ | ૨૧ મિલિયન | ૨૧ ટકા |
| ૧૦-૧૪ વર્ષ | ૧૪૧ મિલિયન | ૨૧ ટકા |
| ૧૫-૧૯ વર્ષ | ૧૯૩ મિલિયન | ૧૦.૩ ટકા |

(સંદર્ભ : યુનિસેફ અહેવાલ, સપ્ટેમ્બર, ૨૦૨૫)

બાળકો કેમ જાડાં થતાં જાય છે તેનાં મહત્ત્વનાં કારણો વિશે આ અહેવાલ સ્પષ્ટ કરે છે કે ખાવાપીવાના ચેઈન આઉટલેટ્સ અર્થાત્ ઠેર ઠેર વધી રહેલી બિનઆરોગ્યપ્રદ ખાણીપીણીની દુકાનો, સુપરમાર્કેટને કારણે બાળકોને એ હાથવગાં બની રહે છે. વળી સતત જાહેરાત દ્વારા બાળકોમાં આ પ્રકારનાં ખોરાક અને પીણાંનું આકર્ષણ પેદા થાય છે. દક્ષિણ એશિયાના આઠ દેશોમાં શાળાની આસપાસ ફળો અને શાકભાજીના સ્થાને ફાસ્ટફૂડ અને પીણાં વધુ ઉપલબ્ધ છે. ૨૦૨ દેશોની માહિતી ચકાસતાં સ્પષ્ટ થયું કે તેમાંના માત્ર ૧૮ ટકા દેશોમાં જ શાળાના ભોજનમાં નિયમ પ્રમાણેના આરોગ્યપ્રદ ખોરાક પીરસવામાં આવે છે. અને માત્ર ૧૯ ટકા દેશોમાં જ જંકફૂડ કે ગળ્યાં પીણાં પર ભારે ટેક્સ નાખવામાં આવે છે.

ભારતમાં મેદસ્વી બાળકો વિશેના વર્ષ ૨૦૨૩ના પ્રકાશિત અભ્યાસમાં વર્ષ ૨૦૦૩ થી ૨૦૨૩ સુધીનાં ૨૧ સંશોધનોનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું જેમાં ૧,૮૬,૯૦૧ બાળકોની માહિતીનું વર્ગીકરણ કરતાં અંદાજવામાં આવ્યું હતું કે ૮.૪ ટકા બાળકો મેદસ્વી હતાં. છોકરીઓ કરતાં છોકરાઓમાં આ પ્રમાણ વધુ જોવા મળ્યું. સરકારી શાળાઓમાં ભણતાં બાળકો કરતાં ખાનગી શાળાઓમાં ભણતાં બાળકો પર મેદસ્વિતાનું જોખમ વધુ હતું. નોકરી કરતી માતાઓનાં બાળકોમાં નોકરી ન કરતી માતાઓના બાળકો કરતાં આ જોખમ વધુ હતું. વળી જો બાળકોના પરિવારમાં મેદસ્વિતાનો વારસો હોય તો બાળકો જાડાં થઈ જવાની શક્યતા વધુ.

એક તરફ જાડાં થતાં બાળકોનું ભારત છે તો તેને સમાંતર કુપોષિત બાળકોનું ભારત પણ છે. ગરીબાઈનું એ પ્રતીક છે. બાળમૃત્યુ પ્રમાણ અને માતામૃત્યુ પ્રમાણ પણ મહદ્ અંશે કુપોષણ સાથે સંબંધિત છે. બાળકોમાં કુપોષણ એટલે શું એ સમજવા જુદા જુદા પ્રકારનાં બાળકોને સમજીએ (૧) Stunting. ઉંમરની તુલનાએ આવાં બાળકો ઘણાં નીચાં કે ઠીંગણાં હોય છે કેમ કે લાંબા સમયથી તેઓ અપૂરતો ખોરાક લે છે, ભારતમાં આવાં બાળકોનું પ્રમાણ ૩૬ ટકા છે (૨) Wasting. ઊંચાઈની તુલનાએ જે બાળકો ખૂબ પાતળાં હોય. ૬ ટકા બાળકો આવાં છે (૩) Underweight. ઉંમરની તુલનાએ બાળકોનું વજન ઓછું હોય, જેઓનું પ્રમાણ દેશમાં ૧૭ ટકા છે. નેશનલ ફેમિલી હેલ્થ સર્વે (૨૦૧૯- ૨૧) પ્રમાણે પાંચ વર્ષથી નાનાં બાળકોમાં ૩૫.૫ ટકા બાળકો stunted અને ૧૯.૩ ટકા wasted હતાં. ભારત સરકાર આઇ.સી.ડી.એસ. અને પોષણ અભિયાન દ્વારા બાળકોમાં કુપોષણ દૂર કરવા સક્રિય છે.

સાભાર : ફૂલછાબ — **ગૌરાંગ જાની**

---

ઈન્ડિયા જેન્ડર રિપોર્ટ... (પાન ૧૭નું ચાલુ)

પગલાઓ સૂચવે છે. પ્રકરણ ૨૩માં તીમોથી ગોનસાલવિસ ઉચ્ચ શિક્ષણનાં મહિલાઓનાં ખેડાણો અને અડચણોને દષ્ટિમાન કરે છે. પ્રકરણ ૨૪ માં સરોજિની ગંજુ લિંગભાવી કૌશલ્ય વિકાસ અંગે છણાવટ કરે છે તદુપરાંત દલિત નારીવાદી ચળવળ, કિન્નર સમાજની જમીની વાસ્તવિકતા વિષે માયન સૌરવ વર્મા અને રીતુપર્ણા બોરા અને દિવ્યાંગ જનો પર આચરાતી લિંગઆધારિત હિંસા વિષે ઐશ્વર્યા રાજીવ પ્રશ્નોને વાચા આપે છે અને સરકારની જવાબદારી અને ન્યાયનિષ્ઠાની માંગણી કરે છે.

સામૂહિક પ્રયાસોથી તૈયાર થયેલ આ દળદાર અહેવાલ ત્રણ પેઢીના લેખકોને એકસૂત્રે બાંધીને ભારતીય નારીના પડકારો અને લિંગભાવી સમસ્યાઓની ઝાંખી કરાવે છે અને પરિસ્થિતિ સુધારવા માટે કટિબદ્ધ થવાની પ્રેરણા આપે છે.

**- ડૉ. વિભૂતિ પટેલ**

**સહુ વાચક મિત્રોને ૧ જાન્યુઆરી ૨૦૨૬થી શરૂ થતા નવા વર્ષની હાર્દિક શુભેચ્છાઓ.....**


**ભૂમિપુત્ર**

હુજરાતપાગા, વડોદરા-૩૯૦ ૦૦૧ ફોન : ૦૨૬૫-૨૪૩૭૯૫૭, મો. ૯૦૧૬૪ ૭૯૯૮૨

સંપાદક : **રજની દવે**

સં. મંડળ : **સ્વાતિ • પારુલ**

દર માસની તા. ૧ અને ૧૬મીએ પ્રસિદ્ધ તથા પોસ્ટ થાય છે.

વાર્ષિક લવાજમ રૂ.૨૦૦

આજીવન અનામત રૂ.૨૫૦૦. વિદેશમાં વાર્ષિક લવાજમ (ઍરમેલ) રૂ.૨૦૦૦

લવાજમની રકમ મનીઑર્ડર, ડ્રાફ્ટ કે એટપારના ચેક દ્વારા અથવા યજ્ઞ પ્રકાશન સમિતિના **બૅંક ઑફ બરોડા,** માંડવી, વડોદરાના ખાતા નંબર **૦૧૯૨૦૧૦૦૦૩૦૫૯૧** **IFSC Code : BARB0LAHERI** માં પણ જમા કરાવી શકો છો. ચેક/ડ્રાફ્ટ **'યજ્ઞ પ્રકાશન સમિતિ'**ના નામનો મોકલવો. ખાતામાં પૈસા જમા કરાવ્યા બાદ આપનું નામ-સરનામું તથા પૈસા ભર્યાની સ્લીપ કાર્યાલય ઉપર મોકલવા વિનંતી.




YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

'Bhumiputra' Fortnightly Published & Posted at Vadodara RMS on 01-01-2026 R.N.I. No. 1683/57

# એક પિતાનું નૃત્ય

**સાં**જના સમયે નંદુ પોતાની નાનકડી કુટિરના ઓટલા પર બેઠો બેઠો ગાઈ રહ્યો હતો, 'સોવત પિયા કો જગાવે હો રામા, કોયલ બડી પાપી'.

પોતાની ધૂનમાં ગાઈ રહેલા નંદુને ખબર જ ન પડી કે ક્યારે એના બંને દીકરા જગત અને ભરત આવીને એનો કબાટ ફેંદવા લાગ્યા હતા. ભરતે ઘૂંઘરુની જોડ કાઢીને બહાર ચોકમાં ફેંકી. જગત હારમોનિયમ ઊંચકી લાવ્યો, સાથે મંજીરા પણ હતાં. બધી ચીજોનો વચ્ચોવચ ખડકલો કરીને બેઉએ આગ ચાંપી. પ્રાણપ્યારી વસ્તુઓને આમ બળીને ભસ્મ થતી જોઈ નંદુનો આત્મા કકળી ઊઠ્યો, પણ એ બંને દીકરાઓથી એટલો ગભરાતો હતો કે એના મોંમાંથી એક શબ્દ પણ ન નીકળ્યો. બાપની કમાણીમાંથી વસાવેલી સ્કોર્પિયોમાં બેસીને બેઉ હસતાં હસતાં નીકળી ગયા અને નંદુ ચૂપચાપ જોતો રહ્યો. આગની જ્વાળાઓ વચ્ચે એ પોતાના બચપણના દિવસો જોઈ રહ્યો.

''નંદુ, આ ભેંસ પર બેસીને તું તારી મસ્તીમાં ગાતો હોય ને ત્યારે એવું લાગે છે કે, જાણે અકબર રાજાના દરબારમાં તાનસેન ગાઈ રહ્યો હોય!''

''હા બાપુ, મને ગાવું ને નાચવું બહુ ગમે.''

ગાવાનું તો ઠીક પણ દીકરાનો નાચવાનો શોખ મા-બાપને જરાય પસંદ નહોતો. એટલે જ નંદુ એક દિવસ ઘર છોડીને નીકળી પડેલો. એક નાટક મંડળીનો ભેટો થઈ ગયેલો અને માલિકે એને નોકરીએ રાખી લીધેલો. એક દિવસ અરીસા સામે લટકા-મટકા કરીને નાચી રહ્યો હતો એ જોઈને માલિકે ખુશ થઈને કહેલું, ''વાહ નંદુ, તું તો એવી સરસ કમર લચકાવે છે કે, જાણે કોઈ નાચનારી જ જોઈ લો.''

''હવેથી તારે બાઈડીઓનાં કપડાં પહેરીને નાચવાનું. સમજ્યો?''

નંદુને કશો વાંધો નહોતો. નાચવું તો એનું મનગમતું કામ હતું. એનો નાચ જોઈને જુવાનિયા આફ્રીન પોકારી જતા. એમાંય જ્યારે રામશરણ બાબુની દીકરીનાં લગ્નમાં ચૂડીદારની ઉપર દુપટ્ટો ઓઢીને એણે 'ઈન હી લોગોં ને લે લીના દુપટ્ટા મેરા' પર ડાન્સ કર્યો ત્યારે લોકોએ એને મીનાકુમારીનું નામ આપી દીધું અને ત્યારથી એની પાર્ટી 'મીનાકુમારી ડાન્સ પાર્ટી'ના નામથી પ્રખ્યાત થઈ ગઈ. નંદુનું નૃત્ય જોવા લોકો દૂર દૂરથી આવતા અને મોં માગ્યા દામ આપતા. કમાલ તો ત્યારે થઈ જ્યારે લોકો કાલી માતા સમક્ષ માનતા લેવા લાગ્યા કે જો એમની મનોકામના પૂર્ણ થશે તો 'મીનાકુમારી'ના નૃત્યનો કાર્યક્રમ રાખશે. નંદુની વધતી જતી પ્રસિદ્ધિ જોઈને માસ્ટરજીએ પોતાની દીકરીનાં લગ્ન એની સાથે કર્યાં. નંદુનું નામ અને કામ બંને વધતાં જતાં હતાં, સાથોસાથ એનો સંસાર પણ વિસ્તરવા લાગ્યો.

ભરત અને જગત પછી રાગિણીનો જન્મ થયો. બાળકો નાનાં હતાં ત્યાં સુધી તો બાપાને સૌ 'મીનાકુમારી' કહીને બોલાવે તો ખુશ થતાં પણ જેમ જેમ મોટાં થતાં ગયાં અને શાળામાં મિત્રોની મજાકનું સાધન બનવા લાગ્યાં તેમ બેઉ દીકરાઓ બાપને નફરત કરવા લાગ્યા.

''હવે બંધ કરો આ બાઈડીઓનાં કપડાં પહેરવાનું અને લાલી-લીપસ્ટીક લગાવવાનું. અમને શરમ આવે છે.'' એમાંય બેઉનાં લગ્ન થયાં અને સૌને જોડીને રાખનારી માએ વિદાય લીધી પછી તો બાપનું મોં જોતાં જ એમની આંખોમાં ખુન્નસ ઊભરાતું. રાગિણીનાં લગ્ન માટે મુરતિયા જોવાની શરૂઆત થઈ પણ જ્યારે બધી બાજુથી નકાર આવવા લાગ્યો અને એક જ જવાબ સંભળાવા લાગ્યો કે, 'આવા નાચકણા બાપની દીકરી લેવા કરતાં છોકરાને કુંવારો રાખવો સારો.' ત્યારે બંને ભાઈઓ ભુરાયા થયા, ''કાં તો તમે નાચવાનું છોડો નહીંતર ઘર છોડો.'' અંતે પોતાની જાત નિચોવીને બનાવેલા બંગલામાંથી નીકળીને નંદુ ખેતરમાં કુટિર બનાવીને રહેવા લાગ્યો, પણ નૃત્યને તો એ પોતાનાથી અલગ કરી જ ન શક્યો.

આજે ભરત અને જગત એમ કહીને રાગિણીનું નક્કી કરી આવ્યા હતા કે, અમારાં મા-બાપ નથી. બહેનને અમે બે ભાઈઓ જ સાચવીએ છીએ અને અમે જ એનું કન્યાદાન કરીશું. ત્યાંથી સીધા બંને નંદુ પાસે આવ્યા અને એને કહ્યું, ''ખબરદાર જો ક્યાંય તમારી ઓળખાણ આપી છે તો! આજથી તમે અમારે માટે સ્વર્ગવાસી થઈ ગયા છો.''

ભીની આંખે નંદુ આ સ્વાર્થભર્યા સંબંધોને જોઈ રહ્યો. રાગિણીને જોકે, મનમાં ઘણું ખટકતું હતું, પણ ભાઈઓની ધમકી અને પોતાનું ભવિષ્ય એ બે વાત સામે લાચાર થઈને એણે મોઢું સીવી લીધું. રાગિણીનાં લગ્નની તૈયારી શરૂ થઈ ગઈ હતી.

બેઉ ભાઈઓ વેવાઈને ઘરે વહેવારની વાત કરવા ગયા હતા. ત્યાંથી અચાનક સ્કોર્પિયો નંદુના ઘર પાસે લાવીને ઊભી રાખી. નંદુ પોતાની મસ્તીમાં ઈશ્વર સ્મરણ કરી રહ્યો હતો. સંતાનોએ તો પોતાને સ્વર્ગવાસી બનાવી દીધો હતો એ આજે કેમ અહીં આવ્યા હશે? એ આગળ વિચારે એ પહેલાં ભરત બે હાથ જોડીને કહેવા લાગ્યો, ''બાપુ, અમે તમને ન કહેવાના શબ્દો કહ્યા. અમને માફ કરો.''

''બાપુ, આજે અમને તમારી કિંમત સમજાઈ. રાગિણીના વડ સસરાએ કહ્યું કે, અમારી એક શરત છે કે, લગ્નના આગલા દિવસે 'મીનાકુમારી'નો નાચ રાખવો પડશે, તો જ અમે લગ્ન કરીશું. આ છોકરાનો જન્મ થયો ત્યારે એની દાદીએ માનતા માનેલી કે, એના લગ્ન વખતે 'મીનાકુમારી પાર્ટી'નો જલસો રાખીશું. બાપુ, હવે તો તમારે નાચવું જ પડશે. અમારી ભૂલ થઈ છે પણ એની સજા રાગિણીને ન કરશો. અત્યારે જ અમારી સાથે ઘરે ચાલો.''

''ઘર? કયું ઘર? જે ઘરમાંથી મને ધક્કા મારીને કાઢ્યો હતો એ ઘરને મારું કહું એટલો બેશરમ હું નહીં થઈ શકું, અને હા, મારા ઘૂંઘરુ તમે સળગાવી દીધા એની સાથે જ 'મીનાકુમારી' પણ બળીને રાખ થઈ ગઈ.''

''બાપુ, અમારી ભૂલનું પરિણામ રાગિણી શા માટે ભોગવે? શું તમને દીકરી વહાલી નથી?''

''કોણ દીકરા ને કોણ દીકરી? બધા સંબંધોના નામનું મેં તે દિવસે જ નાહી નાખ્યું હતું. હવે તો 'ભલું થયું ભાંગી જંજાળ, સુખે ભજશું શ્રી ગોપાળ' એ જ રટણ મારા મનમાં રાત-દિવસ ચાલે છે. જાવ, મને મારી મસ્તીમાં રહેવા દો. મહેરબાની કરીને હવે ફરીથી અહીં પગ ન મૂકશો.''

નંદુ પીઠ ફેરવીને કુટિરમાં જતો રહ્યો ને દીકરાઓ વીલે મોઢે સ્કોર્પિયો તરફ ચાલવા લાગ્યા.

(આશુતોષની ભોજપુરી વાર્તાને આધારે) – આશા વીરેંદ્ર

ગુજરાત સર્વોદય મંડળની યજ્ઞ પ્રકાશન સમિતિ વતી રજની દવેએ ભૂમિપુત્ર કાર્યાલય, હુજરાતપાગા, વડોદરા ૩૯૦ ૦૦૧થી પ્રકાશિત કર્યું. મુદ્રણસ્થાન : જવનિકા પ્રિન્ટર્સ, વડોદરા-૧૮. પ્રત : ૨૯૦૦
Printed and Published by **Rajani Dave** on behalf of **Yagna Prakashan Samiti**, Published from Bhoomiputra Karyalaya, Hujaratpaga, Vadodara
Printed at Javanika Printers, 3-Laxmi Estate, Bahucharaji Road, Vadodara - 390 018. Editor : **RAJANI DAVE**

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org